

મા અને બાળક • શિલ્પી : શકુન્તલા દીવાનજી

કુમાર

તંત્રી · બચુભાઈ રાવત

અંક · ૨૬૩ આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનું અગ્રણી માસિક · સંસ્થાપક · રવિશંકર રાવળ · નવેમ્બર ઈ.સ.૧૯૪૫



વિસામો

ચિત્રકાર · સોમાલાલ શાહ

કુમાર
નવેમ્બર ૧૯૪૫
અંક ૨૬૩

પ્રકાશન તા. ૧૯-૧૧-૧૯૪૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો તથા પ્રકીર્ણ

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં શિ. ૧૨; છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ : મુંબાઇમાં (૧) આર. આર. શેઠની કં. (૨) એન એમ. ત્રિપાઠી લિમિટેડ તથા (૩) રાવળ બ્રધર્સ, પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. રાવપુરા; કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ; કરાચીમાં ભારત ભંડાર, પ્રિન્સેસ સ્ટ્રીટ.



ફિરદૌસી (ઈરાનના મહાકાવ્ય શાહનામાના કર્તા એ કવિનો પરિચય આ અંકમાં વાંચો) ચિત્રકાર: રવિશંકર રાવળ



મીણબત્તી

· પૃથ્વી ·

નિરંતર જળી રહી અવર કાજ એ જીવને,
ગૃહે, વિમલ મંદિરે, તિમિરપુંજને બાળતી;
પ્રકાશ પરને દઇ, જિવન આપીને જીવતી,
જગે મધુર સ્વાર્પણે જીવનકાવ્ય મૂકી જઇ.

અસંખ્ય કલહો થકી તિમિરઆવર્યા વિશ્વમાં,
સદા મતલબી બની મનુજવૃન્દ કૈં ઘૂમતાં
જળે છ નિજ સ્વાર્થના અટલ કોઈ દાવાનલે,'
વદે ફરકતી પછીઃ 'અવર કાજ શેં ના જલે?'

સદૈવ હસી પૂછતી નિરવધિ મહાકાલથી,
સુવર્ણમય જીભથી મનુજમાત્રને ઉંબરે;
પડે બધિર કાનમાં તદપિ એહ પ્રશ્નો બધા,
અને તિમિરજાળના અવનવા વધે કોયડા!



અચેતન ચીજો તણી પ્રકટ આવી કર્મણ્યતા,
નહીં મનુજમાં જળે અખિલ વિશ્વ ઉજાળવા?

રતિલાલ છાયા

દલીલના દામ

· પૃથ્વી ·

બધાં જ ઘરમાં બીમાર, ખરચાતણી દાઝમાં
ગીરો જણુસ મૂકીને હું જલતો હતો વ્યાજમાં.
સચિંત કરું સારવાર, ઉરમાં હસે યાતના,
કરી કરજ, ને લઇ દ્રમ, જતો હતો રાતના.
વિદગ્ધ તહીં કોક મિસ્કીન રહ્યો મને આંતરી,
અને નજર મારી યાચકહથેળીમાં નાંગરીઃ
ફૂલેલ નસ, દેહ જર્જરિત. ધ્રૂજતી હડ્ડપચી
નિહાળી, સમજ્યો, દીધું ન કંઇ, ને ગયો હચ્મચી!

નથી હું ખુદગર્જ, હાલત થઇ છ હૈયારખી,
અનેક બખિયાથી વિદ્ધ મુજ જિન્દગી યે દુઃખી.
દલીલ થકી દીધ મૈં ફગવી ફર્જ દિલસોજને,
છતાં મુજ નકાર એ ય મુજ ફર્જ જેવો જ ને?
ઉદાર પણ કેટલું મનુજહૈયું આ થૈ શકે?
છતાં મનુજનું જ હૈયું અનુદાર શે થૈ શકે?

વેણીભાઈ જ. પુરોહિત

નવા વર્ષે

· વસંતતિલકા ·

વીત્યા અનેક દિવસો; અવ સાંભરે શે!
વેરાઈ જે સમયની ઘટિકાની વેળુ
રૂહેશે કહીંથી કર-છિદ્ર મહીં કણો એ!

તડકો શાળો, સુખદુઃખોની પુરાણ ગાથા
વર્ષો તણી નિયતિચક્રની સાથ ચાલે,
અંભોધિ આ સમયનો ડુબવી દીએ જે.

વર્ષાન્તરે પ્રતિપદા નવવર્ષની આ
આવે પુનઃ, ઉરમહીં નવ ભાવનાના
પૂર્ણેન્દુદર્શનની આશ જગાવી જાએ.

ને એમ એ પ્રતિપદાશુકનોની પૂંઠે
જોવી ઉગી ઉડુગણે બીજ-ચંદ્ર-રેખા
પૂર્ણે-દુદર્શનની આશ વધારતી ત્યાં!

સ્વપ્નાર્થી, ઓ! નૂતન સૃષ્ટિની કામનામાં
પૂર્ણેન્દુની અધુરી એક કલાની ઝાંખી
થાતાં સુધન્ય નિજને ગણતો, અભાગી!

જાણું નવું કંઈ નથી નવવર્ષ માંહે,
કિન્તુ જુના ઉભય આપણ, પૃથ્વી જૂની
માગે નવાં નયન નૂતન સૃષ્ટિ માટે.

હરિશ્ચન્દ્ર ભટ્ટ

કુસુમ*

જીવન સફલ થાશે કે ન થાશે ન જાણું.
મધુકર નહિ આવે? આવશે? ના પ્રમાણું.
કુસુમહૃદય મારુંઃ રાહ જોઈ શકું ના.
પરિમલ લઉં વેરી જે મળી બે ઘડીમાં.

પારાશર્ય

યાચના

આ પૃથ્વીછન્દે મનુકાવ્ય પ્રાસા-
રચેલ; તેમાં વણસે કદા યે
પ્રાસાનુપ્રાસ સ્ખલને, ન સ્વપ્ને;
ચહું ન ઝાઝું, બસ આટલું જ.

જયકાન્ત ત્રિવેદી

* 'ભદ્રા' નામક અપ્રકટ કાવ્યસંગ્રહમાંથી.

પોતાના પરાજિત દેશની ધ્વસ્ત થતી સંસ્કૃતિને પુનર્જિવિત કરવાની તમન્નાથી એણે તેની

ભારતવર્ષમાં જેમ રામાયણ અને મહાભારત આજ હજારો વર્ષ થયાં સજીવ છે, ઇંગ્લંડમાં જેમ શેક્સપીઅર જીવતો છે, અને ગ્રીકની પુરાણી સંસ્કૃતિ હયાત ન છતાં તેના મહાકવિ હોમરનું ઇલિયડ જગતસાહિત્યમાં હજી યે જેમ ચિરંજીવ છે તેમ, ઈરાનનો આ મહાકવિ અને તેનું કાવ્ય 'શાહનામા' આજ બરાબર એક હજાર વર્ષ● વીતી ગયા છતાં પણ એની પ્રજાના હૈયામાં જીવંત છે; અને આપણા રામાયણની ચોપાઇઓની જેમ, ઈરાનમાં પ્રવાસ કરનારને આજે પણ શહેરોની શેરીઓમાં અને દેહાતોના ગ્રામમેળાઓમાં ફિરદોસીના મહાકાવ્ય 'શાહનામા'ની કડીઓ લલકારાતી સાંભળવા મળે. સતત હજાર વર્ષ સુધી એક મહાન પ્રજાના હૈયામાં ઘર કરી બેઠેલા અને એની જનતાની જીભ પર પેઢી દર પેઢી રમતા આવેલા એ મહાકાવ્યમાં, એનું નામ (શાહનામા) સૂચવી રહે છે તેમ, એ પ્રાચીન પ્રજાના પુરાણા પરાક્રમી રાજાઓ અને લોકવીરોનો ઇતિહાસ જ આલેખાયો છે; પણ વિશદ રમતી બાનીમાં જન્મજાત કવિત્વના અદ્ભુત ચમકાર સાથે લખાએલા સાઠ હજાર કડીઓના એ મહાકાવ્યે, એ પ્રજા મરણોન્મુખ બનતી જતી હતી એવે અણીને વખતે તેને રાષ્ટ્રીય અસ્મિતાનું જે અમી પાયું છે તેને કારણે આજ તેની નાડીઓમાં એ ધબકી રહ્યું છે.

કવિઓનાં જીવન સામાન્યરીતે શાન્ત, ને એકધારાં હોય છે, એટલે કોઈ રાષ્ટ્રવીરની જીવનકથાની જેમ એ પ્રેરક નથી હોતાં; પરંતુ આ કવિએ તો એની ૮૬ વર્ષની લાંબી જીવનયાત્રામાં જગત-ની એવી લીલીસૂકી જોઈ હતી કે તેના વિવિધ પલટાએ રંગાએલું એનું જીવન પણ પ્રજાહૃદયમાં સ્મરણીય બની ગયું છે.

ઈરાનના ખોરાસાન પ્રાંતના પાટનગર તૂસશહેર પાસે બાઝ નામના ગામડામાં ઈ. ૯૩૪માં એનો જન્મ થયો. એનું મૂળ નામ અબુ કાસિમ મન્સૂર. કેટલાક કહે છે કે એ એક ગરીબ માળીનો છોકરો હતો અને એના બાપની વાડીના નામ ફિરદોસ (સ્વર્ગ) ઉપરથી એનું નામ પાડેલું; પણ એ હકીકત, આપણે આગળ જોઈશું તેમ, ખોટી છે. એના પિતા ફખ્રુદ્દીન અહમદ તૂસનો એક દેહકાન (ભાટ) અને જમીનદાર હતો. કવિના જીવનના પૂર્વરંગ વિષે ઝાઝી માહિતી મળતી નથી. પણ જેવો એ વિદ્યાપ્રેમી તેવો જ નાનપણમાં સાહસિક અને નદીઓમાં તરવનો ખૂબ શોખીન હતો અને એક વખત તો એમાં મરતોમરતો બચ્યે હતો. ફારસી ભાષા ઉપરાંત અરબી ભાષા અને સાહિત્યનો એ અચ્છો જ્ઞાતા હતો, ને પ્રાચીન ઇરાની પહલવી ભાષાનું પણ ઊંડું અધ્યયન તેણે કર્યું હતું તથા તેમાં લખાએલા પુરાતન ઇતિહાસ દફતરોનો અણે સારીપેઠે અભ્યાસ કર્યો હતો.

અરબોએ ઈરાન જીતીને ત્યાં ઈસ્લામ ધર્મ સ્થાપ્યો હતો ખરો, પણ પુરાતન ઈરાની સંસ્કૃતિનો ચાહ હજી જનતામાં જીવતો હતો. વળી, અરબોનું રાજ્ય જેમજેમ વિસ્તરતું ગયું તેમતેમ તેના દૂરના સુબાઓ ખલીફથી ધીરેધીરે સ્વતંત્ર થવા લાગ્યા, એટલે આવા સ્વતંત્ર થએલા રાજાઓનાં રાજ્યોમાં ઈરાની સંસ્કૃતિનું પુનરુજ્જીવન કરવા-ના પ્રયત્નો ફરી પાછા ચાલુ થયા હતા. એવા એક સ્વતંત્ર શાહ યાકૂબ લઈય સફ્ફારીએ પુરાતન ઇરાની ગાથાઓ અને દંતકથાઓના સંગ્રહ 'ખુદાઈ નામા' (એનો અર્થ પણ 'રાજાઓની કથા' થાય છે)ને સંપૂર્ણ કરાવ્યો અને એમાં ઈરાનના પ્રાચીન રાજાઓ, રાષ્ટ્રવીરો ને મહા-પુરુષોની જેટલીજેટલી દંતકથાઓ હતી તે બધી સંઘરાવી. ફિરદોસીનું 'શાહનામા' આ 'ખુદાઇનામા'ના આધાર ઉપર જ રચાએલું છે.

ત્યાર પછી વંશ ઉપર વંશ આવતા ગયા તેમતેમ રાષ્ટ્રીય સા-હિત્યના પુનરુજ્જીવનનું આ કાર્ય ઉત્તરોત્તર વધતું જ ગયું, અને ગઝનીના સુલતાન મહમદ સબક્તગીન (જે મહમદ ગઝનીના નામે હિંદીઓને જાણીતો છે)ના રાજ્યઅમલમાં તો ટોચે પહોંચ્યું હતું. આવા સમયમાં જન્મેલો ફિરદોસી, જે પોતે પણ એક દેહકાનનો જ પુત્ર હતો, અને વળી ખોરાસાન જેવા પ્રાચીન સંસ્કૃતિના ધામમાં રહેતો હતો તે પોતાના દેશની પુરાતન જાહોજલાલીને અમર કરવા પ્રેરાય એ સ્વાભાવિક જ છે. એનું કુટુંબ બહુ લાંબા કાળથી ઇસ્લામી નહિ થયું હોય એમ જણાય છે; એટલે તેના હૃદયમાં પોતાના દેશના પૂર્વજો, તેમના ધર્મ ને સંસ્કૃતિને વિષેનો આદરભાવ હજી જીવંત હતો, અને તે 'શાહનામા'માં ઠેરઠેર દેખા દે છે.

આ અમર મહાકાવ્યની શરૂઆત ફિરદોસીએ કેમ કરી તેને વિષે એક રસિક વાત છે કે એક રાત્રે ફિરદોસીને ઊંઘ નહોતી આવતી, તે વખતે તેની પત્નીએ તેની આગળ 'બિઝાન ને મનીજેહ'નો કિસ્સો ગાઈ સંભળાવ્યો, પણ એવી શરત કરી કે બીજે દિવસે તેણે એને કવિતામાં ઉતારવો. કહેવાની જરૂર નથી કે બીજે દિવસે તેણે એ વચન પાળ્યું અને શાહનામાની શરૂઆત થઇ. એ તો સ્પષ્ટ છે કે ફિરદોસીએ એ મહાકાવ્ય ઐતિહાસિક ક્રમમાં નથી લખ્યું, પણ તેને જે જે પ્રસંગો સૌથી વધુ આકર્ષક અને રસિક લાગતા ગયા તે તે એ આલેખતો ગયો છે. આ જ અરસામાં તેના એક મિત્ર મુહમ્મદ લશ્કરીએ તેને પ્રાચીન 'ખુદાઈ નામા'ની એક નકલ ભેટ આપી અને પછી તેના આધાર પર તો એનો સર્જન-ધોધ વહેવા લાગ્યો. ફિરદોસીએ પોતે પણ 'શાહનામા'માં એ ઋણસ્વીકાર કર્યો છે.

પણ આવી મહાન પ્રવૃત્તિને જો કોઈ આશ્રયદાતા ન હોય તો તે ચાલી ન શકે. તૂસના સુબા અબુ મન્સૂર મુહમ્મદે તેને આશ્રય આપ્યો, પણ કમનસીબે તે અચાનક ગુજરી ગયો અને કવિને કાંઇ ખાસ સહાય મળી શકી નહિ. એવામાં ગઝનીના સુલતાન મહમદની ખ્યાતિ તેને કાને આવી કે પ્રાચીન સાહિત્યના પુનરુદ્ધારનો તેને ખૂબ શોખ છે અને તેણે એ કામ માટે ઘણા કવિઓને આશ્રય આપ્યો છે તથા એ બાબતમાં ઘણો દરિયાદિલ છે. આ સાંભળી તે ગઝની જવા ઊપડ્યો. મહમદની તેની મુલાકાત માટેનું બીજું એક કારણ એમ કહેવાય છે કે તેના ગામ આગળની પાણીની નહેર-નો બંધ તૂટી ગએલો હોવાથી તેના પૂરને લીધે આજુબાજુના પ્રદે-શને ઘણું નુકસાન પહોંચતું હતું, અને તેની એક મોટી આકાંક્ષા એ હતી કે એ આખી નહેરને પાકી કરવા પૂરતા પૈસા રળી પોતાના પ્રાંતવાસીઓને સદાને માટે નચિંત ને સુખી કરવા. ગમે તે કારણ હો, પણ મહમદ ગઝનીને એક ખરા મહાકવિની જરૂર હતી, અને ફિરદોસીને કોઇ ઉદાર આશ્રયદાતા જોઇતો હતો, એ બંનેની મુરાદ અંતે બર આવી. પણ એટલું તો નક્કી કે ફિરદોસી ત્યાં કોઇ મામૂલી ખેડૂત તરીકે ગયો ન હતો; પણ શાહનામાનો ઠીકઠીક ભાગ લખીને કીર્તિ કમાએલા એક શક્તિશાળી કવિ તરીકે ગયો હતો.

ફિરદોસીના આવવાના ખબર સાંભળીને ગઝનીના દરબારના કવિઓના અંતરમાં ઇર્ષ્યા જાગી ને એના જેવા પ્રતિભાવાન માણસ આગળ પોતાનું ટટ્ટુ નહિ ચાલે એવો ભય પણ જાગ્યો. તેથી એમણે

● ઈરાને એની ૧૦૦૦મી જન્મજયંતી ઈ. ૧૯૩૪માં શાહાનશાહ રેઝાશાહ પહલવીના હસ્તે ઊજવી હતી.

પ્રાચીન ગાથાના વેરવિખેર અવશેષોને પ્રતિભાવાન કવિતાના રેશમી દોરમાં પરોવી એની માળા પ્રજાના હૈયા પર ઝુલાવી દીધી

ફારસી ભાષાના મહાકાવ્ય 'શાહનામા'નો લેખક

કવિ ફિરદૌસી તૂસી

એનું મૂળ નામ અબુલકાસિમ મન્સૂર. 'ફિરદૌસી' ઉપનામ એણે કેમ ધારણ કર્યું એ અંદર વાંચો. તુસ શહેરનો એ વતની હતો એ તુસી કહેવાયો.

તેને ખોટી માહિતી પહોંચાડી કે ત્યાં સુલતાન તરફથી તેને હવે આવકાર મળવાનો સંભવ નથી. પરંતુ એવામાં એ કવિઓમાં જ અંદર અંદર કાંઈ ઝગડો જાગવાથી એમનામાંના એકે ફિરદૌસીને કાગળ લખી આખો ભેદ ફોડી નાખ્યો ને ફિરદૌસી ગઝની જવા ઊપડ્યો.

ગઝની આવતાં શહેરના બગીચામાં જ એને અચાનક ત્રણ કવિઓ મળી ગયા. એમની વાતમાં એણે રસ લેવા માંડતાં પેલાઓએ આ અજાણ્યા માણસની લપ દૂર કરવાને કહ્યું કે પોતે કવિઓ સિવાય બીજા જોડે ભળતા નથી. પણ ફિરદૌસીએ જ્યારે એમને કહ્યું કે પોતે પણ એ દિશામાં કાંઇક નમ્ર પ્રયાસ કરે છે, ત્યારે એમણે તેની કસોટી કરવા માટે જણાવ્યું કે અમે ત્રણ જણ કવિતાની જે એકએક લીટી રચીએ તેની સાથે પ્રાસ મેળવતી ચોથી લીટી તું રચી બતાવે તો અમે તને અમારામાં ભેળવીએ. હવે, ફારસી ભાષામાં 'શન' અક્ષરો સાથે અંત પામતા માત્ર ત્રણ જ શબ્દો છે, એટલે આ આગંતુકની રેવડી કરવા માટે એ જ શબ્દો અંતમાં આવે એવી લીટીઓ રચવાના ઈરાદાથી પહેલા કવિ અન્સરીએ એક રૂપવતી યુવતિનું વર્ણન કરતી કાવ્યલીટી રચી:

'ચું આરીઝે તુ માહ ન બુવદ રોશન'

(ચંદ્ર પણ તારા કપોલ જેટલો પ્રકાશમાન નથી). તે પછી બીજા કવિ અસજદીએ બીજી લીટી રચી:

'માનન્દે રૂખત ગુલ ન બુવદ દર ગુલશન'

(બગીચામાં તારા ચહેરા.ની બરોબરી કરી શકે તેવું એકે ગુલાબ નથી); અને ત્રીજા કવિ ફર્રૂખીએ છેલ્લો શબ્દ વાપરી નાખતી લીટી રચી:

'મુઝગાનત ગુઝર હમી કુનદ ઝે જોશન'

(તારા કટાક્ષો તો બખ્તરની સોંસરા જઈને પણ હૃદયને ભેદે છે). પરંતુ ફિરદૌસીએ તરતજ ચોથી લીટી રચી એમને ચકિત કરી દીધા:

'માનન્દે સનાં એ ગીવ દર જંગે પશન'

(જેમ પશનના યુદ્ધમાં શૂરવીર ગીવનું ભાલું દુશ્મનોનાં હૃદય ભેદતું હતું તેમ!)

આમ,'પશન' શહેરના વિશેષ નામને કવિતાના પ્રાસમાં મેળવી લાવવાની ચાતુરીથી મુગ્ધ થએલા પેલા કવિઓએ આ નવા કવિ પાસેથી પછી જ્યારે પશનના યુદ્ધમાં ગીવે બતાવેલાં પરાક્રમોની ગાથા સાંભળી ત્યારે તો એ દંગજ થઈ ગયા! તરતજ એમની મૈત્રી બંધાઈ અને એમની મારફત ફિરદૌસી મહમદના દરબારમાં પ્રવેશ પામ્યો.

તરત મહમદની ફરમાયશથી તેની કવિતાપ્રસાદીનો પરિચય આપતી એકાદ કૃતિ ગાવાનું ગોઠવાયું અને બીજે દિવસે જ્યારે તેણે એની નામચીન કૃતિમાંનો રૂસ્તમ ને અશ્કાબસવાળો પ્રસંગ બિરદાવતી ઉદ્રેકભરી કાવ્યબાની સંભળાવી ત્યારે સમસ્ત દરબારમાંથી તેના પર પ્રશંસાનો વરસાદ વરસ્યો; અને મહમદ તો એટલો ખુશ થયો કે એ બોલી ઊઠ્યો, 'તૂસના ઓ અણજાણ્યા આદમી, તેં તો અમારા દરબારને ફિરદૌસ (સ્વર્ગ) બનાવી દીધો!' એ પ્રશંસાવચન ઝીલી લઇ કવિએ પોતાનું ઉપનામ 'ફિરદૌસી' ધારણ કર્યું.

ફિરદૌસી રાજકવિ તરીકે નીમાયો ને સુલતાને તેને સંપૂર્ણ માનદબદબાથી રાખવા માંડ્યો. તેને એક મોટી હવેલી આપવામાં આવી, જેમાં રાજવંશીઓ અને યુદ્ધોનાં ચિત્રોની સમજાવટવાળા મોટા ફુશાદે ઓરડામાં બેસી કવિ પોતાની કૃતિઓ સર્જતો. અવારનવાર તે દરબારમાં જઇને પોતાની કૃતિઓ સુલતાનને વાંસળી ને ઝાંઝ આદિ વાદ્યોના સાજ સાથે સંભળાવતો ને સુલતાન પ્રસન્નતાપૂર્વક તેને નવાજવાને તત્પરતા બતાવતો. પણ કવિએ એ પુરસ્કાર એમ કટકે કટકે લેવા કરતાં એક સામટો લેવાની ઈચ્છા વ્યક્ત કરી અને સુલતાને છેવટે કવિ જેટલી કડીઓ રચે તે દરેક કડી દીઠ એક એક સોનામહોર આપવાનું વચન આપ્યું.

ગઝનીમાં સ્થિર થઇને થોડો સમય સુખચેનમાં વીત્યા બાદ કવિના ભાગ્યે હવે પલટો લીધો, અને કિસ્મતનો પહેલો વજ્ર ઘા એના પર પડ્યો. એનો એકનો એક યુવાન પુત્ર અચાનક મરણ પામ્યો; અને સુલતાનની કૃપાએ તેનામાં જે અનેક મહત્ત્વાકાંક્ષાઓ પ્રેરી હતી તે બધી ધૂળ મળી ગઇ. એને લગતી કવિની કાવ્યકડીમાં એની એ સમયની વય બરોબર નોંધાએલી છે:

'મ રા શસ્તો પંજે વ રા સી ઓ હફત
ન પુર્સિદ અઝ ઈ પીર ઓ તનહા બરફત.'

(મને પાંસઠ અને એને સાડત્રીસ વર્ષ થયાં; એ આ જઈફને પૂછયા કર્યા વિના એકલો ઊપડી ગયો)

પુત્રના મરણ પછી કવિનું હૃદય ભાંગી ગયું ને હવે કાવ્યકલામાં એનું મન બહુ કોળતું નહિ આ જ અરસામાં કવિની સામે મહમદના દરબારમાં પણ ખટપટ પણ શરૂ થઇ. તેજોદ્વેષી બીજા કવિઓ અને ખાસ કરીને સુલતાનના વઝીર અહમદ મૈમંડી જેને ફિરદૌસીની દેખ-ભાળ રાખવાનું મહમદે સોંપ્યું હતું તેણે કવિની સામે સુલતાનના કાન ભંભેરવા માંડ્યા. તેની પ્રતિભા સામે તો શબ્દ સરખો યે ઉચ્ચારવાની કોઇની તાકાત ન હતી; પણ કવિ નાસ્તિક છે, પોતાના આવડા મોટા મહાકાવ્યમાં તે 'અલ્લા'નું નામ એક પણ ઠેકાણે લાવ્યો નથી, તે ઇરાદાપૂર્વક બને ત્યાં સુધી અરબી શબ્દોનો બહિષ્કાર કરે છે, તે શીઆ પંથી હોવાથી (મહમદ સુન્ની હતો) શીઆઓના પયગમ્બરોની વધારેપડતી તારીફ કરે છે, અને ખાસ કરીને તો ઝરથુસ્ત્ર (ફારસીઓના અસલ પયગમ્બર)ની તારીફ હજુ પણ—પોતે મુસ્લિમ થયા છતાં—તેણે કરી છે, વગેરે અનેક વાતોથી તેણે ધર્મઝનૂની મહમદને ઉશ્કેરવા માંડ્યો.

આપણે અગાઉ જોઇ ગયા તેમ ફિરદૌસીના પૂર્વજો તાજા જ મુસ્લિમ થએલા હતા, ને તેના લોહીમાં અસલ ફારસ ધર્મ માટેનો સમભાવ ભરેલો હતો પરંતુ કવિ મહા ચતુર હતો. પોતાના શાહનામામાં તેણે ઝરથુસ્ત્રના પ્રશંસાવચનો પોતાના તરફનાં નહિ પણ મૂળ 'ખુદાઇ નામા' લખનાર કવિ દકીકી જે ઝરથુસ્તી હતો તેણે પોતાને સ્વપ્નમાં આવીને એ ભાગ આમેજ કરવાની વિનતિ કરી તેથી લીધો છે એમ જણાવતી યોજના એણે શાહનામામાં કરી છે. એક સ્થળે કવિએ લખ્યું છે કે ઝરથુસ્તો જો અગ્નિપૂજક હતા તો અરબો

પથ્થર (કાબા)ના પૂજક છે. આ ઉપરાંત કવિને હલકા કુળના માણસો પ્રત્યે સ્વાભાવિક તિરસ્કારવૃત્તિ હતી અને તે એની કૃતિમાં અવારનવાર દેખા દે છે. સુલતાન મહમદ મૂળ ગુલામનો છોકરો હતો, એટલે એ પ્રકારના કવિના ઉદ્‌ગારો તરફ આંગળી ચીંધીને પણ મહમદને ઉશ્કેરવામાં આવેલો. એ સિવાય ઈરાન ને તુરાન વચ્ચેના લાંબા વિગ્રહના વર્ણનમાં કવિએ સ્વાભાવિકરીતે જ તુરાનના લોકોની ઠીક નાલેશી કરી છે. કમભાગ્યે મહમદ તુરાની હતો એ પણ એક કારણ ઉમેરાયું. વળી કવિને અરબો પ્રત્યે જે અણગમો હતો તે અનેક સ્થળે વ્યક્ત કરીને તેણે અરબોને સર્પ ખાનારા, નગ્ન, ભિખારૂ, નિર્લજ આદિ શબ્દોથી નિંદ્યા છે, ને એક સ્થળે તો લખ્યું છે:

> ‘ઝે શીર-એ શુતુર ખુરદન-ઓ સૂસમાર
> અરબ રા બ જાઇ રસીદ અસ્ત કાર
> કે તખ્ત-એ કીઆનાં રા કુનન્દ આરઝૂ
> તુફુ બાદ બર ચર્ખે ગર્દા તુફૂ.’

[ઊંટનાં દૂધ અને ગરોળીઓ ખાનાર અરબો હવે કિયાનિયનોના તખ્તની આકાંક્ષા કરે છે. ધિક્કાર છે, ધિક્કાર, આ ફરતાં વિશ્વો ઉપર!]

ઈ. સ. ૧૯૦૫–૧૯૦૯ની ઇરાની ક્રાન્તિ વખતે ફિરદૌસીના આ ‘ગરોળીઓના ખાનાર’ શબ્દ વાપરવા માટે સૈયદ હસન નામના એક તંત્રીને આ વીસમી સદી જેવા આગળ વધેલા જમાનામાં પણ કેદ ભોગવવી પડી હતી. તો એ ઝનૂની ઈસ્લામીઓના કાળમાં મહમદ જેવા ધર્મચુસ્ત સુન્ની સુલતાનના દરબારમાં એ શબ્દ વાપરનાર કવિ ફિરદૌસીની શી હિંમત હશે!

એવામાં વળી એક પ્રસંગ બની ગયો. ફિરદૌસીની ખ્યાતિ દૂરદૂરના દેશોમાં એટલી પ્રસરેલી હતી કે સ્થળસ્થળના રાજાઓ તેના પર પ્રસન્ન થઈ તેને ભેટસોગાદો મોકલતા. એવામાં અમીર ફ્રુસ્તમ ફખ્ર ઉદ્-દૌલા દયલામી નામનો એક શિયા રાજા જેને મહમદ સાથે બહુ બનતું ન હતું તેણે ફિરદૌસીની કદર તરીકે તેને એક હજાર સોના મહોરો ભેટ મોકલી. આ બધું સુલતાનની નારાજી નોતરવા માટે પૂરતું હતું. કવિની હાલાકી હવે શરૂ થઈ. વઝીર મેમંડી (જે સુલતાનનો દૂધભાઇ અને ગુરુભાઇ પણ હતો તે) કવિને હવે પૂરા પૈસા પણ પહોંચાડતો નહિ ને કવિને ઘણી વાર તો વાખા પડતા. પણ અંતે ‘શાહનામા’ પૂરું થયું.

કવિ પ્રત્યેની ગમે તેવી નારાજી છતાં પણ ‘શાહનામા’ પૂરું થયાના સમાચાર સાંભળતાંવેંત સુલતાન ખુશખુશ થઇ ગયો અને પોતાના વચન પ્રમાણે તેની ૬૦,૦૦૦ કડીઓના પુરસ્કારની ૬૦,૦૦૦ સોનામહોરો આપવાની ઇચ્છા કરી. પણ વઝીર મેમંડીએ આ તક લઇને તેને સમજાવ્યો કે કાવ્ય જેવી ચીજ ઉપર આવડી મોટી રકમ વેડફી મારવી એ રાજા જેવા જવાબદાર માણસ માટે વ્યાજબી નથી. માટે સોનાને બદલે તેટલી જ સંખ્યાનું રૂપાનાણું બસ થઈ પડશે. પરિણામે મહમદે પોતાના ખાસ ગુલામ ઐયાઝ સાથે ૬૦,૦૦૦ રૂપાના સિક્કા એક હાથી પર લાદીને ફિરદૌસીને મોકલ્યા. ફિરદૌસી એ વખતે હમામખાનામાં નહાવા ગયો હતો. તે તો સુલતાનના આ વચનભંગથી સળગી ઊઠયાં. તેનાં દુઃખ ને નિરાશાનો પાર ન રહ્યો અને તેને એટલો બધો આઘાત લાગ્યો કે એમાંથી એક દમડી પણ ન સ્વીકારતાં એ રકમના ત્રણ ભાગ કરી, એક ભાગ એ રકમ લાવનાર ઐયાઝને, એક ભાગ હમામખાનાવાળાને, ને બાકીનો એક ભાગ ત્યાં ઊભેલા પીણું વેચનારા પાસેથી એક ગ્લાસ ફૌકા નામનું (બીઅર જેવું) પીણું પીને તેને આપી દીધો!

પછી તેણે સુલતાનના આ વચનભંગ પર પ્રહાર કરતું ‘કસીદા’ નામનું ૧૦૦ કડીનું કાતિલ રોષકાવ્ય લખ્યું, જેમાં તેણે સાગુસાગુ ભાષામાં બરોબર દાઝ કાઢી છે. ‘શાહનામા’માં એણે સુલતાનની જેટલા મુક્ત કંઠે પ્રશંસા કરેલી એટલી જ આકરી બાનીમાં એ ‘કસીદા’માં એણે સુલતાનને ભાંડયો છે ને એ તેજદાર ફટકો ‘શાહનામા’ની સાથોસાથ એના જેટલો જ અમર થયો છે. જોકે આવા કવિની પ્રતિભા પોતાના એક વખતના આશ્રયદાતા સામે આ રીતે હલકા ફુત્કારના રૂપમાં વપરાય એ ગ્લાનિકર લાગે છે.

રાજકવિ તરીકે એણે એ જ સુલતાનને માટે એક વખત કેવી કેવી અતિશયોક્તિભરી પ્રશંસા કરેલી:

> ‘જહાંદાર-એ મહમૂદ-એ શાહ-એ બુઝુર્ગ
> બ આબિશખુર આરદ હમી મીશ-ઓ ગુર્ગ.’
>
> . . . . . .
>
> ‘ચું કુદુક લબ અઝ શીરે માદર બશુસ્ત
> ઝ ગેહવારે મહમૂદ ગૂયદ નુખુસ્ત.’
>
> . . . . . .
>
> ‘બ તન ઝન્દે પીલ ઓ બ જાં જબ્રાઈલ
> બ કફ અબ્રે બેહમન બ દિલ રૂદે નીલ.’

[નામાંકિત જગતજેતા રાજા મહમુદ વરુ અને ઘેટાને એક જ ઝરણમાંથી પાણી પીતાં કરી શકે છે... બાળક પોતાના હોઠ માતાના દૂધથી ધોવા માંડે છે ત્યારથી, ઘોડિયામાંથી પહેલો શબ્દ ‘મહમુદ’ બોલે છે ... મહમુદનું શરીર વિકરાળ હાથી જેવું ને તેનો આત્મા જબ્રાઈલ (ગૅબ્રિએલ ફિરસ્તા)ના જેવો છે; તેની હથેલી બહમન મહીનાના મેઘવાદળ જેવી ઉદાર ને તેનું હૃદય મહાનદી નીલ (નાઈલ) જેવું વિશાળ છે.]

અને ‘કસીદા’માં તેણે હવે કલમ ચલાવી:

> ‘અગર શાહ રા શાહ બૂદી પિદર,
> બ સર બર નિહાદી મરા તાજે ઝર.
> અગર માદરે શાહ બાનૂ બુદી,
> મરા સીમ ઓ ઝર તા બ ઝાનૂ બુદી.
>
> . . . . . .
>
> ચું અંદર તબારશ બુઝર્ગી ન બૂદ,
> નયારિસ્ત નામ-એ બુઝર્ગાં શનૂદ.
>
> . . . . . .
>
> ઝે નાપાકઝાદે મદારીદ ઉમીદ
> કે ઝંગી બ શુસ્તન ન ગર્દદ સફીદ.
>
> . . . . . .
>
> પરસ્તારઝાદે નયાયદ બકાર,
> અગર ચે બુવદ ઝાદ-એ શેહરિયાર.’

[રાજા-મહમુદ-જો રાજબુંદનો હોત તો તેણે મારા માથા પર સોનાનો તાજ મૂક્યો હોત. રાજાની મા જો ઊંચા કુટુંબની હોત તો રૂપું ને સોનું મારા ઢીંચણ સુધી પહોંચ્યું હોત (એટલો તેણે મને નવાજ્યો હોત); ..તેના કુળમાં મહત્તા ન હતી, તેથી તે મહાપુરુષોની ગાથા સાંભળી ન શક્યો; ..હલકા કુળમાં જન્મેલા પાસેથી કશી આશા રાખશો મા, કેમકે સીદીઓ કાંઈ ધોયે સફેદ થતા નથી;... ગુલામનો પુત્ર અંતે તો કોઇ કામનો નહિ, પછી ભલેને તેનો બાપ સિંહાસને ચડી બેઠો હોય.]

એ કાવ્ય એક બંધ પરબીડામાં તેણે ઐયાઝને આપ્યું ને વીસ દિવસ પછી તે સુલતાનને આપવાની સૂચના કરીને, માલમિલકત

સર્વનો ત્યાગ કરી, દરવેશનો એક ઝભ્ભો અને હાથમાં લાકડી લઈને સિત્તેર વર્ષની જઈફ ઉંમરે કવિ ગઝની છોડીને ચાલી નીકળ્યો.

મુદ્દત વીત્યે એયાઝે પેલો બીડો આપતાં સુલતાન તો એ વાંચીને ધૂંવાંફૂંવાં થઈ ગયો. તેણે ફિરદૌસીને પકડી લાવવા માણસો દોડાવ્યાં અને તેને પકડવા મોટું ઈનામ જાહેર કર્યું પણ એ તો ક્યારનો તેના રાજ્યની હદ છોડી સલામત સ્થળે પહોંચી ગયો હતો.

ગઝનીથી નીકળીને કવિ ઈસ્માઈલ નામના એક ચોપડીઓ બાંધનારના ઘરમાં છુપાઈ રહ્યો; પરંતુ પછીથી ત્યાં પણ સલામતી ન લાગતાં ઇરાનના દૂર ઉત્તરના તાબિરિસ્તાન પ્રાંતના રાજા સિપેહબુદ શહેરયારના દરબારમાં જઈ એણે આશ્રય લીધો. સિપેહબુદે તેને સારો આવકાર અને આશ્રય આપ્યાં; પણ કવિ ત્યાં હોવાની મહમદને ખબર પડતાં જ તેણે સિપેહબુદને તે માટે ધમકી મોકલી કે જો તે ફિરદૌસીને ત્યાં રહેવા દેશે તો પોતે તેના પ્રાંત પર આક્રમણ કરીને તેનું મેદાનમેદાન કરી નાખશે. પોતાને ખાતર રાજાની કફોડી સ્થિતિ થતી જોતાં ફિરદૌસી ત્યાંથી નીકળી બગદાદના ખલીફ અલકાદર બિલ્લાઈના આશ્રયે જઈ રહ્યો. જ્યાં તેણે 'યુસુફ અને ઝુલેખા' નામની કુરાનની જાણીતી કથાને ૯,૦૦૦ કડીઓના લાંબા કાવ્યમાં ગૂંથી.

મહમદને કવિ બગદાદમાં હોવાના ખબર મળતાં તેણે ખલીફને પણ ધમકીનો કાગળ મોકલ્યો. એટલે કવિ ત્યાંથી નીકળી આહવાઝના સુબાને આશ્રયે ગયો, અને ત્યાં પણ મહમદે તેનો પીછો પકડતાં કુહીસ્તાનના સુબા નાસીર લેકને આશ્રયે તે ગયો. સદ્ભાગ્યે નાસીર લેક મહમદનો મિત્ર હતો. તેણે સુલતાનને સમજાવ્યો અને આવા શક્તિશાળી કવિને તેની જઈફ અવસ્થામાં ન રંજાડવાની સલાહ આપી. અંતે કવિ સલામત બની પોતાને વતન પાછો ફર્યો.

એક દિવસ ફિરદૌસી રસ્તે થઈને જતો હતો, ત્યાં એક છોકરાને રમતાં રમતાં તેણે પોતાના 'કસીદા'માંની કડી લલકારતો સાંભળ્યો:

'અગર શાહ રા શાહ બૂદી પિદર,
બ સર બર નિહાદી મરા તાજે ઝર.'

[જો શાહ રાજવંશી બુંદનો હોત તો તેણે મારા માથા પર સોનાનો તાજ પહેરાવ્યો હોત.]

પોતાની જઈફી અને પરેશાનીના દિવસોમાં, શેરીમાં રમતા બાળકને મોઢે પણ પોતાના કાવ્યના શબ્દો સાંભળતાં, ભૂતકાળનાં દુઃખદ સ્મરણો કવિના અંતરમાં ઉભરાઈ આવ્યાં અને પ્રજાસમસ્તના પોતાના પ્રત્યેના સદ્ભાવની આ પ્રતીતિથી તેના મન પર એટલી તો ચોટદાર અસર થઈ કે તે મૂર્છાવશ થઈ ત્યાં જ ઢળી પડ્યો. તેને ઉંચકી ઘેર લઈ ગયા, અને થોડા જ દિવસમાં ૮૯ વર્ષની ઉંમરે ઇ. ૧૦૨૦માં (હીજરી સન ૪૧૧માં) તે અવસાન પામ્યો.

આ અરસામાં મહમદ યુદ્ધો ખેડતો હતો. તે દરમ્યાન એક અજીત કિલ્લાના સરદારને તેણે એવો સંદેશો મોકલવાનો હુકમ કર્યો કે 'કાં તો શરણે આવો અગર લડાઈ માટે તૈયાર થઈ જાઓ.' એક દરબારીએ આ સંદેશા માટે શાહનામાની નીચેની કડી સૂચવી:

'અગર જુઝ બ કામ-એ મન આયદ જવાબ,
મન ઓ ગુર્ઝ ઓ મયદાન ઓ અફ્રાસિયાબ.'

[જો મારી ઈચ્છા વિરુદ્ધ જવાબ આવ્યો છે, તો પછી હું છું, મારી ગદા છે અને અફ્રાસિયાબનું મેદાન છે!] સુલતાન આ પંક્તિથી એટલો ખુશ થઈ ગયો કે તેનો રચનાર કોણ છે તે પૂછ્યું અને તે ફિરદૌસીની હોવાનું જણાતાં તરત તેને ભૂતકાળ યાદ આવ્યો, આવા કવિને નવાજવામાં પોતે કરેલા વચનભંગ માટે પશ્ચાત્તાપ થયો અને તેના પ્રાયશ્ચિત્ત તરીકે ૬૦,૦૦૦ સોનામહોરો ફિરદૌસીને મોકલી. પણ કિસ્મતનો ખેલ કેવો અજબ, કે જે વખતે એ મહોરો લઈને સુલતાનનો રસાલો તૂસને એક દરવાજેથી શહેરમાં દાખલ થતો હતો તે જ વખતે ફિરદૌસીનો જનાજો બીજે દરવાજેથી શહેર બહાર નીકળતો હતો!

એ ભેટ કવિની દીકરી આગળ નઝર કરવામાં આવી, પણ તેણે હાથ પણ ન અડકાડતાં પિતાના અરમાનને ઘટે એવી અદાથી ઉત્તર આપ્યો કે 'મારી પાસે મને જોઈતું છે, અને વધુની મને જરૂર નથી.'

કવિને એક બહેન હતી. તેને ખ્યાલ આવ્યો કે કવિની જીવનભરની મહાત્વાકાંક્ષા પોતાના ગામની નહેરને સમરાવવાની હતી. એટલે તેણે સુલતાનની સોગાદનો સ્વીકાર કર્યો અને એ આખી રકમ નહેરના બાંધકામ પાછળ ખર્ચી એના જીવનની મોટી મુરાદ પાર પાડવા સાથે ગામમાં તેનું ચિરંજીવ સ્મારક કર્યું.

મરણ પછી પણ કમનસીબીએ જાણે પીછો ન છોડ્યો હોય તેમ. તૂસના શેખ (ધર્મગુરુ) અબુલ કાસિમ ગુરાનીએ, કવિ તો નાસ્તિક હતો એમ કહીને, તેના શબને મુસ્લિમોના કબ્રસ્તાનમાં દફનાવવાની તથા તેના મરણની ક્રિયા પણ કરવાની સાફ ના પાડી. આથી કવિને શહેર બહારની તેની વાડીમાં જ દફનાવવામાં આવ્યો.

ઇ. ૧૨૨૦માં જંગીસખાનના ઇરાન પરના આક્રમણમાં તૂસ લૂંટાયું અને નકશામાંથી તેનું નામોનિશાન નાબૂદ થઈ ગયું, એટલે ફિરદૌસીની કબર કયે સ્થાને હતી તે આજે નક્કી થઇ શકતું નથી. આજે તો ત્યાં ખોરાસાનનું નવું પાટનગર મશદ ઊભું છે. ઓગણીસમી સદીના અંત ભાગમાં, કહેવાય છે કે, ખોરાસાનના એક વિદ્યાપ્રેમી સુબાએ તેની કબરની જગ્યાએ રોજો ચણાવવાની મુરાદ કરી અને એક સૈયદને સ્વપ્નમાં કબરની અસલ જગ્યાનું સૂચન થતાં એક મોટા ગુંબજનું ચણતર શરૂ પણ થયું. પરંતુ સુબાના અવસાનથી એ કામ અધૂરૂં રહ્યું અને આજે ત્યાં ઇંટ-રોડાનો ઢગલો માત્ર રહ્યો છે પણ જે પોતાની કૃતિથી જનગણમનમાં સદા યે જીવંત છે તેની કબર વિષેની ચિંતા શી?

૧૯૩૪ના ઑક્ટોબરની ૧૨મી તારીખે ઈરાનમાં તેની સહસ્રાબ્દી ઉજવાઇ અને મશદ શહેરમાં ફિરદૌસીની કબર જે જગ્યાએ હોવી જોઇએ એમ મનાય છે ત્યાં આગળ લાખો રૂપિયાના ખર્ચે ફિરદૌસીનું આરસનું સ્મારક રેઝાશાહ પહેલવીના હાથે રચાવાની યોજના થઈ. આ ઉપરાંત ઇરાનના પાટનગર તહેરાનમાં રાજસભાના ચોકમાં તેની એક ભવ્ય પ્રતિમા અને તેના નામનું એક પુસ્તકાલય પણ ઊભું કરવામાં આવ્યાં છે.

ઐતિહાસિક આધારો બહુ ન મળતા હોય એવા મહાપુરુષોની જીવનરેખા દંતકથાઓમાં ગૂંચવાએલા તાંતણામાંથી જ ઉકેલી લેવાની હોય છે. ફિરદૌસી કોઇ ગરીબ માળીનો પુત્ર હોય કે જમીનદાર ભાટનો, એ વાતનું વિશેષ મહત્ત્વ નથી. પણ પોતાના પરાજિત દેશની ધ્વસ્ત થતી સંસ્કૃતિને પુનર્જિવિત કરવાની તમન્નાથી એણે તેની પ્રાચીન ઇતિહાસગાથાના વેરવિખેર અવશેષોને પ્રતિભાવાન કવિતાના રેશમી દોરમાં પરોવી પ્રજાના હૈયા પર ઝુલાવી દીધી, અને તે દ્વારા એવી તો અસ્મિતા પ્રકટાવી કે આજ હજાર વર્ષ સુધી એ કાવ્યબાનીના અમર રસની પ્રેરણા પીતી તે પ્રજા જીવંત રહેતી આવી છે, અને જ્યાં સુધી 'શાહનામા' જીવંત છે ત્યાં સુધી જીવંત જ રહેશે.

(મુખ્ય આધાર: પ્રો. ફિરોઝ કાવસજી દાવરનો લેખ; ઉપરાંત એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા, 'કારવાં'માંનો શ્રી પમનનો લેખ, વગેરે.)

દીકરો

અનાથાશ્રમમાં ઊછરીને મોટો થએલો રઘુવીર, પ્રારબ્ધનો ફંગોળેલો જીવનમાં કંઈકંઈ સાહસો ખેડતો આજ ગંગા-કિનારાના એક નાનકડા ગામડાની પોલીસ ચોકીમાં બેઠો હતો. પાસે બેઠી હતી પચીસેક વર્ષની દુલારી. ક્રાંતિના નાસતા ફરતા એ બંને ભાગેડુઓ સામે, ધોળા વાળવાળો એક કરડો સિપાહી કડો પહેરો દેતો બેઠો હતો. એ વફાદાર ને કર્તવ્યચુસ્ત ચોકીદારના પંજામાંથી છટકવાના પેંતરા રઘુવીર અજમાવ્યે જતો હતો.

'તમને આ અવસ્થાએ આવાં ગામડાંમાં આથડવું આકરું તો પડતું હશે!' રઘુવીરે થોડીવાર રહીને પૂછ્યું: 'અને તે ય અહીં પારકા પરદેશમાં,—સગાંવહાલાંથી દૂર, એકલા...' પોતાના ચોકીદારના ઉચ્ચારો પરથી તેણે જોઇ લીધું હતું કે એ પંજાબ તરફનો હતો, એટલે પંજાબી લહેકાથી એણે હમદર્દીથી પૂછ્યું.

'હા; તારા જેવા વાતોડિયા કોક જ વાર મળે છે!'

થોડીવારની શાંતિ પછી એના અવાજમાં, કોણ જાણે કેમ, એકાએક કોઇ ઊંડા શોકના દબાએલા દૂમાની ગળગળી છાંટ આવી, અને એ આગળ બોલ્યો: 'અને આમે ય જીવન આખું એકલવાયું જ ગયુ છે ને?—બે છોકરા એકસાથે ગુમાવી બેઠો ત્યારથી. એનાં કાકાકાકી પ્રયાગના કુંભમેળામાં એ બંનેને લઇ ગયાં હતાં. ત્યાં કૉલેરામાં કાકા-કાકી બંને અચાનક મરણ પામ્યાં. હું તો દૂર નોકરીએ હતો. દોડી આવીને બહુ યે તપાસ કરી, પણ પત્તો ન લાગ્યો. કહે છે કે નાનો તો કોઇને હાથ પડ્યો હતો. પણ હું એનું મોં જોવાય ન પામ્યો. આજે ય એને જોઉં તો ઓળખી કાઢું. એના જમણા બાવડા પર ત્રણ પાંખડીનો લવીંગિયો મસો છે.'

રઘુવીર બોલી ઊઠ્યો: 'મસો? ત્રણ પાંખડીનો? લવીંગિયો? જ—જમણા બાવડા પર?' અને એમ તતપપ થતો તે પોતાનું જમણું બાવડું દબાવી રહ્યો. 'પ્રયાગના.. કુંભમેળામાં?'

'કેમ કેમ? તને શું.. તું? શું તું જ મારો દીકરો?' આશ્ચર્ય, આશંકા ને શ્રદ્ધાના સંમિશ્રણવાળા અવાજે સિપાહી બોલી ઊઠ્યાં.

પણ રઘુવીરે જમણી બાંહ્યમાંથી તરત તેનો હાથ ખેંચી લીધો.

'જરૂર; તું જ છો.' એટલું બોલતાં બોલતાંમાં તો એ બુઢ્ઢાની આંખમાં આતુરતાનું તેજ ચમક્યું. એવામાં બહાર મંજીપો ટીચતા જુવાન સિપાહીઓનો ઠીઠિયારો સંભળાયો ને થોડીવાર શાંતિ છાઇ રહી. અને પછી: 'ના—ના, નહિ—; હું તમારો દીકરો નહિ.' એમ લોચા વાળતો રઘુવીર પોતાની વિકળ આંખો જમીન પર ડેરવવા મથતો ભોંય ખોતરી રહ્યો.

'તું જ છો—નક્કી! હવે તો હું સમજી ગયો.' જોઉં તારો જમણો હાથ? એ જોયા વિના હું હવે રહેવાનો નહિ.'

'ના; નહિ જોવા દઉં. એ જોવામાં માલ નથી.... જુઓ, સાંભળો;' તેને વચ્ચે બોલતો અટકાવી રઘુવીરે કહ્યું: 'સાંભળો–ધારો કે હું તમારો દીકરો છું. પણ તેથી તમારી સ્થિતિ કેવી કફોડી થાય છે તેનો ખ્યાલ છે? કાં તો તમારે તમારા છોકરાને દેશનિકાલી કે એવી આકરી સજા માટે સરકારને હવાલે જવા દેવો પડે; ને કાં તો એને છટકવા દઇને તમારી આટલાં વરસની નોકરી પર પાણી ફેરવવું પડે!'

'ખરી વાત–ખરી વાત.' કહેતો બુઢ્ઢો પોતાનું માથું ધુણાવી રહ્યો.

'પણ....' થોડી વારની શાંતિ પછી એ અચાનક બોલી ઊઠ્યાં: 'મારા પેટના જ છોકરાનો દુશ્મન તો હું નહિ બનું.... સબુર, હું તપાસ કરી જોઉં. કિનારા પર જો શાંતિ હોય તો. સવાર પડતાં સુધીમાં તો તમે ક્યાં ય નીકળી જઈ શકશો.'

'ના—ના, એમ ન થાય. એ વ્યાજબી ન ગણાય.'

'મારા—મારા જ દીકરા માટે હું આટલું નહિ કરું?' કહેતાં તો ડોસાની આંખમાંનાં ઝળઝળિયાં વચ્ચેથી તેનો ચહેરો મલકી રહ્યો અને ધીમે રહીને તે ત્યાંથી સરકી ગયો.

... ...

'જોઉં તારો હાથ.' તેના ગયા પછી ઉભરાઈ જતા કુતૂહલથી દુલારીએ પૂછ્યું. છાસિયું કરીને રઘુવીર પહેરણની બાંહ્ય ચડાવીને પોતાનું કોરું ધાકોર બાવડું બતાવતો બોલ્યો 'લવીંગ કેવું ને મસો કેવો! મારા આખા શરીરમાં ફક્ત એક જ જગ્યાએ નિશાન છે—મારી ડાબી છાતી પર બદામ ઘાટનું લાલ લાખું.'

'ત્યારે આમ એક પિતાની પવિત્ર લાગણી વટાવી ખાવાની હરામી કરી ને?' અણગમો બતાવતી દુલારી બોલી. જોકે એ પણ નાસી છૂટવાને તો આતુર હતી જ.'

'પણ તને ખબર છે?....' એટલામાં તો ડોસો આવી પહોંચ્યો.

'રસ્તો સાફ છે. નીચલાભૂમાં મસાણને આ છેડે આંબલી નીચે એક હોડી બાંધેલી રહે છે ભગવાન તારું રક્ષણ કરો, બેટા અને.. કોક દહાડો પાછો બાપની સંભાળ લેજે.'

આટલું કહી, કંઈક યાદ આવ્યું હોય તેમ તે આગળ બોલ્યો: 'તારો મોટો ભાઇ તો તને ક્યાંથી યાદ હોય?—અરે, તેં તેને જોયો હોય તો ય તું એને શેનો ઓળખી શકે? એની ડાબી છાતી પર બદામ ઘાટનું લાલ લાખું હતું...'

(સુચિત)



સાથી-રાજ્યોને આ મહાયુદ્ધ જીતી આપનારૂં અદ્‌ભુત વૈજ્ઞાનિક સાધન

રડાર

અંધારામાં કે અજવાળામાં, આકાશમાં જમીન કે દરિયા પર, નજીક યા સેંકડો માઇલ દૂર, દશ્ય કે અદશ્ય રહેલી કોઇપણ વસ્તુની બાતમી નિમિષમાત્રમાં લાવી આપતું યંત્ર

એનું આખું નામ 'રેડિયો ડિટેક્ટિંગ ઍન્ડ રેઇન્જિંગ': જેના પ્રથમાક્ષરો થાય RADAR

અણુબૉંબે તો હતાશ થએલા જપાનને માત્ર છેલ્લો ફટકો જ માર્યો. પણ જેણે ઈ. ૧૯૪૩થી જર્મનીના સબમરીન મોરચાને છિન્નભિન્ન કરવા માંડી અંતે તેને નામશેષ કરી દીધો, જેણે નૉર્મન્ડીના ઉતરાણને ચોક્કસ બનાવી મિત્રસેનાને નિશ્ચલ ડગલે આગેકૂચ કરાવી, જેણે જર્મનીના ભીષણ બૉંબમારા સામે ચારણી થતા ઇંગ્લંડને તેની આખરી પળોમાં ચેતાવી બચાવવા માંડ્યું, ને જેની સહાયથી જર્મની ને જપાનનાં યુદ્ધઉત્પાદન કેન્દ્રો, ઉદ્યોગનગરો તથા વિમાનમથકો ને નૌકાગોદીઓનો મિત્રરાજ્યોએ દાટ વાળી નાખ્યો તથા દરિયામાં એમનાં યુદ્ધજહાજો ને વેપારી વહાણોને વીણીવીણીને વીંધી નાખી એ દેશોને અંતે નાકલીટી ઘસાવી તે—મિત્રરાજ્યોને આ મહાયુદ્ધ ખરેખરૂં જીતી આપનારૂં વૈજ્ઞાનિક સાધન તે તો આ રડાર. ભલભલા યુદ્ધનિષ્ણાતો પણ આજે કબૂલ કરે છે કે 'રડાર'ની શોધની સહાય આપણે પડખે ન હોત તો આ યુદ્ધ આપણે હાર્યા હોત. એવું એ અદ્‌ભુત યંત્ર 'રડાર' છે શું?

આંખને આંધળી કરી નાખતું ધુમ્મસ હોય કે કાળીઘોર શીહા અંધારી રાત હોય, પણ તેને યે વીંધીને સેંકડો માઈલ સુધીની બાતમી આંખના પલકારામાં લઈ આવતું યંત્ર તે રડાર. એનું આખું નામ 'રેડિયો ડિટેક્ટિંગ ઍન્ડ રેઇન્જિંગ'–RAdio Detecting And Ranging,–જેના પ્રથમાક્ષરો વડે એનું હાથવગું નામ યોજાયું RADAR. એ અક્ષરોને અવળા વાંચો તોપણ એ જ નામ–રડાર જ–વંચાવાનું! એ તો જોકે એક અકસ્માત છે, પણ તેમાં યે એ યંત્રની કરામતનું સૂચન આવી જાય છે; કેમકે એ યંત્રની કામગીરી પણ બંને બાજુની છે. તે રેડિયોનાં જે ત્વરિત મોજાં મોકલે છે તે જો કોઈપણ પદાર્થ જોડે અથડાય તો તરત પાછાં વળીને તેના ખબર કહે છે! ને તેની ગતિ પ્રકાશની ગતિ જેટલી જ (એક સેકંડના ૧ લાખ ને ૮૬ હજાર માઈલની) છે! ટૂંકામાં— રડાર એટલે, અંધારામાં કે અજવાળામાં, આકાશમાં, જમીન પર કે દરિયા પર, નજીક અથવા સેંકડો માઈલ દૂર, દશ્ય કે અદશ્ય રહેલી કોઇપણ વસ્તુને શોધી કાઢી નિમિષમાત્રમાં તેની બાતમી લાવી આપતી સંજયદૃષ્ટિ.

આજથી ત્રેવીસ વરસ પહેલાં, ઈ. ૧૯૨૨માં અમેરિકન નૌકા-વિજ્ઞાન પ્રયોગશાળાના ડૉ. આલ્બર્ટ ટેલરે રેડિયો-આંદોલનોના અખતરાઓ કરતાંકરતાં શોધી કાઢ્યું કે રેડિયોના ટ્રાન્સમીટર (આંદોલન મોકલનાર યંત્ર) અને રીસીવર (આંદોલન ઝીલનાર યંત્ર)ની વચ્ચેથી એક જહાજ પસાર થયું કે તરત તેમાંનાં થોડાં આંદોલનો તે જહાજ સાથે અથડાઇ, પરાવર્તન પામીને ટ્રાન્સમીટર તરફ પાછાં આવ્યાં—ટેકરીમાંથી જેમ પડઘો પાછો આવે છે તેમ!


આ જ રડારના સિદ્ધાંતનું મૂળ. રડાર એટલે પડઘો. પણ એ પડઘો અવાજનો નહિ, પરંતુ રેડિયોનાં ઝડપી મોજાંનો. અવાજનાં મોજાંનો વેગ એક સેકંડના ૧૧૦૦ ફૂટનો હોય છે, જ્યારે આ રેડિયો-આંદોલનોનો વેગ પ્રકાશના વેગ જેટલો ૧,૮૬ ૦૦૦ માઈલનો હોય છે!

ઈ. ૧૯૧૪-૧૮ના પહેલા વિશ્વયુદ્ધમાં હવાઈ વિમાનોનો આક્રમક સાધનો તરીકે ઉપયોગ શરૂ થયો ત્યારથી લશ્કરી વૈજ્ઞાનિકો એવા વિમાની કાફલાની ખબર અગાઉથી પડી શકે એવા કોઇ સાધનની શોધમાં પડ્યા હતા. દૂરથી ગર્જતી વિમાની મોટરોના અવાજને એકત્ર કરી શકે એવાં મોટાંમોટાં ભૂંગળાંઓ દ્વારા હવામાંના ધ્વનિનાં આંદોલનો પકડતું, અને એ ધ્વનિ શ્રાવ્ય બને એ રીતે તેને ઘનીભૂત (amplify) કરતું એક સાધન તો ગયા વિશ્વયુદ્ધ દરમ્યાન જ યોજાયું હતું. એ યંત્ર આ દિશામાંનું પ્રથમ પગલું કહી શકાય. એ જ યોજના ઉપર આજના રડારનું મંડાણ થયું છે. પેલા યંત્રમાં દૂરદૂરથી આવતાં વાતાવરણનાં અશ્રાવ્ય આંદોલનો પકડવાની યોજના હતી, જ્યારે આ રડારમાં દૂરદૂર રહેલા લક્ષ્ય સાથે અથડાઇને પરાવર્તિત થઈ આવતાં વિદ્યુત-આંદોલનો પકડવાની યોજના છે.

ઈ. ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ સળગી ઊઠ્યું તે પહેલાં પણ યુનાઇટેડ સ્ટેટ્સ, બ્રિટન, ફ્રાન્સ ને જર્મનીમાં એકબીજાથી સ્વતંત્ર રીતે, આ દિશામાં પ્રયાસો ચાલુ હતા; અને યુનાઇટેડ સ્ટેટ્સના નૌકા-વિજ્ઞાની ડૉ. ટેલરને હાથે એ શોધ ૧૯૨૨માં કેવી રીતે થઈ તે આપણે જોઇ ગયા. તે પછી તેના પર પ્રયોગો ચાલુ થયા. ૧૯૩૭માં ત્યાં આ રડારનો સફળ અખતરો થયો, અને છેવટે તેમાં સુધારા-વધારા થતાં આજનું રડાર અસ્તિત્વમાં આવ્યું. આ યંત્ર અનંત વિસ્તારમાં દૂરદૂર સુધી વિદ્યુત-આંદોલનો (radio waves) ફેંકે છે, અને કોઇપણ વસ્તુ સાથે અથડાતાં તે પરાવર્તન પામી પાછાં યંત્રના વાયુતાર (antenna) સાથે અથડાય છે,-અને તેથી તે વસ્તુનો બોધ થાય છે. પરાવર્તિત થતાં એ આંદોલનોના ધબકારાના વેગ ઉપરથી એ વસ્તુ કઈ દિશામાં છે, કેટલી ઊંચાઈએ છે અને કેટલા અંતર ઉપર છે તે ચોક્કસપણે જાણી શકાય છે.

સાદી રીતે સમજીએ તો 'રડાર' એટલે રેડિયોનું ટ્રાન્સમીટર ને રીસીવર, એ બંને રચનાઓ જેમાં એકસાથે યોજી હોય તેવું સંયુક્ત યંત્ર. એમાંનું ટ્રાન્સમીટર કોઇ અકલ્પિત વેગપૂર્વક આંદોલનોના ટૂંકા થડકારા મોકલ્યા જ કરે છે, અને તે પાછા આવીને રીસીવર ઉપર અથડાય છે.*

* એ આંદોલનના નીકળવાની અને પાછા આવવાની ક્રિયાનો વેગ એક સેકંડના ૬૦ થડકારાથી માંડી ૨૦૦૦ થડકારા સુધીનો (જુદાં જુદાં યંત્રોથી બનાવટ પ્રમાણે જુદો જુદો)હોય છે. આ આંદોલનો પ્રકાશના વેગથી (સેકંડે ૧,૮૬૦૦૦ માઇલ) જાય છે. એટલે ટ્રાન્સમીટર-માંથી નીકળતા થડકારાના પડઘાને પાછા વળી આવતાં અત્યંત ટૂંકો સમય લાગે છે, અને તે કલ્પનાતીત ચોક્કસાઈથી માપી શકાય છે—એક સેકંડના એક કરોડમા ભાગ જેટલી સૂક્ષ્મ તેની નોંધ રહી શકે છે! આથી, પોતાનાથી માત્ર પચાસ જ ફૂટ છેટેના પદાર્થની પણ જાણ આંખના પલકારામાં નોંધાઈ જાય છે.



રડારની ત્રણ પેઢી: ડાબી બાજુથી (૧) ૧૯૧૪-૧૮ના પહેલા મહાયુદ્ધ દરમ્યાન હુમલાખોર વિમાનોનો દૂર ગર્જનો અવાજ ઝીલી એકત્ર કરનારાં ભૂંગળાંવાળું આ બેડોળ યંત્ર શોધાએલું, તે આજના રડારનો દાદો; (૨) તે પછી ડૉ. આલ્બર્ટ ટેલરે શોધેલા સિદ્ધાન્ત ઉપર ઈ. ૧૯૩૦માં અમેરિકામાં સૌ પહેલું તૈયાર થએલું, ચોતરફ ફેરવીફેરવી શકાય એવા 'અન્ટેના' (વાયુતાર) વાળું રેડિયો ડિટેક્ટિંગ યંત્ર-રડાર—આજના રડારનો પિતા; (૩) એવેન્જર ઢબના અમેરિકન ટૉર્પીડો બૉમ્બર યુદ્ધજહાજ ઉપર સજેલું આધુનિક રડાર. (USIS)

રડારના રીસીવરમાં આ રીતે પાછા ઝીલાતા એ પડઘા 'ઑસિલોસ્કોપ' નામના એક પ્રકાશયંત્રના પડદા ઉપર, પ્રકાશમાન આકૃતિના રૂપમાં દેખાય છે. એ યંત્ર ઉપર દિશાના, માઈલના તથા ડિગ્રીના આંકા હોય છે. એટલે એ આકૃતિ પડદા ઉપર જે ઠેકાણે દેખાય તે પરથી તે પદાર્થ કઈ દિશામાં, કેટલા માઈલ દૂર ને કેટલી ડિગ્રીએ આવેલો છે તેની ચોક્કસ સમજણ પડે છે.

જે આકૃતિ ઉપર એ પડઘા અથડાઇને આવ્યા હોય તે જ આકૃતિનું રૂપ ત્યાં જણાય છે: જહાજ હોય તો જહાજ દેખાય છે, એરોપ્લેન હોય તો એરોપ્લેન અને જમીન હોય તો જમીન ત્યાં તાદૃશ રૂપે જણાય છે. જમીન કાળી દેખાય છે, પાણી ઘેરૂં ભૂખરૂં જણાય છે, ને મકાનો, ઝાડો, જહાજો, પદાર્થો વગેરે આછાં ભૂખરાં. આ બધાં એટલાં તો સ્પષ્ટ દેખાય છે કે જહાજ કયા પ્રકારનું છે તે પણ ઓળખી શકાય. જાણે ટેલીવીઝન જોઇ લો!

આથી યુદ્ધમાં રડાર જમીન પર, દરિયામાં ને આકાશમાં, ત્રણે સ્થળે ઉપયોગી થઈ પડ્યું. જમીન ઉપર, તે ચડી આવતાં હુમલાખોર વિમાનોની જાણ અગાઉથી કરી દેતું; એટલે વિમાનવિનાશક તોપો સજ્જ થઇ જતી અને રડાર બતાવતું જાય તે તે વિમાનોને વીણી વીણીને નીચે તોડી પાડતી. 'બૅટલ ઑવ બ્રિટન'ના નામથી વિખ્યાત ઇંગ્લંડ પરના હવાઇ હુમલાઓનો બચાવ આ રીતે રડારની મદદથી જ થઇ શક્યો.

દરિયામાં રડારથી સજ્જ જહાજોને દુશ્મન જહાજની ખબર, તે ગમે તેટલે દૂર હોય તોપણ થઇ જતી અને તેનો પીછો પકડી પકડીને નાશ કરવામાં આવતો. વળી, રડારથી સજ્જ કરેલાં શોધક વિમાનો સતત દરિયા પર ઊડ્યા કરતાં, અને જેવી કોઇ જહાજ કે સબમરીનની જાણ થાય કે તરત ત્યાં પહોંચી જઈ તેનો ખુરદો કરી નાખતાં. ૧૯૪૩માં જર્મન યુ-બોટો (સબમરીનો)નો ભુક્કો આ રીતે જ બોલાવી દેવામાં આવ્યો હતો. એટલે જ હિટલરે પોતાના ૧૯૪૪ના નૂતન વર્ષ દિનના ભાષણમાં ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે 'સાથી રાજ્યોની એક જ શોધે આપણા આખા યુ-બોટ મોરચાના ભુક્કા બોલાવી દીધા છે.' એ શોધ તે રડાર.

અને હવામાં તો રડારની કામગીરીએ કમાલ કરી છે. અંધારી ઘોર રાત્રે, 'સવાઈ કિલ્લા' નામનાં બૉમ્બર હવાઈ જહાજો જાપાન અને જર્મનીનાં શહેરોને હાળોવાટો કરી આવતાં તે આ રડારની મદદથી. વિમાનમાંનું રડારયંત્ર તેમને પોતાના લક્ષ્યસ્થાન ઉપર બરોબર દોરીને લઈ જતું, વિમાનો ત્યાં બૉમ્બ વર્ષા વર્ષાવતાં, ને પાછાં એ જ અંધારામાં પાછાં વળી આવતાં. ઘોર અંધારી રાત હોય કે પડદા જેવું ધાડું ધુમ્મસ હોય, પણ તેમનું રડાર યંત્ર તેમને ઘેર આવવાનો માર્ગ આબાદ બતાવીને પાછા દોરી લાવતું—નાના બાળકને આપણે દોરી લાવીએ તેટલી સલામતીથી!

નાનકડી ઓરડીમાં, ચોમેર બીજળીક યંત્રોના સાજની વચ્ચે રડાર-ઓપરેટર બેઠો હોય છે, અને આકાશનો જે વિભાગ પોતાને સોંપેલો હોય છે તેટલા પ્રદેશનું નિરીક્ષણ પોતાના યંત્રના પડદા ઉપર કર્યા કરતો હોય છે. એવામાં પડદા ઉપર હલચલ દેખાય છે અને દુશ્મન વિમાનોના આકારો ચડી આવતા જણાય છે. તરત તે પોતાના વિમાની મથકે ખબર આપે છે; અને તાબડતોબ લડાયક વિમાનોનું ઝોલું દુશ્મન સામે ઊપડે છે. તે પણ તેને પડદા ઉપર દેખાય છે. એ દેખાવ, ખરેખર અત્યંત રસમય હોય છે પછી તો સીનેમાના પડદા પર આપણે જોઇએ છીએ તેમ, બંને ટુકડીઓનું યુદ્ધ જુએ છે,—અરે બૉમ્બને પડતા ને ફૂટતા પણ જોઈ શકે છે!

યુદ્ધ દરમ્યાન બ્રિટિશ વિજ્ઞાનીઓએ એક નવી જાતનું રડાર શોધી કાઢ્યું. તેનું નામ 'મિકી'. તેના યંત્રને બે પડખે આવેલી બે મોટી ગોળ થાળીઓ તેના કાનનો આભાસ આપે છે ને તે સીનેમાના 'મિકી માઉસ' જેવું દેખાય છે તેથી! એનું ખરૂં નામ તો PPI (પ્લાન પોઝીશન ઈન્ડીકેટર). તેના પડદા પર વળી આખા પ્રદેશનો આલેખ જ નકશાના રૂપમાં દેખાય છે. ધારો કે એક બૉમ્બર વિમાન આકાશમાં દસ હજાર ફૂટ ઊંચે ઊડે છે. તેની અને જમીનની વચ્ચે તો વાદળનો

જતો પડદો આવેલો હોય છે, એટલે જમીન તો એનાથી દેખી શકાય જ નહિ; પણ તેના પર 'મિકી' રડાર હોય છે તેમાં તેની નીચેની આખી જમીન નકશાની માફક દેખાય છે, અને તેમાં દરિયાકિનારો, ગોદી, કારખાનાં, મકાનો, વિમાનમથકો વગેરે ક્યાં છે તે સ્પષ્ટ જણાય છે; એટલે તરત બૉંબમારો તે પર શરૂ થાય છે, ને ધોળે દિવસે તમા નજરથી કરી શકાય તેના કરતાં પણ વધારે ચોક્કસાઈથી ગમે તેવી અંધારી રાત્રે ને ગમે તેટલી ઊંચાઇએથી પણ આબાદ નિશાન લઈ-લઇને બધું એદાનમેદાન કરી નાખવામાં આવે છે.

બીજું એક TW નામનું 'ટેઈલ વૅર્નિંગ' રડાર વળી જુદી જ રક્ષણાત્મક કામગીરી બજાવે છે. એ, વિમાનની પૂંછડીએ તેના રડર (સુકાન) સાથે બાંધેલું હોય છે, અને પાછળથી ચડી આવતાં દુશ્મન વિમાનોથી ચેતવે છે. જેવું કોઇ હુમલાખોર વિમાન પાછળ પડે છે કે તરત એક ઘંટડી કે હૉર્ન વાગે છે ને વિમાની સાવચેત થઈ જાય છે.

વળી IFF (આઇડેન્ટિફિકેશન ફ્રેન્ડ ઑર ફો) નામનું એક રડાર એવી કરામતવાળું હોય છે કે યુદ્ધમાં સામેનું વિમાન મિત્ર છે કે શત્રુ તે પણ કહી શકે. રચના એવી હોય છે કે તેના ટ્રાન્સમીટરમાંથી અમુક વેગનાં પ્રશ્નાત્મક આંદોલનો નીકળ્યા કરે છે; ને સામેનું વિમાન જો મિત્રવિમાન હોય તો તેના ઉપર પણ એવું જ IFF રડાર હોય છે, એટલે તેમાંથી એવા પ્રશ્નાત્મક આંદોલનોનો અમુક ચોક્કસ જવાબ આપમેળે જ પાછો ફેંકાય છે, અને લાગલો જ પ્રશ્ન કરનાર વિમાનમાં તે નોંધાઇ જાય છે એટલે તે નિશ્ચિત રહે છે. પણ જો સામેનું વિમાન દુશ્મનનું હોય તો એવો પડઘો પાછો વળતો નથી.


આ ઉપરાંત GCI, LAB અથવા સ્નૂપર (મિકીના જેવાં જ), LORAN, GCA, AGL, એમ અનેક પ્રકારનાં રડાર વિવિધ કામગીરી આપવા માટે રચાયાં છે, જેના વર્ણનની અહીં જરૂર નથી; પણ તે બધાનો મૂળ સિદ્ધાંત તો એકસરખો જ.

ખરી રીતે તો રડારની આ શોધનું રહસ્ય કોઇ પણ મોટી પ્રજાન કાંઈ અજાણ્યું ન હતું. જર્મનોએ છેક ૧૯૩૯માં ચેતવણી-સૂચક આઉન્ડ સેટો તૈયાર કરેલા, અને યુદ્ધની શરૂમાં તેના વૈજ્ઞાનિકો પ્રયોગશાળાઓમાં તેના અખતરા પર રાતદિવસ મચેલા જ હતા. પણ એવામાં બે બાબત બની. પહેલી તો એ કે એ લોકો નાના યુનિટમાં લાંબા અંતર (લૉંગ રેઈન્જ) પર મોટી શક્તિ આપી શકે તેવાં મૅગ્નેટ્રોન બનાવવાને મથતા હતા, પણ તેમાં ફાવ્યા નહિ. એટલે ધાર્યું કે એ દિશામાં પ્રયત્ન નકામો છે, અને મિત્રરાજ્યો પણ તેમાં ફાવવાના નથી. આમ સમજીને તેમણે એ પ્રયત્ન છોડી દીધો. બીજું એ કે ૧૯૪૦માં નાઝીઓનો વિજય એવી ટોચની કક્ષાએ પહોંચ્યો હતો કે પોતે હવે જીતવાના જ છે એવા મદભર્યા આત્મવિશ્વાસથી તેમણે બધી નવી શોધો અટકાવી દીધી અને ચાલુ જે ચાલતું હતી તેનું ઉત્પાદન વધારવા ઉપર જ ધ્યાન આપ્યું. ૧૯૪૨માં જ્યારે તેમને અચાનક જણાયું કે યુદ્ધનું પલ્લું સામા તરફ નમે છે ત્યારે તરત તેમણે રડારના આગળ સંશોધનના અખતરાઓ શરૂ કરી દીધા. પણ એ વખતે તો બહુ મોડું થઇ ગયું હતું.

જાપાનમાં પણ રડારના સિદ્ધાંતના જાણકાર પીઢ વૈજ્ઞાનિકો હતા. 'ઍન્ટેના'નો શોધક યાગી જેવો નિષ્ણાત એમને ત્યાં હતો. પણ એ દેશ આ નવી શોધ તરફ જરા દુર્લક્ષ કરીને વિમાનો, ટૅંકો, યુદ્ધજહાજો અને એવાં પુરાણાં યુદ્ધસાધનોની બનાવટ અને ઉત્પાદન ઉપર વધારે ધ્યાન આપવામાં રોકાયો. ગ્વાડાલકનાલના તેના નૌકાકાફલા પર જ્યારે ધાણી ફૂટે તેમ આક્રમણો થયાં અને રડારને અભાવે તેના નૌકાદળમાં મોટી બાદબાકી થવા માંડી ત્યારે તેણે રડારની શોધ પર ધ્યાન આપવા માંડ્યું, અને છેક પોતે શરણે આવ્યું તેની છેલ્લી ઘડી સુધી જુદીજુદી ૫૦ જાતનાં મૉડેલો ઉપર તે અખતરા કરતું હતું. પણ ત્યાં તો ખેલ ખલાસ થઈ ગયો.

રડારની આ શોધનું રહસ્ય છેક હમણાં સુધી છૂપું રાખવામાં આવ્યું હતું. તેનું એક કારણ તો યુદ્ધ ચાલુ હતું તે; અને બીજું એ કારણ પણ ખરું કે શાન્તિના સમયમાં તેના હકને માટે વ્યાપારી હરીફાઈ ચોક્કસ રહેવાની. બ્રિટન અને અમેરિકા બંને દેશો એ શોધ પોતે પહેલાં કરી હોવાનો દાવો કરે છે. પરંતુ એક વાત તો ચોક્કસ છે કે આ યુદ્ધ દરમ્યાન જે કાંઈ નવી શોધો થઈ છે તે સર્વમાં માનવજાતને ઉપકારક શોધ તરીકે રડારની શોધ આગલી હરોળમાં છે અને તે પેનિસિલીનની હારમાં બેસી શકે.

નીચે: આધુનિક રડાર-સેટનો ખ્યાલ આપતું સંપૂર્ણ ચિત્ર, જેનાં વિવિધ અંગો સમજાવતાં અંગ્રેજી નામો સાથે જણાવેલાં છે. રડારના સેટ અનેક પ્રકારનાં અને અનેક કદના હોય છે: ૧૦૦ પૌંડ વજનના ટચુકડા સેટથી માંડીને પાંચ ટન વજનના મોટરસેટ. અહીં આપેલો નમૂનો મોટરસેટનો છે. જમણી બાજુ: પી. પી. આઈ. ઢબના રડારના પડદા ઉપર ઑપરેટર રડારે બતાવેલો નકશો જુએ છે. (USIS)





આજે તો એના નાના યુનિટની કિંમત ડીકડીક બેસે છે; પણ પાયા પરની એની બનાવટ શરૂ થતાં રડાર હવે આપણા દા ઉપયોગની વસ્તુ બની જવાની.

રડારનો સેટ જડેલો હશે તો તમે ગમે તેવા ધુમ્મસ કે અં-ગાં સલામતપણે મોટર હંકારી શકવાના. તે પહેલાં તો રેલવે ાં તે વપરાશે અને એન્જિન ડ્રાઇવર પોતાની કૅબિનમાં બેઠો માઇલો સુધીના માર્ગનું નિરીક્ષણ કરી શકશે. દરિયાનાં ાકારક ધુમ્મસોમાં વહાણો એકબીજાની સાથે અથડાયા વિના ખેડશે અને જે હોનારતથી ટિટૅનિક જેવી સ્ટીમર ડૂબી તે ા પહાડો સાથે અથડાવાનો ભય પણ હવે રહેશે નહિ. ખતર-કિનારા ને મુશ્કેલીભર્યા બંદરો ઉપર તથા ધુમ્મસ ને અંધકારથી અકસ્માતો અટકાવવામાં રડાર અત્યંત કીમતી સાધન થઈ પડશે. વિમાની સફરો માટે તો એ મોટા આશીર્વાદરૂપ બની જવાનું. રકાનાં વિમાની ખાતાં તો એના યંત્રો બનાવવા લાગી ગયાં ગાન મથકો ઉપર એક એનું ટાવર-કન્ટ્રોલર બનાવાશે કે જેની બેઠોબેઠો ઓપરેટર પચીસ માઈલના ઘેરાવામાંનાં બધાં વિ-ની સ્થિતિ નજરે જોઇ શકે, ને એ દરેકના પાઈલટને સાથેસાથે ી પણ શકે કે તે કયા સ્થળે કેવા જોખમમાં છે. ધુમ્મસમાં, ામાં, વરસતા બરફ કે વરસાદમાં તે વિમાનીઓને ચેતવતો કે તે ફલાણા પર્વત, મિનારા કે બીજા વિમાનની નજીકમાં છે દરિયા કે જમીનની પાસે આવી પહોંચ્યો છે.

લ તોડીને ભાગી જતા કેદીઓને પકડવા જેલો રડાર વાપરશે; રાના ગ્રહો, ચન્દ્ર આદિની વધુ ચોક્કસ હકીકતો મેળવવામાં ખગોળશાસ્ત્રીઓને બહુ ખપનું થઈ પડશે. સર્વેઅરોને હવે ખાની મર્યાદા નડશે નહિ ને ગમે તેટલા દૂરના સ્થળ સુધીની ન-માપણી કરી શકશે. સાહસ સફરીઓ તેની મદદથી દૂરદૂરના ગમ પર્વતોનો ઝીણવટભર્યો અભ્યાસ કરી શકશે અને વાયુ-ીઓ ઘણી સરળતાથી વાદળાંનો અભ્યાસ કરી ચોક્કસ અગમ-ો ભાખી શકશે. પ્રકૃતિશાસ્ત્રીઓએ તો પંખીઓનાં ઉડ્ડયનો ામાં તે વાપરવાની યોજનાઓ પણ કરી દીધી છે. (સંકલિત)

'કુમાર-ચિત્રપટો'

ચિત્રપટો ઉપર આજે રજૂ થતાં ચિત્રોમાંનો મોટો ભાગ ઊગતી માટે નિરૂપયોગી હોય છે, બલ્કે નુકસાનકારક પણ હોય છે; જનતાને આકર્ષવા માટે યોજાએલાં એ ચિત્રોમાંની ઘણી વસ્તુઓ ર જીવનના ઘડતરકાળમાં તેમની આગળ રજૂ થવાથી ઘણી અ-ઇનીય પ્રેરણાઓ તેઓ મેળવે છે. તેને બદલે, ચારિત્ર્ય ઘડતી, સોત્સાહ પ્રેરતી, પ્રકૃતિનાં અજબ સૌન્દર્ય અને અગાધ ઊંડાણનો ાય આપતી, ઐતિહાસિક અને ભૌગોલિક જ્ઞાનનો બોધ કરતી, ાનનાં રહસ્યો ઉકેલતી, તેમજ જીવનને પ્રસન્ન, પ્રફુલ્લ, જોમદાર ધીરોદાત્ત બનાવતી સામગ્રીઓ યોજેલાં પ્રેરક અને બોધક ો યોજવાં જોઇએ, એ વિષે બેમત નહિ હોય.

કુમારોને પોતાને હાલ કઇ જાતનાં ચિત્રોની જરૂર છે તેના વિષેનાં યા ચિત્રસામયિકોને લખી મોકલવાં, અને ઉપરાંત ચિત્ર નિર્મા-ા, દિગ્દર્શકો, તથા ઉત્પાદકોની સાથે પણ આવાં ચિત્રોની મા-ા માટે પત્રવ્યવહાર કરવો ને આ કુમાર ચિત્રપટોની ઝુંબેશને ળતાપૂર્વક ચલાવવી, એવા ઉદ્દેશથી ગુજરાતી કુમાર સાહિત્ય ળ તરફથી 'કુમાર-ચિત્રપટો'ની ચળવળ શરૂ થઇ છે અને તેના ોઓ સૌ કુમાર મિત્રોનો આ કાર્યમાં સાથ ઇચ્છે છે. વધુ પરિચય ર પત્રવ્યવહાર કરવાનું સરનામું: વીરેન્દ્ર અઢિયા, 'પ્રેરણા' પૂના-૪.

નવાં પુસ્તકો

મીરાં પ્રેમદીવાની : ગુજરાતનાં પ્રથમ સ્ત્રીકવિ ભક્ત મીરાંબાઈના જીવનને આલેખતી સળંગ નવલકથા : લેખક-રામચંદ્ર નારાયણ ઠાકુર, પ્રકાશક-નંદલાલ ચુનીલાલ બોડીવાળા, સંદેશ લિમિટેડ, અમદાવાદ, શ્રી. રવિશંકર રાવળ તથા કનુ દેસાઈનાં સુશોભનો તથા ચિત્રો અને મીરાંબાઇનાં ૧૦૦ ઉપરાંત ચૂંટેલાં પદોના સંગ્રહ સાથે લગભગ ૪૦૦ પાનાં. કિં. રૂા. ૬ ૪-૦; **છાયાકલા :** (ભાગ પહેલો) કળાકાર લક્ષ્મીપ્રસાદ સેવકનાં દસ છાયાચિત્રોનો સંપુટ, પ્રકાશક-ઈન્દ્રવદન મ શુકલ, જોશી મહોલ્લો, નવસારી, ૩-૦ ૦; **જપમાળા:** જગન્માતાની સ્તુતિનાં ૧૦૮ મુક્તકોનો સંગ્રહ. લેખક તથા પ્રકાશક-પૂંજાલાલ ર. દલવાડી, શ્રી અરવિન્દ આશ્રમ, પૉંડીચૅરી, ૦-૮ ૦; **ગીતિકા :** એ જ લેખકનાં એ જ ભાવનાં પચ્ચીસ ગીતોનો સંગ્રહ, પ્રકાશક-જગન્નાથ પૂંજાલાલ ડૉક્ટર. ૨૨. ગોવાલિયા ટૅંક રોડ, મુંબાઈ ૭, ૧ ૮ ૦; **મહાગુજરાતની ગઝલે :** મહાગુજરાત ગઝલ-મંડળના પ્રથમ ત્રણ મુશાયરામાં વંચાએલી મંડળના સભ્યોની ગઝલોનો સંગ્રહ: કવિઓના પરિચય સાથે, પ્રકાશક-જયંતીલાલ વિઠ્ઠલદાસ મહેતા, શ્રી હરિહર પુસ્તકાલય, ટાવરરોડ, સૂરત, ૧-૮-૦; **સોવિયેટ શિક્ષણ:** રશિયાએ શિક્ષણ દ્વારા કરેલી પોતાના દેશની કાયાપલટનો ખ્યાલ આપતી પુસ્તિકા : લેખક પ્રો. પ્રસન્ન વકીલ, સોવિયેટ મિત્રમંડળ અમદાવાદ, ૦-૮-૦; **રાષ્ટ્રીય મહાસભા અને વિદ્યાર્થી પ્રવૃત્તિ :** ગાંધીજીએ વિદ્યાર્થીઓમાં કાર્ય કરવા માટે બહાર પાડેલી સૂચનાઓ ઉપર, કાર્યકર્તાઓને કામ કરવામાં મદદરૂપ થાય તે રીતે તૈયાર કરેલી પત્રિકા. લેખક-મગનભાઈ પ્રભુદાસ દેસાઇ, પ્રકાશક-નવજીવન કાર્યાલય, અમદાવાદ. ૦-૬-૦; **ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ :** જે. સી. કુમારપ્પાના જાણીતા પુસ્તકની સુધારાવધારા સાથેની ચોથી આવૃત્તિનો અનુવાદ કરનાર શ્રી નગીનદાસ પારેખ, પ્રકાશક ઉપર મુજબ; ૨-૦-૦. **હિંદી સરકારની શિક્ષણયોજના :** સારજંટ યોજનાને નામે ઓળખાતી વડી સરકારની શિક્ષણ યોજના અંગેના લેખનો સંગ્રહ, સંપાદક-વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારી, પ્રકાશક-નવજીવન કાર્યાલય, અમદાવાદ, ૦-૬ ૦; **કલ્યાણયાત્રી :** ગાંધીજીના જીવનકાર્યનું દર્શન કરાવતું લાંબુ કાવ્ય, લેખક-કરસનદાસ માણેક કાકાસાહેબ કાલેલકરનાં પુરોવચન સાથે સુંદર રૂપરંગમાં. પ્રકાશક-નાલંદા પ્રકાશન, એન. એમ. ત્રિપાઠી લિ. મુંબાઇ-૨, ૧-૪-૦; **હજરત મહંમદ અને ઈસ્લામ :** ઈસ્લામના સ્થાપક આ પેગંબર વિષે ફેલાયેલા કેટલાક ખોટા ખ્યાલો દૂર કરી એમનો પેગામ સાચા સ્વરૂપમાં સમજાવતા પંડિત સુંદરલાલના 'हजरत मुहम्मद और इस्लाम'ના પુસ્તકનો ગુજરાતી અનુવાદ: પ્રકાશક-નવજીવન-કાર્યાલય, અમદાવાદ, ૧-૦-૦.

બાલવિનોદમાળાનાં પુસ્તકો

મંજરી: સંપાદક-નાગરદાસ ઈ. પટેલ, ૦-૪-૦; **અલાદીન:** લેખક-નાગરદાસ ઈ. પટેલ, ૦-૪-૦; **સુદામો:** લેખક-નાગરદાસ ઈ. પટેલ, ૦-૪-૦ **વડોદરા:** લેખક-નાગરદાસ ઈ. પટેલ, ૦-૪-૦; **હીરામણ :** સંપાદક-નાગરદાસ ઈ. પટેલ, ૦-૪-૦; **હંસા:** લેખક-નાગરદાસ ઈ. પટેલ ૦-૪-૦; **વાલિયો:** લેખક-નાગરદાસ ઈ પટેલ, ૦-૪-૦; **વામનજી:** લેખક-નાગરદાસ ઈ. પટેલ, ૦-૪-૦; મળવાનું સ્થળ 'બાલ વિનોદમાળા'નાં અનુક્રમે પુસ્તક ૪૧થી ૪૭. એ બધાં જ પુસ્તકો શ્રી જગમોહન મિસ્ત્રીના આલેખેલાં રંગબેરંગી ચિત્રોથી આકર્ષક બનાવાયાં છે. બધાંનું મળવાનું સ્થળ-બાળ વિનોદ કાર્યાલય, ૧૪૯ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ-૨.

મહાકવિની સ્મૃતિ

મહાન અથવા સારા કવિની ઉત્પત્તિ થવા માટે 'કાવ્યપ્રકાશ'-ના કર્તા મમ્મટ ત્રણ કારણો દર્શાવે છે:

शक्तिर्निपुणता लोकशास्त्रकाव्याद्यवेक्षणात् !
काव्यज्ञ शिक्षयाभ्यास इति हेतुस्तदुद्भवे ॥

સહુથી પ્રથમ કવિમાં પૂર્વજન્મમાંથી ઊતરી આવેલી કવિત્વના બીજ રૂપ સ્વાભાવિક શક્તિ અથવા 'નવનવ ઉન્મેષશાલિની પ્રજ્ઞા રૂપ પ્રતિભા' જોઇએ. પરંતુ પૂર્વજન્મના સંસ્કાર પ્રબળ કરવા માટે આ જન્મમાં પણ કવિને અવલોકન, અભ્યાસ ને અનુભવની અપેક્ષા રહે છે. અર્થાત્ કવિ થવામાં ઊંચા પ્રકારની કેળવણી, વિવિધ વિદ્યાઓનો અભ્યાસ અને પૂર્વકવિઓના ગ્રન્થોના અધ્યયનથી પ્રાપ્ત કરેલી નિપુણતા, એ બીજું કારણ છે. કવિ મિલ્ટન તો એટલે સુધી કહે છે કે 'આ સકલ વિશ્વ એ કવિના જ્ઞાનનું ક્ષેત્ર હોવું જોઈએ' કવિવર ટાગોર જેમણે જગતસાહિત્યમાંથી વિશાળ વાચન, મનન ને ચિંતન કર્યું હતું તે 'The Great Symphony' નામના કાવ્યમાં કહે છે:

How little I know of this mighty world,
Myriad deeds of men, cities, seas and desert wastes,
So many unknown forms and trees
Have remained beyond my range of awareness.
Great is life in this wide Earth
And small the corner where my mind dwells.

આ વિશાળ વિશ્વના અનંત રસમય પદાર્થોમાંથી કેટલા થોડાને પોતે જ્ઞાનનો વિષય કરી શકયા છે તે સંબન્ધી પોતાની અલ્પજ્ઞતા કવિવર પરમ નમ્રતાથી દર્શાવે છે.

ત્રીજું કારણ, કાવ્યજ્ઞો–કુશલ કવિજનો અને કાવ્યવિવેચકો–પાસે કલાવિધાન વગેરેનો કરેલો અભ્યાસ છે.

પૂર્વોક્ત ત્રણ કારણોમાંથી પ્રેમાનંદમાં કવિત્વની પ્રતિભા હતી, સંસ્કૃત સાહિત્યનું પુષ્કળ પાન હતું ને કાવ્યજ્ઞો પાસે અભ્યાસ પણ એણે કર્યો હતો. પરંતુ એનામાં અવલોકનશક્તિની ઊણપ હતી. આ વિશાળ વિશ્વનાં પ્રધાન રસસ્થાનો, જેવાં કે સૂર્ય, ચન્દ્ર, તારાગણ, સમુદ્ર, સરિતાઓ, પહાડો, ઝરણાં, વૃક્ષો, પશુ, પંખી ઇત્યાદિ ઉપર એની દૃષ્ટિ ઠરતી નથી. આવી અનંત રસમય સૃષ્ટિ નિહાળીને એને અન્તરમાંથી ઉમળકો આવતો નથી અને એની કવિતામાં એ પદાર્થો પ્રત્યે પ્રેમની અત્યુક્તિનાં ગાન કોઇ અપૂર્વ સત્ત્વરૂપે પ્રકટ થતાં નથી.

પ્રેમાનંદની કાવ્યસૃષ્ટિ એ બહુધા સંસ્કૃત સાહિત્યમાંથી ઉતારેલી પણ પોતાના સમયના ગુજરાતમાં રૂપાન્તર પમાડેલી સૃષ્ટિ છે. એનાં આખ્યાનોના પ્રાચીન વાતાવરણને એ અદ્ભુત કુશળતાથી તત્કાલીન ગુજરાતના વાતાવરણમાં ફેરવી નાખે છે અને એનાં પ્રાચીન પાત્રો એ ગુજરાતી સ્ત્રી-પુરુષો બની જાય છે. એનું 'ગુજરાતીપણું' એ એની અનન્યસાધારણતા છે.

પ્રેમાનંદનાં આખ્યાનો શ્રવ્ય હતાં, તથાપિ એ 'શ્રવ્ય'ને દૃશ્ય કરી બતાવવાની એનામાં અપૂર્વ કલા હતી. માણ ઉપર એનો હાથ મંડાતાં જ કોઈ પરમ છટાથી એ ભૂતકાલની રસમય સૃષ્ટિ સજીવન કરી શકતો અને શ્રોતાજનોને ભૂતકાલ વર્તમાનવત્ કરી એમાં ફેરવતો. જે અસર દૃશ્ય નાટકો કરી શકે છે તે પ્રેમાનંદનાં આખ્યાનો દ્વારા સિદ્ધ થઇ શકતી. પ્રાચીન પાત્રોને પ્રત્યક્ષવત્ કરવાની એની મહાન શક્તિથી સુદામો, કૃષ્ણ, દામોદર દોશી, લક્ષ્મીજી, ઓખા, ચિત્રલેખા વગેરે પાત્રો આપણા ઘરનાં મનુષ્યો જેવાં આપણને પરિચિત થઈ ગયાં છે. પ્રેમાનંદ પણ આપણા અન્ય પ્રાચીન કવિઓની મેઠે એનાં આખ્યાનોમાં પ્રભુને કેન્દ્રસ્થાને સ્થાપી એની આસપાસ વસ્તુ ગૂંથે છે અને એને રમણીય બનાવે છે.

પ્રેમાનંદ નવરસમાંથી પ્રત્યેકનું વર્ણન તાદાત્મ્યભાવે કરી શકે છે. શૃંગાર, વીર, કરુણ ને હાસ્યરસનાં એનાં કેટલાંક વર્ણનો ચિરકાલ સુધી વિસરાય નહિ તેવાં છે. ઓખાહરણ, સુદામાચરિત્ર, નળાખ્યાન, મામેરૂં વગેરે કાવ્યોના અનેક પ્રસંગો આજે પણ જતન કરીને સ્મરણમાં સાચવી રાખવા જેવા જણાય છે. બાળપણમાં મેં કરેલું ઓખાહરણનું અવિસ્મરણીય શ્રવણ આજે પણ એવું ને એવું તાજું પરમ આનંદ આપે છે, એટલું જ નહિ પરંતુ પૂર્વોક્ત પ્રસંગોમાં આપણા વેદયુગથી માંડીને સંસ્કૃત યુગમાં થઇને ઊતરી આવેલા ધર્મ અને તત્ત્વજ્ઞાનનાં ભાવો પ્રેમાનંદની પ્રતિભામાં પ્રકટ થયા છે.

પ્રેમાનંદ લોકહૃદય ઉપર બહુ અસર કરી શકે છે. એનાં આખ્યાનોમાં એ લોકમતનું આબેહૂબ પ્રતિબિમ્બ પાડે છે અને તેથી જનતાને એનાં કાવ્યો અત્યંત ગમી જાય છે. ઘણીવાર એ લોકરુચિને અનુસરે છે અને અતિવાસ્તવિક બની જાય છે અને જેવો છે તેવો જનસમાજ આલેખે છે. પરિણામે લોકમતનું વિશેષ પ્રતિબિમ્બ પાડવામાં એ એને સંસ્કારવાનું ભૂલી જાય છે. ઉમાશંકર જોષી કહે છે એમની સાથે હું પણ સંમત છું કે પ્રેમાનંદે 'અભિમન્યુ આખ્યાન'-માં મહાભારતનાં ઊંચાં પાત્રો જેવાં કે દ્રૌપદી, યુધિષ્ઠિર, સુભદ્રા, ઉત્તરા, ઘટોત્કચ વગેરેને મૂળ કરતાં ઊતરતાં બનાવ્યાં છે. વળી કેટલેક પ્રસંગે તો નાયક ને નાયિકાને—ઉત્તરા ને અભિમન્યુને—પણ કવિએ નિર્માલ્ય આલેખ્યાં છે. 'મવાળો' પાછો લેવા જતી, સાંઢણી ઉપર બેઠેલી ઉત્તરા અભિમન્યુને જોઇને જે અયોગ્ય ઉદ્ગારો કાઢે છે તે વીર અર્જુનને હાથે સંસ્કાર પામેલી ઉત્તરા માટે છાજે તેવું નથી. વળી કૃષ્ણનું પાત્ર પણ ઘૃણા ઉત્પન્ન થાય એવીરીતે પ્રેમાનંદે આલેખ્યું છે તે યોગ્ય થયું નથી. એમાં કલાની ક્ષતિ છે. કેવળ નિર્દોષ અભિમન્યુને મારવા માટે જ જાણે કૃષ્ણનું પાત્ર સર્જયું હોય એવી વાચકને અસર થાય છે.

મહાકવિ પણ એના સમયને આધિન હોય છે. પ્રેમાનંદના સમયમાં ગુજરાત પરાક્રમને પંથે ચઢયું નહોતું. એનું સાંસારિક જીવન સંકુચિત હતું. એનો આત્મા કોઇ મહાન વિચારોથી ખળભળેલો ન હતો. એનામાં એક ધર્મનું નયન મોટે ભાગે પ્રકાશતું હતું. અલબત્ત ગુજરાતની રમણીય ભૂમિમાં સૃષ્ટિસૌન્દર્ય ઘણું ભર્યું છે, અને આસપાસના સુન્દર અને ભવ્ય પદાર્થોનું અવલોકન કરી ઘણી રસિક સૃષ્ટિનું એ મહાકવિ નિર્માણ કરી શક્યો હોત. પરંતુ એની કવિતાનો પ્રદેશ મર્યાદિત છે. એલિઝાબેથના ઇંગ્લંડમાં શેકસપીઅરે જે આત્માની વિશાળતા અનુભવી અને મહાન કૃતિઓ સર્જી તે પ્રેમાનંદમાં જોવામાં આવતી નથી. ગુજરાતના જીવનમાં ઇંગ્લંડના સંજીવન યુગ જેવી સાહસિકતા અને પરાક્રમવૃત્તિ નહિ ને પ્રેમાનંદમાં શેકસપીઅર જેવી જગતને જોવાની વિશાળ અને ઊંડી અવલોકનશક્તિ નહિ. પરંતુ એનો સમય અને સ્થિતિ ધ્યાનમાં લેતાં પ્રેમાનંદે, ખરેખર, આપણા કવિતાસાહિત્યમાં ઘણી સિદ્ધિ મેળવી છે. આપણા ગુજરાતના જીવનના ઘડતરમાં પ્રેમાનંદનો મહાન ફાળો છે.

પ્રેમાનંદના ગ્રન્થોનો વધારે સૂક્ષ્મ દૃષ્ટિએ અભ્યાસ થવાની જરૂર છે. આપણા મહાકવિઓ એ આપણો અખૂટ ખજાનો છે. એમની સ્મૃતિ એ આપણી સંસ્કૃતિ છે. **રતિલાલ મો. ત્રિવેદી**

મારા દેશવટાનાં એકવીસ વર્ષ

રાજા મહેન્દ્રપ્રતાપ જેમનો પરિચય આ અંકની મધુકરીમાં આપ્યો છે, તેમણે આ સંક્ષિપ્ત આત્મકથા ઈ. ૧૯૩૫માં અમેરિકન પત્રો માટે લખી હતી. એક મિત્રે 'ઍટલાન્ટા મૅગૅઝીન'ના મોકલેલા કટિંગમાંથી વિશ્વવાણી'માં તે ઉતારેલી, તે થોડી ટુંકાવીને અહીં આપી છે.

યુક્તપ્રાંતની મુરસાન રયાસતના રાજા ઘનશ્યામસિંહજીને ત્યાં, ઈ. ૧૮૮૬ની પહેલી ડિસેમ્બરે મારો જન્મ થયો. હું એમનો ત્રીજો પુત્ર.

આમ, મોંમાં સોનાના ચમચા સાથે જન્મ્યો અને ઐશઆરામ, ઉચ્ચ શિક્ષણ, ધન-જન, માન-સન્માન ઉપરાંત સુંદર જીવનસહચરી પણ મળી, છતાં મને માનસિક તૃપ્તિ કે આનંદ નહોતો. મારા દેશની અભણ અને અવશ જનતા તથા તેની અસીમ ગરીબી અને નમ્રતા જોઈને મારું હૃદય ઉદાસીથી ભરેલું રહેતુ. મને થતુ કે શું મારા દેશની આ નિરીહ જનતા પ્રત્યે મારું કોઈ કર્તવ્ય નથી? દુઃખ અને દર્દના આ સમૂહ વચ્ચે મારા આ હાસ-વિલાસ યોગ્ય છે? ઈ. ૧૯૦૮માં હું ગંભીરતાપૂર્વક વિચારતો થઈ ગયો કે મારી પાસેની આ બધી જમીન-જાયદાત અને ધનસંપત્તિ મારે માટે વ્યર્થ છે. મારા ને મારા પરિવાર માટે એક નાની માસિક રકમ લઈને એ બધું મારા દેશવાસીઓને અર્પણ કરી મારી જાતને તેમની સાથે આત્મસાત્ કરીશ તો જ મને સુખ થશે. પરંતુ વારસાકાયદા અનુસાર મારી અરધી જ સંપત્તિ ઉપર મારો અધિકાર હતો, ને અરધી ઉપર મારાં સંતાનોનો. આથી મેં મારી અરધી સંપત્તિ—જેમાં અનેક ગામ અને મકાનો હતાં તે—અર્પણ કરીને વૃન્દાવનમાં 'પ્રેમ મહાવિદ્યાલય' નામની એક ઔદ્યોગિક શિક્ષણસંસ્થાનો પાયો નાખ્યો. માનવપ્રેમની વેદી પર એ મારી તુચ્છ ભેટ હતી. એ સંસ્થા આજ પણ ચાલી રહી છે.

૧૯૧૪માં યુરોપીય મહાયુદ્ધ શરૂ થયું ત્યારે મેં વિચાર્યું કે આ તકનો લાભ લઈને આપણી કાંધ પરથી બ્રિટનની ગુલામીનું ધોંસરું કેમ ફેંકી ન દઈએ? અમ પાંત્રીસ કરોડ દેશવાસીઓને માટે એ એક ભારે શરમની વાત છે કે એક મહાન અને સમૃદ્ધ દેશના અધિવાસી હોવા છતાં અમે પારકાના ગુલામ છીએ. મેં વિચાર્યું કે જો જર્મની મદદ કરે તો અમે બ્રિટનની ગુલામીથી છૂટી શકીએ. મિત્રો સાથે ખૂબ ચર્ચા પછી મારે પહેલાં યુરોપ જઈને યુદ્ધની પરિસ્થિતિનો અભ્યાસ કરવો એમ ઠર્યું અને હું યુરોપ જવા ઊપડ્યો.

સ્વિટ્ઝર્લૅંડ પહોંચતાં મને બર્લિનની ભારતીય સમિતિ દ્વારા જર્મન સરકારનો આમંત્રણપત્ર મળ્યો. એ લઈને હું જર્મની ગયો અને કૈસરે ઘણા આદરથી મને મુલાકાત આપી. જર્મનીના પરદેશખાતાના માણસો સાથે મારે લાંબી વાતચિત થઈ. અંતે એમ ઠર્યું કે મારે હિંદ-જર્મન-તુર્કી મિશનની સાથે અફઘાનિસ્તાન જવું. મારા મિત્રો અને સાથીઓની જોડે પહેલાં હું કૉન્સ્ટૅન્ટીનોપલ ગયો. ત્યાં તુર્કી સુલતાન મને બહુ પ્રેમથી મળ્યા. મેં અન્વર પાશા, તાલત પાશા વગેરે સાથે લાંબો વખત વાતો કરી અને હિંદ વિષેનું તેમનું દૃષ્ટિબિંદુ સમજ્યો. પછી બગદાદ થઈને ઈરાન પાર કર્યું આખી મુસાફરી અને ઘોડા ઉપર જ કરી. ઊંચા પર્વતો પાર કરી ૧૯૧૫ની બીજી ઑક્ટોબરે અમે કાબુલ પહોંચ્યા. અમારો ઈરાદો એ હતો કે અફઘાનિસ્તાન હિંદમાં અંગ્રેજો સામે યુદ્ધ જાહેર કરે. અફઘાનિસ્તાનના અમીર અમારા મિશન તરફ બહુ મયાળુ હતા, પરંતુ અમીરે પોતાની પરિસ્થિતિ વિચારીને અંગ્રેજો સાથે યુદ્ધ જાહેર કરવાનું મુનાસિબ ન માન્યું. વળી અમીરે એમ પણ કહ્યું કે તુર્કી અને જર્મની સાથે પોતાને કોઈ સીધો સંબંધ નથી. હું ૧૯૧૮ના ફેબ્રુઆરી સુધી અફઘાનિસ્તાનમાં રોકાયો. વચ્ચે હું બદક્ષાં અને વાખાનના ઘાટ તથા દુનિયાની છત ગણાતા પામીર પ્રદેશની સફર કરી આવ્યો.

ઈ. ૧૯૧૮ની શરૂઆતમાં રશિયન ક્રાન્તિના ખબરો ચોમેર વીજળીવેગે પ્રસરી રહ્યા. ક્રાન્તિની આ નવી ઢબમાં મને પણ મારા દેશને માટે આશાનું કિરણ દેખાયુ. એટલે ૧૯૧૮ના માર્ચની શરૂમાં હું રશિયા જવા ઊપડ્યો. પેટ્રોગ્રાડ જઈને સૌ પહેલાં હું લીઑન ટ્રૉટ્સ્કીને મળ્યો, અને પછી બીજા નેતાઓ સાથે વાતો કરીને મેં એમના ક્રાન્તિકારી સંગઠનનો અભ્યાસ કર્યો. કરોડોની જનતાના એ મુક્તિપ્રયાસને જોઈ મારું મન શ્રદ્ધા અને આદરથી ભરાઈ ગયું. હું એવા દિવસનું સ્વપ્ન જોવા લાગ્યો, જે દહાડે મારો ઘરાશાયી દેશ એની જ માફક આળસ મરડીને ઊભો થાય.

રશિયાથી હું જર્મની જવા ઊપડ્યો. બોલ્શેવિક સરકારે મને જર્મન સીમાડા સુધી પહોંચવાની પૂરી સગવડ કરી આપી. હું ફરી એકવાર કૈસરને મળ્યો. અને અફઘાન અમીરે તેના પત્રના જવાબમાં લખેલો કાગળ તેને આપ્યો. જર્મનીથી ફરી હું તુર્કી ગયો અને ફરીથી બેવાર ત્યાંના સુલતાનને મળ્યો. તેમને પણ અફઘાન અમીરનો તેમના પરનો જવાબ મેં આપ્યો.

જર્મની અને યુરોપના બીજા દેશોના મારા આ વખતના પ્રવાસમાં મેં એક વાત સ્પષ્ટ જોઈ લીધી કે એશિયાના પૂર્વીય દેશો બાબતમાં બ્રિટિશ સામ્રાજ્યવાદીઓના વિચાર જેટલા પતિત અને કલુષિત છે તેથી કંઈ ઓછા પતિત કે કલુષિત જર્મની વગેરે દેશોના વિચાર હિંદ, ચીન આદિ દેશો માટે નથી. યુરોપનાં નાનાંમોટાં બધાં જ રાજ્યો એશિયા અને આફ્રિકાના દેશોને પોતાની સામ્રાજ્યવાદી લિપ્સાનું સાધન અને પોતાના ઉદ્યોગવાદી વિસ્તાર તથા શોષકવૃત્તિનું ક્ષેત્ર સમજે છે. જે બોલ્શેવિક નેતાઓ સાથે મારે વાતચિત થઈ તે પણ એશિયાઈ દેશોને માટે યુરોપીય મુલ્કોનો સંપર્ક કલ્યાણકારી જ સમજતા હતા. યુરોપી રાષ્ટ્રોની આ જે મનોવૃત્તિ મેં નિકટથી જોઈ લીધી એથી હું એક નિશ્ચય પર તો આવી જ ગયો કે માનવકલ્યાણને માટે જ્યાં સુધી એક વિશ્વસંઘની સ્થાપના ન થાય ત્યાં સુધી આ યુદ્ધ અને આ કટુતા ચાલુ જ રહેવાનાં છે. એ વિશ્વ-સંઘમાં દરેક રાષ્ટ્ર અને દરેક જાતિને સમાન અધિકાર હશે, ઉદ્યોગ અને ઉત્પાદનની દરેક રાષ્ટ્રને સરખી સરળતા હશે અને રાષ્ટ્રરાષ્ટ્ર તથા મનુષ્ય-મનુષ્ય વચ્ચેની શોષણવૃત્તિ નાબૂદ કરીને એ બધાના આધ્યાત્મિક નિયન્ત્રણ માટે પ્રેમધર્મનો પ્રચાર કરવો પડશે. આપણા સામ્પ્રદાયિક ધર્મોમાં આપણે બધા પાઠ શીખ્યા છે, પણ પ્રેમનો પાઠ નથી શીખ્યો. જ્યાં સુધી મનુષ્ય પોતાની પ્રત્યેક ક્રિયાને માનવપ્રેમની સંભાવનાઓની દૃષ્ટિથી જોતો નહિ થાય ત્યાં સુધી દુનિયાને સુધારવાનાં તેનાં સુખસ્વપ્નાં નિરર્થક છે. આથી મેં રાજનૈતિક કાર્યક્રમ બધો અટકાવી દઈને પ્રેમધર્મ અને વિશ્વબંધુત્વનો પ્રચાર કરવાનો નિશ્ચય કર્યો અને તેને માટે બુડાપેસ્ટને કેન્દ્ર બનાવી કામ શરૂ કર્યું. ૧૯૧૮ના ઉનાળાની આ વાત.

પણ હું ઝાઝો વખત આ કામ ચાલુ રાખી ન શક્યો. યુરોપના

દેશો એ વેળા ક્રાન્તિના ઝોલા પર ઝૂલતા હતા. લગભગ દરેક દેશમાં ક્રાન્તિની લહરો રહીરહીને ઊઠતી હતી. હું થોડા દિવસ સ્વિટ્ઝર્લૅંડ ચાલ્યો ગયો. ત્યાં સમાચાર જાણ્યા કે અફઘાનિસ્તાનના અમીરનું ખૂન થયું છે અને તેનો ત્રીજો પુત્ર અમાનુલ્લાખાં ગાદીએ આવ્યો છે. આ ખબર સાંભળીને હું જર્મની આવ્યો. ત્યાં મને માલૂમ પડયું કે અફઘાનિસ્તાને ઇંગ્લંડને યુદ્ધનું આવાહન આપ્યું છે. એ સાંભળી હું અફઘાનિસ્તાન જવા ઊપડયો. કોઈવાર ઘોડાગાડી, કોઈવાર ટ્રેન તો કદિક વિમાન માર્ગે સફર કરતો હું મૉસ્કો પહોંચ્યો. ત્યાં લેનિનને મળી એશિયાના દેશો વિષે વિસ્તારથી વાતો કરી. ત્યાંથી ભાગાભાગ ઈ. ૧૯૧૯ના ડિસેમ્બરની ૧૨મીએ હું અફઘાનિસ્તાન પહોંચ્યો. પણ ત્યાં તો યુદ્ધ પૂરૂં થઈ ગયું હતું. અંગ્રેજોએ અફઘાનિસ્તાનનું સ્વાતંત્ર્ય કબૂલી લીધું હતું; અને અફઘાનોને પોતાનું જોઈતું મળી ગયું હોવાથી હિંદને ખાતર પડોશી બ્રિટિશ રાજ્ય સાથે દુશ્મનાવટ ચાલુ રાખવાનું એમને કોઈ કારણ ન હતું.

અફઘાનિસ્તાનના નવા રાજા અમાનુલ્લાખાન સાથે મારે ગાઢી મિત્રાચારી હતી. એટલે હું બીજી વાર ત્યાં ગયો ત્યારે તેમણે મારા પ્રતિ બહુ સારો ભાવ બતાવ્યો અને અફઘાન સરકાર તરફથી મને એક સ્પેશ્યલ મિશન સાથે ચીન, તિબેટ, જાપાન આદિ દેશોમાં જવાનો આગ્રહ કર્યો. એ હું ન ટાળી શકયો. મિશનની સાથે એક અફઘાન અફસર હતા. અમે પામીર થઇને શકુરઘાન ગયા. એ ચીનનું સરહદી શહેર છે અને ત્યાં આગળ હિંદ, રશિયા, અફઘાનિસ્તાન અને ચીન એ ચારે દેશોની સીમાઓ કેંન્દ્રિત થાય છે. કાશગરના બ્રિટિશ કૉન્સલ જનરલે મારા પર હરેક પ્રકારના આરોપો મૂક્યા અને મારી સફરમાં ડગલે ને પગલે હરકતો ઊભી કરવાની કોશિશ કરી. એનું અનુમાન એ હતું કે અફઘાન યુદ્ધનો કર્તાહર્તા હું હતો. ચીના લોકો મારા પ્રત્યે ઉદાર હતા. તેમની મારા તરફ બહુ સહાનુભૂતિ હતી, પરંતુ અંગ્રેજોના વિરોધને કારણે મને કોઈ સહાય કરવાને અસમર્થ હતા. મેં ચીનના સરહદી અફસરોને અફઘાનના શાહનો ખરીતો સોંપી દીધો અને અફઘાનિસ્તાન પાછો આવ્યો. આ દરમ્યાન, તિબેટ જવાની પરવાનગી તથા સફરમાં સંરક્ષણ માગવા સારૂ હું ચીની સરકાર સાથે પત્રવ્યવહાર કરતો રહ્યો હતો. પરિણામે ૧૯૨૦માં હું ફરીથી ઊપડયો અને પામીર પહોંચીને તિબેટનો રસ્તો લીધો. આ વખતે બ્રિટિશ અધિકારીઓએ મને મરેલો કે જીવતો પકડવા માટે એક લશ્કરી બૅટૅલિયન મોકલી. એ ટુકડી તમામ આન્તર્રાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન કરીને ચીનમાં ઘૂસી આવી. પરંતુ ચીનાઓએ મને વખતસર સાવધાન કરી દીધો હતો, અને મારા સદ્ભાગ્યે એક રશિયન બૅટૅલિયન તાશકંદ જઈ રહી હતી તેમણે મારી વિનતિથી મને પોતાના સંરક્ષણમાં લઇ લીધો. અંગ્રેજ કમાન્ડર નિરાશ થઈ દાંત કચકચાવતો રહી ગયો, કેમકે રશિયનોને છેડવાની તેની હિંમત ન હતી. અમે કારાકુલ થઇને પામીરનાં તમામ શિખરો પાર કર્યાં.

હવે અફઘાનિસ્તાનમાં મારા મિશનની કોઈ જરૂરત રહેલી ન હોવાથી હું પાછો યુરોપ ગયો. પરંતુ થોડા દિવસ બાદ ફરી હું એક રાજનૈતિક મિશન પર હંગરી સરકારના પાસપોર્ટથી મેક્સિકો થઇ જાપાન ને ચીન પહોંચ્યો. જાપાન એક શક્તિશાળી મહત્ત્વાકાંક્ષી એશિયાઇ રાષ્ટ્ર છે. પરંતુ બ્રિટિશ સામ્રાજ્યશાહી તેને ચડાવીને એક તરફ ચીનને દબાવવાની ચેષ્ટા કરે છે, અને બીજી બાજુ રશિયાની વિરુદ્ધ પ્રોત્સાહન આપે છે. બ્રિટિશોની આ કૂટનીતિ જાપાનીઓને સમજાવવાનો મેં પ્રયત્ન કર્યો. સમજદાર જાપાનીઓ મારી સાથે સહમત હતા, પણ સરકારી તબકા પર બ્રિટિશ કૂટનીતિજ્ઞોની અસર હતી. હું મનમાં ને મનમાં વિચારતો હતો કે એક દિવસ આ નીતિને માટે બ્રિટને પાઇએપાઇ કરીને વ્યાજ ચૂકવવું પડશે. ચીનમાં મેં જોયું કે મધ્યમવર્ગ પોતાના સંકટને સમજી ગયો હતો, પરંતુ ચીની જનતા તો હજી પણ ભારતીય જનવર્ગની માફક નીરવ અને નિશ્ચેષ્ટ પડેલી હતી. આ બંને દેશોની કેટલીક આગળપડતી વ્યક્તિઓ આગળ મેં એશિયાઈ દેશોના પરસ્પરના પ્રીતિસંબંધને કાયમ કરવાની યોજના મૂકી. મેં સમજાવ્યું કે એશિયાઇ દેશોની જવાબદારી બેવડી છે. એક બાજુથી એણે પોતાની ગુલામી અને શોષણ મિટાવવાનાં છે, અને બીજી બાજુએ માનવપ્રેમ અને વિશ્વબંધુત્વના એશિયાઇ આદર્શો પર એવી નવી વિશ્વવ્યવસ્થાની રચના કરવાની છે જેમાં ઔદ્યોગિક શોષણ, રાજનૈનિક ગુલામી કે સશસ્ત્ર આક્રમણનું કોઈ સ્થળે નામનિશાન ન રહે. અનેક જાપાની મિત્રોએ મને સલાહ આપી કે હું જાપાનને મારૂં કેન્દ્ર બનાવીને એક એવી શાન્તિસેનાનું સંગઠન કરૂં કે જે ભગવાન બુદ્ધ અને ઇશુ ખ્રિસ્તના નિર્દેશેલા આદર્શો પર પ્રેમ ને શાન્તિમય માર્ગે સંસારની યુદ્ધત્રસ્ત જનતાને જીતી શકે.

ઇ. ૧૯૨૩ના ઉનાળામાં હું પેકીંગથી ઊપડી ઉર્ગા, સાઇબીરિયા અને મૉસ્કો થઈને ફરી એકવાર કાબુલ ગયો, અને ૧૯૨૫ સુધી ત્યાં રહ્યો. અહીં મેં જે અફઘાની સરકારી કામોમાં સહકાર આપ્યો તેના બદલામાં શાહ અમાનુલ્લાએ મને સરકાર તરફથી દસ હજાર રૂપિયા મારા ખર્ચ માટે આપ્યા. કાબુલમાં પણ હું ધર્મ રાજનીતિ અને સમાજ વિષયક મારા વિચારોનો પ્રચાર કરતો રહ્યો. લોકોમા એક મોટી ગેરસમજૂતી છે કે અફઘાનો ખૂની અને ઝનૂની હોય છે. ખરી વાત તો આથી તદ્દન ઊલટી છે. તેઓ સ્વભાવમાં બાળક જેટલા સરલ, નિશ્ચયમાં પોલાદ જેટલા કઠોર ને વ્યવહારમાં ઘણા મિલનસાર હોય છે. મારા ધાર્મિક અને સાંસ્કૃતિક સમન્વયના વિચારો તેઓ બહુ ધ્યાનથી સાંભળતા. મારા 'મઝહબે ઇશ્ક' ઉપર તેઓ મુગ્ધ હતા. સેંકડો અફઘાનો મારા એ પ્રેમધર્મના અનુયાયી થયા હતા.

અફઘાનિસ્તાનથી ફરી હું યુરોપ ગયો. ગયા મહાયુદ્ધની આશાઓ બધી વ્યર્થ સાબિત થઈ હતી. દુનિયાએ તેમાંથી એક પણ બોધપાઠ નહોતો લીધો. આથી રહીરહીને મારી એ ભાવના દૃઢ થતી જતી હતી કે દુનિયાને પ્રેમની ઘણી જરૂર છે. ફરી અસ્ત્રશસ્ત્રોનાં કારખાનાં ઊભાં થવા માંડયાં હતાં; પણ એથી કાંઇ પીડિત માનવતાનાં દુ:ખ થોડાં જ ટળવાનાં હતાં? યુરોપના વિવિધ દેશોમાં બારણે બારણે ભટકીને હું મારા આ વિચારોનો પ્રચાર કરવા લાગ્યો.

આજે હું માનવતાની રાહમાં પ્રેમનાં ગીત ગાનારો એક અદના ફકીર છું. મારા જીવનનો ઉદ્દેશ માનવમાત્રની સેવા છે. મારી દૃષ્ટિએ દુનિયા એક બૃહદ્ કુટુંબ છે; વિવિધ દેશો એ કુટુંબના સભ્યો છે. તો શું આ કુટુંબ એક સંમિલિત કુટુંબ ન થઈ શકે? ભાઇચારા ઉપર આ કુટુંબનાં મૂળ શું મજબૂત ન થઇ શકે? શું પ્રેમનાં શસ્ત્રાસ્ત્ર અને શાન્તિની સેના આપણાં હૃદયને નહિ જીતી શકે? રાજનીતિજ્ઞો મને દીવાનો સમજે છે; પણ દેશો અને મહાદ્વીપોની સીમાઓ પાર કરીને વિવિધ દેશોની જનતા આગળ જ્યારે હું મારી આ વાત કહું છું ત્યારે તેમની દ્રવિત આંખો મને આશ્વાસન આપે છે કે 'મહેન્દ્રપ્રતાપ! તારો માર્ગ જ બરાબર છે.'

આ જ ઉદ્દેશથી હું આજ અમેરિકામાં આવ્યો છું ને એ જ ઉદ્દેશ લઇને કાલે હું જાપાન જવાનો છું. આગળની વાત તો કેવળ પરમ પિતા પરમેશ્વર જ જાણે. જે મારા પ્રિય દેશથી મને નિર્વાસિત થયે ૨૧ વર્ષ વીતી ગયાં છે. પરંતુ હું એ જ આદર્શોની સાધના કરી રહ્યો છું જે મારા દેશની નસેનસમાં સમાએલા છે. — (વિશ્વવાણી)

સંસારનાં શહેરો

(૫૨) પેગુ

બ્રહ્મદેશનું આ પચેશદ્વાર જ્યારથી જાપાનીઓના હાથમાં ગયું ત્યારથી રંગૂનના પતનની ઘડીઓ ગણાઇ ચૂકી હતી એમ કહેવામાં આવે છે, કેમકે એનું લશ્કરી અગત્ય ઘણું જ છે. રંગૂન માંડલેના રેલ્વેમાર્ગ અને રાજમાર્ગ પર તે આવેલું હોવા ઉપરાંત દક્ષિણ બ્રહ્મદેશ, નીચાણ બર્મા ને થાઇલૅન્ડના ત્રિભેટા ઉપર એ આવેલું છે, અને માર્તાબાનના અખાતનું નાકું પણ તેનાથી દૂર નથી. આ ઉપરાંત એનું વ્યાપારી તેમજ ધાર્મિક કેન્દ્ર તરીકેનું મહત્ત્વ તો એ તેલંગ રાજાઓના વખતમાં ઈ.સ. ૫૭૩માં જીતાયું તે પહેલાનું અતિ પ્રાચીન છે.

બ્રહ્મદેશનું આ અતિ પુરાણું ને રળિયાળું શહેર રંગૂનથી ચાળીસ માઇલ ઈશાને પેગુ નદીના મુખ ઉપર આવેલું છે. પેગુ નદી ઊંડી હોવાથી ને માર્તાબાનના અખાતમાંથી છેક અહીંસુધી તેમાં વહાણો જઈ શકતાં હોવાથી બ્રહ્મદેશનો પરદેશ સાથેનો વ્યવહાર બધો તેની મારફતજ ચાલતો ને દેશદેશનાં વહાણો ત્યાં આવી નાંગરતા. આમ, જૂના વખતમાં, ત્રણ દેશોના ત્રિભેટાનું આ શહેર બ્રહ્મદેશના વેપાર ને વહાણવટાની ધબકતી નાડ જેવું ધીકતું બંદર હતું. ઉપરાંત માર્તાબાનના અખાતનું નાકું પાસે જ હોવાથી નૌકાયાની લશ્કરી દૃષ્ટિએ પણ એ અગત્યનું હતું. પરંતુ ધીરેધીરે પેગુ નદીમાં ઘસડાઈ આવતો કાંપ અખાતના મુખ આગળ ઠલવાતો ગયો અને બંદર પુરાઇ ગયું. આથી એની રાજ્યશ્રી, બાજુમાં ઊભા થતા નવા બંદર રંગૂન તરફ વળી

આ નાનકડા વિલક્ષણ શહેરની પાછળ લાંબો ને પુરાણો ઇતિહાસ પડેલો છે. ત્રણ દેશોના ત્રિભેટા પર એ આવેલું હોવાથી બ્રહ્મદેશ પર જેટલા રાજકીય ઝંઝાવાતો આવ્યા છે તે બધાના ભોગ એને બનવું પડ્યું છે. એ અનેક વખત જીતાયું છે, ગુમાવાયું છે ને ફરી જીતાયું છે. તેલંગ પ્રજાઓ, ઉત્તર બર્માના બર્મીઓ, થાઈ લોકો, અને બંગાળનો ઉપસાગર તરીને ચડી આવેલા તામીલ લોકો, એ બધાએ પોતપોતાના જમાનાઓ દરમ્યાન પેગુ જીત્યું છે અને ગુમાવ્યું છે.

આજે પણ પેગુની શેરીઓમાં ઠામઠામ તામીલ ખેડૂતો જોવા મળે છે. આ ખેડૂતો બર્મા પર થોડો વખત આધિપત્ય ભોગવી ગયેલા ચોલ રાજાઓના વંશજો હોવાનું મનાય છે આવી જ રીતે પેગુની શેરીઓમાં સુંવાળા ચહેરાના શાન લોકો અને ઉત્તર બર્મામાંથી આવેલા પાતળા બર્મીઓ પણ જોવા મળે છે. પેગુના મધ્ય ભાગમાં ચોલ સમ્રાટોએ સ્થાપેલો એક કાળા પથ્થરનો સ્તંભ છે, જે પોતાના આધિપત્યની યાદ કાયમી રાખવા માટે તેમણે ચણાવ્યો હોવાનું મનાય છે.

તેલંગ રાજાઓએ એને રાજધાની બનાવી. પણ એમની પડતી થતાં ઉત્તર બ્રહ્મદેશના બ્રહ્મીઓએ આવી સોળમા સૈકામાં એ પ્રદેશ જીતી લીધો અને એના પર તોંગુ વંશની આણ વર્તી. તેઓ રાજધાની ત્યાંથી ખસેડી પ્રમગ સગૈંગ અને પછી માંડલે લઇ ગયા.

ઓગણીસમી સદીના શરૂઆતના દાયકાઓમાં અંગ્રેજો બ્રહ્મદેશમાં ઊતરી પડ્યા. ઇ. ૧૮૨૬માં તેમણે આરાકાન અને તેનાસરીમ જીતી લીધાં, ૧૮૫૨માં પેગુ જીત્યું અને છેવટે ૧૮૮૬માં ઉત્તર બ્રહ્મદેશ જીતી લઇને આખા બ્રહ્મદેશ ઉપર આધિપત્ય જમાવી દીધું. તેમણે રાજધાની માંડલેથી ખસેડીને રંગૂન ખાતે સ્થાપી અને પછીથી તો રેલ્વેઓ અને રાજમાર્ગોને પ્રતાપે આખા મુલકમાં અવરજવર સરળ થઇ પડી, એટલે પેગુનું મહત્ત્વ પાછું વધવા માંડ્યું.

ઇતિહાસના આ બધા વારાફેરા ગમે તેટલા આવી ગયા છતાં પેગુનું ધાર્મિક યાત્રાધામ તરીકેનું મહત્ત્વ તો અજ રહ્યું છે. રંગૂનના જગવિખ્યાત શ્વે ડૅગોન પૅગોડાથી બીજા જ નંબરનો ગણાતો અને ઊંચાઇમાં તેનાથી પણ વધુ-૩૨૪ ફૂટ—ઊંચો શ્વે હમાઓનો અહીંનો પૅગોડા દરેક શ્રદ્ધાળુ બ્રહ્મીનું પૂજ્ય ધામ છે. અહીં આવેલી ભગવાન બુદ્ધની શેષશાયી મૂર્તિ–લેટાકાયા–લગભગ સાડાત્રણસો ફૂટ લાંબા અને આઠ ફૂટ ઊંચા પથ્થર ઉપર વિરાજેલી છે. આ મૂર્તિ દુનિયામાં મોટામાં મોટી મનાય છે. પંદર વર્ષ પહેલાં ધરતીકંપથી એનો પાછલો ભાગ નાશ પામ્યો ત્યાર પછી તે ફરી બંધાયો નથી; છતાં તેનો આગળનો ભાગ અકબંધ રહી ગયો છે. એ મૂર્તિ વિષે કાકાસાહેબ કાલેલકરે લખેલો



પરિચય આ અંકની 'માધુકરી'માં આપ્યો છે.

શહેરની બાજુએ થઈ લંબાતા પેગુયોમાના પર્વતો ઇરાવદી અને સિતાંગ નદીના પટપ્રદેશને જુદા પાડે છે. આ પર્વતો ક્યાંયે ૩૦૦૦ ફૂટ કરતાં ઊંચા નથી. છતાં ૨૦૦ માઈલ સુધીના પ્રદેશને છાઈ દેતો એમનો વિસ્તાર ઘાટાં જંગલોથી ભરચક છે. એમાં હાથી વાઘ, ચિત્તા ને બીજા શિકારી પશુઓ પુષ્કળ વસે છે, અને ત્યાંનાં ઇમારતી લાકડાંની પેદાશ ઘણી જબરી છે.

આ ઉપરાંત પેગુની આસપાસ માઇલો સુધી વિસ્તરતો વિશાળ સપાટ પ્રદેશ પેગુ નદીએ ઘસડી લાવેલા કાંપથી બનેલો છે, એટલે એમાં ઘણી ઓછી મહેનતે ડાંગરનો પાક ઉતારી શકાય છે અને એના ચોખા એ પેગુની મુખ્ય પેદાશ ગણાય છે. એની વસતિ ૧૯૨૧માં ૧૮,૭૬૯ હતી, તે પછી તો આજે એ ઘણી વધી છે.

એક વાર એક રાતીપીળી થએલી બાઇ હાથમાં હથોડી લઈ વર્ગમાં દાખલ થઇ ને રુઆબથી પૂછ્યું, 'તમે આ વર્ગના મહેતાજી છો ને?'


મહેતાજીએ કાંઈ પણ જવાબ દેવા કરતાં ઉતાવળા ઉતાવળા વર્ગ છોડી મુખ્ય મહેતાજીની ઑફિસમાં ચાલ્યા જવું વ્યાજબી ધાર્યું. પણ તે બાઈ તેની પાછળ જ મુખ્ય મહેતાજીની ઑફિસમાં ગઈ.

'બાઇ, શાંતિથી તમારી વાત પતાવો તો વધુ સારૂં 'મુખ્ય મહેતાજીએ વચ્ચે પડી કહ્યું.

'હા. હું, શાંતિથી જ પતાવવા આવી છું. પણ મારા દીનુંનો આખો લેંઘો ફાડી નાખ્યો છે, એ તમે ક્યાંથી જાણો.'

'પણ એ શિક્ષકે તો નહિ જ ફાડ્યા હોય ને!'

'અલબત્ત નહિ, મારો દીનુ બેસે છે ત્યાં આગળ પાટલી ઉપર એક ખીલી ઉખડી ગઈ છે. એને ઠીક કર્યાં પછી જ હું ઘેર જવાની છું.'



છૂપાછૂપ-[3] .. 'ચકોર'ની ચિત્રકથા

આ વાર્તાને હિંદ અને બ્રિટન, ઈન્ડોનેશિયા અને હોલાંડ, અગર કોઇ પણ શાસક અને શાસિત દેશ સાથે સરખાવવાની મનાઇ છે.



કલાકાર કે. કે. હેબર


શ્રી. કે. કે. હેબર મુંબાઈના આજના તરુણ કલાકારોમાં તરી આવેલા એક ઉત્સાહી ને જાગ્રત પ્રયોગવીર છે. તેમણે આ માસની ૧૫મી તારીખે એકલા પોતાનાં જ ચિત્રોનું પ્રદર્શન (one man show) મુંબાઇ ખાતે રજૂ કરેલું, તે પરથી તેમણે ચિત્રકળાની વિવિધ શાખાઓમાં કેવી પ્રગતિ અને સફળતા મેળવી છે તેનો આંક જણાશે. દૃશ્યમાન પદાર્થ, વસ્તુ કે માનવ ઉપરથી ચિત્ર કરવામાં તેમણે યૂરોપી ઢબની સાચી હથોટી પ્રાપ્ત કરી છે. કલ્પના અને સંયોજનમાં તે હિંદી પ્રણાલી અને અદ્યતન (modern) યૂરોપી પ્રણાલીઓ પર વિવિધ ચિત્રો કરી શકયા છે. થોડા જ વખત પર તેમણે અને કલાકાર ભાઈ શ્યાવક્ષ ચાવડાએ પંજાબના કુલુ પ્રાંતમાં પ્રવાસ કરી ત્યાંના જીવનનાં ઘણાં ચિત્રો આયાત કર્યાં છે.

શ્રી હેબરે ઉડીપી (દ. કાનડા)માં શાળાજીવન પૂરૂં કરી મ્હૈસુર રાજ્યની ચિત્રશાળામાં કળાનો પ્રાથમિક અભ્યાસ કર્યો. જીવનના આરંભમાં અનેક નિરાશાઓ અને મુશ્કેલીઓ વચ્ચેથી અંતરના નાદે તેને મુંબાઇ ધકેલ્યા અને ત્યાં 'નૂતન કલામંદિર'માં રહી મુંબાઈ સ્કૂલ ઑાવ આર્ટની ૧૯૩૫-૩૭ની પરીક્ષાઓ આપી. ૧૯૩૮માં ડીપ્લોમા કોર્સના વર્ગમાં પ્રિન્સિપાલ મિ. જિરાર્ડના હાથ નીચે તાલીમ મેળવી અને પોતાના ઉદ્યોગી તથા મીલનસાર સ્વભાવથી શિક્ષકો અને વિદ્યાર્થીઓનો પ્રેમ સંપાદન કર્યો. મુરલ ડેકોરેશન (ભીંત-સુશોભન)-ના કાર્યમાં પાંચેક વર્ષ વધુ અભ્યાસ કરી તે સ્કૂલમાં ફેલો નિમાયા અને હાલ તે જ સંસ્થામાં એક અધ્યાપક તરીકે નિયુક્ત થયા છે. તેમનું વય હાલ માત્ર ૩૪ વર્ષનું છે, પણ એટલી વયમાં તો તેમણે હિંદુસ્તાનનાં ઘણાં પ્રદર્શનોમાં ચિત્રો મોકલી પ્રશંસા, ઈનામો અને રૌપ્ય તેમજ સુવર્ણ ચંદ્રકો મેળવ્યા છે, તથા તસ્વીરકામમાં પણ પોતાની પ્રવીણતાથી ઘણાં સારાં કામો પાર પાડયાં છે. આ અંકના પૂઠાની પાછળની આર્ટપ્લેટ પર તેમની કૃતિઓના થોડા પરિચયાત્મક નમૂના આપ્યા છે.

ર. મ. રા.

કોયડાના ઉત્તરો

(૧) સોનગઢ; (૨) ૮ સેકંડ; (૩) પ્રેક્ષકની ટોપી પોતાના માથા પર ઓઢી કહ્યું કે બહાનો મારા પેટમાં હોવાથી તમારી ટોપી નીચે આવી ગઈ; (૪) બાજુના ચિત્રમાં બતાવ્યા મુજબ ચાર ત્રિકોણ ને એ ચારેને સમાવી લેતો મોટો પાંચમો ત્રિકોણ. (૫) સાડા પાંચ કલાક-ગ્રીનીચ ટાઇમમાં સાડા પાંચ કલાક ઉમેરવાથી આપણો સ્ટાન્ડર્ડ ટાઇમ આવે. (૬) સાત તાકા.



[એક વૈજ્ઞાનિક કલ્પનાકથા]

ચન્દ્રનું અવસાન

'સંસ્કૃતમાં?'

'હા, શુદ્ધ સંસ્કૃતમાં.'

'એ તો નવાઈ જેવું. આપણે તપાસ કરવી જ પડશે.'

અને યોગેન્દ્રે તપાસ કરતાં શરદની વાત સાચી જણાઇ. રેડિયો પર સંસ્કૃતમાં જ આ પૃથ્વી પરના મનુષ્યોને ઉદ્દેશીને કંઈક પ્રસારિત થતી હતી. અવાજ ખૂબ અસ્પષ્ટ હતો. છતાં ચન્દ્ર અને પૃથ્વીનું નામ વારંવાર તેમાં સાંભળવામાં આવતું કૌતુકને વશ થઇ યોગેન્દ્રે વિશ્વનાથને તેડું મોકલ્યું. એ તર્કપંચાનની પદવી ધરાવતા અને સંસ્કૃત ભાષાના જ્ઞાનાર્ણવ ગણાતા. એટલે 'સંસ્કૃત'નું નામ સાંભળતાં વેંત કશા જ વધુ આગ્રહ વિના એ આવી પહોંચ્યા.

છયે કાન એકાગ્રચિત્તે રેડિયો પર મંડાયા. સંદેશ જેમજેમ આવતો ગયો તેમ તેમ વિશ્વનાથ મહોદય એનો જે અર્થ સમજાવતા ગયા. તે બધું જેમનું તેમ નીચે આપ્યું છે:

'રે, પ્રમાદી પૃથ્વીવાસીઓ! અમે કેટલા યે દિવસથી જુદીજુદી સંજ્ઞાઓથી તમારા તરફ સંદેશ પ્રેષી રહ્યા છીએ, પણ તમે એનો કશો પ્રત્યુત્તર જ નથી પાઠવતા! અમારૂં કહેવું સમજવું તમને મુશ્કેલ લાગશે એ અમે જાણતા હતા, પણ આવા પ્રમાદજડ રહી તમે તદ્દન નિરુત્તર જ રહેશો એ અમે નહોતા જાણતા.

અમારૂં આ ચાન્દ્ર જગત તો વિનાશની ગર્તામાં ધસતું જાય છે. મોત, ભયંકર મોત, અંતિમ શાશ્વત મોત હવે અહીં મોં ફાડીને ઊભું છે. અહીંની ગુફાઓમાં વસતી લક્ષાવધિ સંખ્યા હતી ન હતી થઈ ગઇ છે, અને અમે જે થોડાઘણા બચ્યા છીએ, તે પણ હવે ગણત્રીના દિવસોમાં ખતમ થવાના. અને અમારા મૃત થતાં જ આખી ચાન્દ્ર જાતિ આમૂલ નાશ પામી જશે.

છતાં મરતાં મરતાં યે બંધુભાવને વશ થઈ અમારૂં ભવિતવ્ય તમને હાનિકર્તા ન નીવડે એ અર્થે આ જાણ તમને કરી રહ્યા છીએ. તમારા માટે એ ચેતવણી અને માર્ગસૂચન બને બની રહેશે.'

શરદે યોગેન્દ્ર તરફ જોયું યોગેન્દ્રની નજર રેડિયો સાથે જ જડાઇ ગઈ હતી.

'અમારા ગુફાનિવાસો છતાં આકાશની દર્શનરમ્યતાની અમે ઉપેક્ષા નથી કરી. ચન્દ્રની ઊંચીઊંચી કરાડો પર અમે તમારે ત્યાંના કરતાં પણ અનેકગણાં શક્તિશાળી દુરબીનો ઊભાં કર્યાં છે, જે વડે આકાશમાંના સઘળા ગ્રહો ને તારાઓ અમને અનેકગણા મોટા રૂપમાં દેખાઇ આવે છે. પૃથ્વીની સપાટી તો અમને તદ્દન સ્પષ્ટ દેખાય છે. કેટલાક વખત પર અમારી પ્રજ્ઞ સભાએ પૃથ્વીનું નિરીક્ષણ કરી અભિપ્રાય આપ્યો હતો કે, "આપણા એ માતૃગ્રહની વસતિ સ્વયંનાશનાં સાજ સજતી જાય છે. એમનાં સૈન્યો, એમનાં શસ્ત્રાસ્ત્રો, એમનાં વિનાશક બળો પૂર ઝડપે આગળ વધતાં જાય છે અને કેટલેક ઠેકાણે તો યુદ્ધનાં મંડાણ પણ થઇ ચૂકયાં છે." એ સાંભળી અમને લાગ્યું કે પૃથ્વીવાસીઓ પોતાની તમામ સંસ્કૃતિનો જાણ્યાં-અજાણ્યે નાશ તો નહિ કરી દે?

'અને એમ લાગવાનું કારણ છે. અમારી ચાન્દ્ર સૃષ્ટિ પણ એવા બધા પાશવી વિકારોમાંથી પસાર થએલી છે. શની અવસ્થામાંથી બહાર નીકળી અમારે ત્યાં પણ અનેક સંસ્કૃતિઓ ઊભી થએલી. તમે જળ, જમીન ને હવા પર મેળવેલો વિજય અમે જોઈ શકતા હતા. જોકે ગ્રહો વચ્ચેનો વહેવાર સાધવા તમે શક્તિમાન નથી થયા એ અમે જાણીએ છીએ, અને તેનું કારણ, તમારા વાતાવરણના વિદ્યુન્મય થરોને ભેદવા અશક્ત નીવડે એટલું બધું લાંબું તરંગમાન તમે અજમાવો છો એ છે. છતાં એ મુશ્કેલી દૂર કરવાની તમારી મથામણ અમારાથી અછની નથી. પણ વિજ્ઞાન પરના આટલા કાબૂ છતાં તમે જ્યારે હલકી વૃત્તિઓને વશ બની જતા દેખાઓ છો ત્યારે અમને ખેદ થાય છે. શું તમે નથી જાણતા કે યુદ્ધ કેટલું ભયંકર છે? જીવનને ઉપયોગી સર્વ વસ્તુઓનો જ નહિ, પણ ખુદ જીવનનો પણ એ નાશ કરી નાખે છે એ તમે નથી સમજતા? ક્ષણિક લાભના ઓથે રહેલું એનું સર્વનાશી રૌદ્રસ્વરૂપ તમે નથી ઓળખી શકતા?'

'અમે પણ માનવનાશ પાછળ કેટલા મથેલા, ખબર છે? અમારા એક વિજ્ઞાનીએ અણુઓને ભાંગી એમનું ઘટત્વ તદ્દન ઘટાડી નાખેલું. એ અણુભંજનની શોધ અમે યુદ્ધોમાં અપનાવી, અને કેવી ભયંકર રીતે? એ વિકીર્ણ પરમાણુઓની મર્યાદામાં જે કોઈ આવે તે, એ ને એ પળે વરાળ જ બની જાય! પરંતુ વિનાશનાં આવાં આવાં સાધનો પાછળ અમે દિવાના બન્યા હતા ત્યારે અમને એ ખબર જ નહોતી રહી કે એ સાધનો જીવનનાશ સાથે વાતાવરણનું ઘટત્વ પણ ઘટાડતા આવે છે. પરિણામે વાતાવરણ પાંખું બની જઇ ધીમે ધીમે અવકાશમાં લુપ્ત થવા માંડયું અને અમારે ચન્દ્રની સપાટીનો ત્યાગ કરી ગુફાઓનો આશરો લેવો પડયો. જીવનનો સઘળો લુત્ફ લુંટાઇ ગયો અને અમારામાંથી જે કોઈ બચ્યા તે નિર્વાસિતો સમા, આકાશના દર્શનથી પણ વંચિત બની, ચન્દ્રના પેટાળમાં પેસી ગયા. અમે જીવીએ છીએ તે માત્ર કૃત્રિમ હવા ઉત્પન્ન કરનારાં વાતોત્પાદક યંત્રોની મદદ વડે આકાશ અમે માત્ર વેધશાળાઓ અને પ્રયોગશાળાઓના કાચો પાછળથી જ જોઈ શકીએ છીએ. હવે કોને દોષ દેવા બેસીએ? એ તો હાથનાં કર્યાં હૈયે વાગ્યાં!

'આવું જ ભવિતવ્ય તમારૂં ન નીવડે એ માટે તમારી પ્રકૃતિ જાણીને એથી વિમુખ બનાવવા અમે સહાનુભૂતિપૂર્વક પ્રેરાયા છીએ. જોકે અમારામાંના એક સંમાનનીય વિદ્વાન વિકર્ણે તો કહ્યું કે આપણી કોઇ દલીલ આ પૃથ્વીવાસીઓને ગળે નહિ ઊતરે. ઊલટું ચન્દ્ર પર હજુ જીવનની શકયતા રહેલી છે એવું જાણશે તો સામસામા લડવાને બદલે આપણા આ ઉપગ્રહ સામે લડવા તેઓ તૈયાર થઇ જશે!

'એની આ દલીલ અમારી ચાન્દ્ર સમિતિમાંના કોઇએ ન માની. ઊલટું એની આવી વૃત્તિ માટે એને ઠપકો આપ્યો. વિકર્ણ જેવા જ્ઞાનગુમાની માણસથી એ કેમ સહન થાય? એણે ધમકી આપી કે પૃથ્વીવાસીઓ જોડેના સંદેશા હું કોઈ રીતે ચલાવવા નહિ દઉં—આખી ચાન્દ્ર સૃષ્ટિનો નાશ થઈ જાય તો પણ.

ત્યાર પછી અમે સંદેશા ચલાવતા રહ્યા અને વિકર્ણ તથા તેના જોડીદારો અમારા સંદેશવાહકનો નાશ કરવાના પ્રયત્નો કરતા રહ્યા. ધીમેધીમે બંને પક્ષોમાં ઈર્ષ્યાની આગ ને વેરનું ઝનૂન આવતું ગયું. વિકર્ણ જેમ જેમ વિફળ બનતો ગયો તેમતેમ વધુ ઝનૂનમાં આવતો ગયો. એ ઝનૂનમાં ને ઝનૂનમાં ગાંડા બની એક દિવસ એણે અમારે ત્યાંનાં સઘળાં વાતોત્પાદક યંત્રોને વિસ્ફોટક સાધનો વડે ઉડાડી દીધાં! આખા ચન્દ્ર પર એનો ધડાકો ને પ્રકંપ ફરી વળ્યો. હવા અમારે ત્યાં બીલકુલ રહી નહિ. લોકો બેબાકળા બની આમતેમ નાસવા લાગ્યા ને નાસતાં નાસતાં મરતા ગયા.

હવે અમારા પોતાના માટે પણ માત્ર બે ત્રણ દિવસ ચાલે એટલી જ હવા રહી છે. મોતનો બોજો અમારા તરફ લંબાતો જાય છે. મરતાં મરતાં યે અમારા વ્યક્તવ્યમાંથી કશું હિતદર્શન તમને સાંપડશે તો અમારો વિનાશ અમે ધન્ય માનીશું. અસ્તુ!'

સંદેશ બંધ પડયો. ભયંકર મૌન અને ખિન્ન સ્તબ્ધતા ત્રણેનાં મોં પર પથરાઈ ગયાં. વિશ્વનાથ તો પૂછી ઊઠયો: 'તું શું ધારે છે, યોગેશ?'

'આગંતુક પરિસ્થિતિનું નગ્ન દર્શન. પરંતુ આ દુનિયાને પ યિંવ પ્રલોભનોથી દૂર શી રીતે કરી શકાય? આ ચાન્દ્ર સંદેશ આપણે સંભળાવીશું તો યે લોકો માનશે ખરા? સત્યની આપણી સઘળી હિમાયત મારી જશે અને આપણે આપણી આધ્યાત્મિકતાનો અતિરેક કરીએ છીએ એમ માની આપણને હસશે.

'તો તો આપણા માટે એક જ રસ્તો રહે છે.' શરદ બોલ્યો.

'કયો?' વિશ્વનાથે આતુરતાપૂર્વક પૂછયું.

'આપણી જનતાને સમજાવવાનો, અને શકય એટલો યુદ્ધવિરોધી પ્રયાસ કરવાનો.'

અને એ જ રસ્તો સર્વાનુમતે સ્વીકારી એ ત્રિપુટી અત્યારે પોતાને કામે લાગી ગઈ છે.

અશોક હર્ષ


કસોટી

નીચેના પ્રશ્નોના ઉત્તરો રપ૯મા પાને છાપ્યા છે; પણ તે જોવાની ઉતાવળ કર્યા વિના તમારી મેળે કેટલા ઉત્તર શોધી કાઢો છો તે જુઓ.

(૧) એક એજન્ટ અઠવાડિયાના છયે દિવસ એકએક ગામ એવી રીતે ફરે છે કે કોઈપણ દિવસ તે દિવસના વારનો અને ગામનો પ્રથમાક્ષર મળતો હોતો નથી. તે જે દિવસે મંગલપુર જાય છે તેને બીજે દિવસે બાદલપુર જાય છે; અને જે દહાડે ગોરેગામ જાય છે તેને આગલે દહાડે શણોસર જાય છે. સોનગઢ તે જરા મોડેથી, ગોરેગામ પછી જાય છે; ને શુકનેર ગયા પછી મંગલપુર જાય છે. તો ગુરુવારે તે કયે ગામ જતો હશે?

(૨) ભીંત પરની ઘડિયાળમાં ત્રણના ટકોરા પડતાં બે સેકન્ડ લાગે છે. તો નવના ટકોરા પડતાં કેટલી સેકન્ડ લાગતી હશે?

(૩) પ્રોફેસરે એક ટેબલ પર ત્રણ બદામ મૂકીને ત્રણ પ્રેક્ષકોની ટોપીઓ તે પર ઊંધી મૂકી. પછી પોતાના હાથમાં કશું છુપાવ્યું નથી તે બતાવીને ત્રણે બદામ પોતે ખાઈ ગયા. અને પછી કહ્યું કે જે પ્રેક્ષક ઈચ્છે તેની ટોપી નીચે એ બદામ આવી જશે. એકે પોતાની ટોપી નીચે લાવવાની માગણી કરતાં પ્રોફેસરે તે કરી બતાવ્યું. તો તેણે શું જાદુ કર્યું હશે?



(૪) બાજુના ચિત્રમાં દર્શાવ્યું છે તે પ્રમાણે ત્રણ દીવાસળીથી એક ત્રિકોણ તો બને જ; પણ ચિત્રમાંની નવે ય દીવાસળીઓ એવી રીતે ગોઠવી બતાવો કે તેમાંથી પાંચ ત્રિકોણ બની રહે.

(૫) જગજાણીતા ગ્રીનીચ મેરીડિયન ટાઈમ (G.M.T.) અને હિંદી સ્ટાન્ડર્ડ ટાઇમ (I.S.T.) વચ્ચે શો તફાવત છે?

(૬) એક ફેરિયાએ પોતાની પાસેના તાકામાંથી અરધાં નંગ ને એક અરધો તાકો પહેલા ગ્રાહકને વેચ્યો; પછી બાકી રહેલમાંથી અરધાં નંગ અને અરધો તાકો બીજા ગ્રાહકને વેચ્યો, ને છેવટે ત્રીજા ગ્રાહકને બાકી રહેલામાંથી અરધો ભાગ અને અરધો તાકો વેચ્યો તો તેની પાસે કાંઈ રહ્યું નહિ. તો તેની પાસે કેટલા તાકા હતા?

પરદેશના પત્રમિત્રો

Our Friends Abroad

ઘ. યુદ્ધ પૂરૂં થયું છે અને, આ નીચેનો પત્ર દર્શાવે છે તેમ, પરદેશના સંબંધો પાછા ધીરેધીરે શરૂ થવા માંડયા છે; એટલે છ વર્ષના કપરા કાળ દરમિયાન નાનાવિધ અનુભવો મેળવેલા જૂના પત્રમિત્રો યા નવા થનાર મિત્રો સાથેના સંપર્કથી અવનવું જ્ઞાન મળવા ઉપરાંત પ્રજાપ્રજા વચ્ચેનો સમભાવ અને મિત્રતા સ્થાપવાની ફરી તક મળશે એવો સંપર્ક સાધવાનું, અને જેમની પાસે એવી પત્રસામગ્રી આવતી જાય તેઓને તે મોકલવાનું અમે આમંત્રણ આપીએ છીએ. —તં૦

Lastmakaregatan 27 II
STOCKHOLM (Sweden)

શ્રી રવિશંકર રાવળ (અમદાવાદ)

પ્રિય મહાશય,

યુદ્ધ પહેલાં તમારી સાથે થોડો પત્રવ્યવહાર કરવાનો આનંદ મને પ્રાપ્ત થયો હતો, અને તમે પણ તમારા માસિકમાં મારૂં નામ સરનામું પ્રકટ કરવાની કૃપા કરી હતી. તમારા કેટલાક વાચકોએ મને દિલચસ્પ પત્રો પણ લખેલા. પરંતુ ત્યાં તો યુદ્ધ સળગી ઊઠયું અને તેણે અમારો પત્રવ્યવહાર વણસાડી મૂકયો.

વારૂ, ફરી હું તમારી પાસે આવું છું, અને આશા રાખું છું કે તમે કૃપા કરી તમારા પત્રમાં મારૂં નામ-સરનામું ફરી પ્રકટ કરશો. યુદ્ધ પૂરૂં થયું છે, અને સર્વ પ્રજાઓનાં કુમાર કુમારીઓ વચ્ચેનો આવો મિત્રતાભર્યો પત્રવ્યવહાર જગતમાં કાયમી શાંતિ સ્થાપવામાં મોટી સહાયરૂપ થઈ પડશે. હું ધારૂં છું કે આ પ્રકારનો પત્રવ્યવહાર એ એવું સાધન છે કે જે દ્વારા ઊગતાં નાગરિકો પોતાના પરદેશી મિત્રો સાથે સૌથી વધુ નિકટ સંપર્ક સાધીને વિવિધ દેશના લોકો, તેમનું જીવન, રાજ્યબંધારણ, સૌંદર્યસ્થાનો, લગ્નપ્રથાઓ અને બીજી સામાજિક બાબતો વિષેની સીધી માહિતી મેળવી શકે.

હું પચીસ વરસનો છું. પરદેશી મિત્રો જોડેનો પત્રવ્યવહાર, ટપાલની ટિકિટો અને કવરો, મોટા માણસોના હસ્તાક્ષરો તથા છાપાંનાં ઉપયોગી લખાણોની કાપલીઓનો સંગ્રહ, તથા હસ્તલિખિત પત્રકારત્વ વગેરે મારા શોખના વિષયો છે.

મારા બીજા સંખ્યાબંધ મિત્રો જે આજે વ્યાપારી જીવનમાં પડયા છે, તેઓને પણ પરદેશનાં કુમારકુમારીઓ જોડે સંપર્ક સાધવામાં રસ છે, અને તમારા જે કોઇ વાચકો મને લખશે તેમને હું તેમનાં નામ-સરનામાં મોકલીશ. મારા મિત્રો ૧૫થી ૨૫ની વયનાજ છે.

આ કાગળ આપણી બે પ્રજાઓનાં કુમારકુમારીઓ વચ્ચે સરસ મૈત્રીસંબંધ બાંધવામાં સહાયરૂપ થશે એવી આશા સાથે

તમારો સ્વીડિશ મિત્ર

Karl Gunnar Knutsson (કાર્લ ગનાર નટસન)

દેશ-પરદેશ સાથે સંપર્ક સાધવા ઇચ્છતા નવા પત્રમિત્રો

(૧) સદરહુસેન મેરાલી, બૉક્સ નં. ૬૪૫, મૉમ્બાસા: ગુજરાતી, અંગ્રેજી, હિંદી યા ઉર્દૂ ભાષામાં પત્રવ્યવહાર કરી શકશે. 'ઈન્ટરનૅશનલ સ્ટુડન્ટસ સોસાઍટી'ના સભ્ય છે અને જો કોઇને પરદેશના મિત્રો સાથે મિત્રતા બાંધવી હશે તો મદદ કરવાને રાજી છે; (૨) બચુ કાપડિયા, હલદિયા શેરી, સગરામપુરા, સુરત; (૩) નરેન્દ્ર પ્ર૦ આચાર્ય, ઉનાવા (વાયા કલોલ-ઉ: ગુજરાત); (૪) છબિલદાસ કેશવલાલ બ્રહ્મક્ષત્રિય, કપડવણજ (ખેડા); (૫) કૃષ્ણકુમાર વખારિયા, C/o. શ્રી ગુલાબચંદભાઈ વખારિયા, વણઝારી વાત, જુનાગઢ.

રસદર્શન

[૨૦]

ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

સૌન્દર્ય, નાટકો, સાહિત્ય, સંગીત વગેરેમાં ક્રમેક્રમે રસ લેતાંલેતાં મને મંદિરો ને મસ્જિદોનાં શિલ્પ સ્થાપત્ય, ને મૂર્તિઓમાં રસ પડવા માંડ્યો.

અમદાવાદમાં સરખેજ ને શાહઆલમના રોજા, બાદશાહ અને રાણીના હજીરા, જુમા મસ્જિદ, સિપ્રી ને રૂપમતીની મસ્જિદો, લાલ દરવાજાની સીદી શહીદની મસ્જિદની જાળીઓ, મુહાફિઝખાન, ચિશ્તી ને ઇસનપુરની મસ્જિદો, દાદા હરિ ને અડાલજની વાવો તથા સ્વામીનારાયણ ને હઠીસીંગનાં મંદિરો મેં વારંવાર જોવા માંડ્યાં.

નવાં જૈન મંદિરોમાં, ખેતરપાળની પોળનું મંદિર બાંધનાર શિલ્પી સ્વ. રવિકરણે પોતે મને એ મંદિર તથા બીજા એક શિલ્પીનું બાંધેલું ફત્તાશાહની પોળનું બારમા વાસુપૂજ્ય સ્વામીનું મંદિર બતાવેલાં. ખેતરપાળની પોળના મંદિરમાં તાજમહાલના જેવું, સ્તંભો ભીંતો ને બારણાંઓનાં કુંભી-તોરણોમાં રંગબેરંગી પથ્થરોનું જડિતકામ છે.

'રૂપમ્'ના તંત્રી શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીને મેં લાલ દરવાજાની જાળીઓ બતાવી ત્યારે એ જે દિઙ્મૂઢ થઈ ગયા હતા તેનો ઉલ્લેખ મેં અગાઉ કર્યો છે. શાહપુરમાં આવેલા ચિશ્તીના રોજા પાસેથી તો એ ઊઠતા જ નહોતા. એ તો એની તાલમયતા ને સર્વાંગસુંદરતાથી પરમ મુગ્ધ બન્યા હતા.

ઈસ્લામ ધર્મમાં માનવ-આકૃતિઓ કે પશુપંખીઓને ચિત્રમાં કે સ્થાપત્યમાં ઉતારવાની મના છે; એટલે અમદાવાદના શિલ્પીઓએ અહીં ભૂમિતિની આકૃતિઓને સજીવ અને નૃત્યમાં થનગનતી કરી મૂકી છે વેલો અને વૃક્ષોના તરેહતરેહના અંગમરોડો એમણે ઉતાર્યા છે. ઇસ્લામમાં તો સૂચનોની પણ મના છે; પરંતુ અમદાવાદની મસ્જિદો ને રોજાઓમાં કમળો અમૃતકળશ અને સાંકળે લટકતા ચિરાગો સ્થળેસ્થળે ભર્યા છે. મસ્જિદો અને રોજાઓના ઝરૂખા ને ગોખો, વેલાઓ વૃક્ષો અને ભૂમિતિની આકૃતિઓથી જાણે ઉભરાય છે. રૂપસુંદર કમાનો ઘુમ્મટો અને ચોકમાં, મકાનના કંદોરાઓમાં, કબરો પર ને તેની આજુબાજુ, રોજાના છેક પાછળના બાગો ઉપર ને તળાવના ગરનાળાંઓ સુદ્ધાં ઉપર એમણે શિલ્પસૃષ્ટિ સર્જી જ કરી છે. ઓરડામાં જેમ કોયલ ગાયા જ કરે છે તેમ ગુજરાતના શિલ્પીઓએ એટલી જ સ્વાભાવિકતાથી, જ્યાં બેઠા ત્યાં કોર્યા જ કર્યું છે. આ સમતોલ ને સૌન્દર્યના વૈભવમાં શોભતું સ્થાપત્ય જોતી વેળા કોઈ ઉન્નત ભૂમિમાં આપણે જઈ પડ્યા હોઈએ એવું લાગે છે અને ત્યાંથી ખસવાનું મન જ થતું નથી.

આ સૌન્દર્યે તો પછી મને જ્યાં ને ત્યાં શિલ્પકળાનો શોધક અને આશક બનાવી મૂક્યો. અમદાવાદમાં દોશીવાડાની પોળ, વાઘણપોળ અને પાદશાહની પોળમાં તથા હરકોર શેઠાણીની હવેલીમાં ૧૫૦-૨૦૦ વર્ષનાં લાકડાની કોતરણીનાં મકાનની વાત સાંભળી એ શોધી કાઢ્યાં. એની તથા સ્વામીનારાયણના મંદિરમાં કચ્છી સુતારોએ કરેલી કારીગરી જોઈને મને આનંદઆનંદ થઈ ગયો અને વર્તમાનકાળમાં આવું કામ કરનાર કોઈ હોય તો એમનાં દર્શન કરવા હું તલપાપડ થવા લાગ્યો. અંતે અમદાવાદ પાંચપટીમાં ભૂધર મિસ્ત્રીનો બાંધો જડ્યો. એ ભૂધર મિસ્ત્રી પાસે દલપતરામ કવિએ રાસમાળાનાં ચિત્રોના 'વૂડકટ્સ' કરાવ્યા હતા એમ જાણ્યું. એમના પુત્ર સોમનાથ મિસ્ત્રીને મળ્યો. એમણે લાકડાનો જાળીવાળા પડદા અને ગોખ ખૂબ બનાવ્યા હતા. દિલ્હી દરબારમાં એમને એ કારીગરી માટે સુવર્ણચંદ્રક મળ્યો હતો ને પારસીઓ તથા અંગ્રેજો એમની જાળીઓ ને ફૂલદાનો નાતાલની ભેટ તરીકે વિલાયત મોકલતા હતા એમની પાસે લાલ દરવાજાની મસ્જિદની જગવિખ્યાત અદ્‌ભુત જાળીઓ લાકડામાં કોતરેલી હતી અને એક હિન્દુ મંદિરની કમાનનો ગોખ પણ તૈયાર હતો. અનેક કલાપ્રદર્શનોમાં મેં એ કૃતિઓ મૂકી અને મિસ્ત્રીને ત્યાં પણ મહાત્માજીને લઈ જઈને અમદાવાદની રહીસહી કલાસમૃદ્ધિ સફળ કર્યાનો મેં સંતોષ લીધો.

પછી તો સુરતનું ચિંતામણનું લાકડાનું મંદિર અને પાટણનાં ૧૫મી-૧૬મી સદીનાં લાકડાની સુંદર કોતરણીનાં મંદિરો હું બેત્રણ વાર જોઈ આવ્યો. એ ઉપરાંત મહેસુરમાં શ્રીરંગપટ્ટણમાં ટીપુ સુલતાનનો બેઠા ઘાટનો દરિયામહેલ જોએલો તે પણ લાકડાની અદ્‌ભુત કારીગરીવાળો છે.

આજથી ત્રીસ વરસ ઉપર હું દેવલાલી ગએલો મારી સાથે મારી મોટી પુત્રી નિર્મળ હતી. ત્યાંની લશ્કરી છાવણીમાં ફરતાં રસ્તાને એક ખૂણે ઇશુખ્રિસ્તનાં માતા મેરીની એક મૂર્તિ જોઈ. કોઈ રોમન કૅથલિક આસ્તિક સોલ્જરોએ તેની પાસે દીવા પણ મૂક્યા હતા. મેરી આકાશ તરફ હાથ જોડીને ઊભાં હતાં ને એમનું મુખારવિંદ દેવી પ્રકાશથી ઓપતું હોય એવું ભાવભર્યું હતું. એમના પગ પાસે એક કુમારિકા ઘૂંટણિયે પડીને મેરીના મુખ તરફ અનિમેષ નેત્રે જોઈ રહી હતી અને મેરી પાસેથી જાણે પોતાનો પ્રકાશ મળતો હતો. એ મૂર્તિ જોતાંવેંત જ તેના ભાવ અમારા બંનેના હૃદયને સ્પર્શી ગયા; કારણકે મહાન કળાને કોઈ સમજાવનારની જરૂર પડતી નથી. એ મૂર્તિ તો માત્ર રસ્તા પરની મૂર્તિ હતી. પણ એ પરથી મને થયું કે રોમન કૅથલિક દેવળોમાં સંતોની, ઈશુ ખ્રિસ્તની, માતા મેરીની વગેરે ઘણી મૂર્તિઓ હોય છે તે અત્યંત ભાવપ્રેરક હોવી જોઇએ. અને એ લોકો પણ આપણી માફક મૂર્તિપૂજા કરે છે, તો કલાની ને ધર્મભાવનાની દૃષ્ટિએ પણ એ મંદિરો જોવાં જોઇએ.

દેવલાલીથી વળતાં મુંબાઈમાં જ એવો યોગ મળી ગયો. કોલાબાને રસ્તે રાજમાર્ગ પર જ એક દેવળ છે. સુભાગ્યે નાતાલને લઇને



[illegible]ની પ્રાચીન મૂર્તિ

ત્યાં ખાસ પૂજા રચવામાં આવી હતી. ફૂલોથી બહુ જ સુરુચિપૂર્વક ત્યાં આખા દેવળને શણગારવામાં આવ્યું હતું. મૂર્તિઓ અત્યંત ભાવસુંદર હતી. મધુર સંગીત ધીમુંધીમું ચાલતું હતું ને સેંકડો નરનારીઓ, પોતપોતાને સ્થાને અદબથી બેઠાં હતા. ટાંકણી પડે તો પણ સંભળાય એવી શાન્તિ સર્વત્ર વ્યાપેલી હતી ને પ્રાર્થનામાં બધાં લીન હતાં. રંગીન કાચની બારીઓમાંથી ગળાઇને આવતો પ્રકાશ ભક્તિરસને પોષક હતો. ઊંચું શંકુ ઘાટનું છાપરૂં, વેદી ને ઉપદેશ-સ્થાનો ભવ્ય લાગતાં હતાં ફૂલો, દીવા ધૂપ ને સંગીતે અમને પણ પ્રભુપ્રેમમાં ઝબોળી નાખ્યાં.

હિંદુ, મુસલમાન, જૈન અને બૌદ્ધ મંદિરો બધાં જ મને તો પ્રભુનાં ધામો જેવાં લાગતાં હતા. તેમાંઆ ખ્રિસ્તી મંદિર અને મૂર્તિઓએ ઉમેરો કર્યો, અને અનેક બારીઓવાળા મારા નાનકડા ઉરમંદિરની જે બારી હમણાં સુધી બંધ હતી તે પણ ઊઘડી ગઈ

એ અરસામાં અમદાવાદમાં થીઓસોફિકલ સોસાઇટીમાં બિબીઝ ઍન્યુઅલ (બીબીનું વાર્ષિક) નામનું એક અત્યંત કલાત્મક વાર્ષિક આવતું હતું એમાં પશ્ચિમની શિષ્ટ ને ધાર્મિક કળા એના અસલ રંગોમાં જોવા મળી. એમાં ઈશુ ખ્રિસ્ત, મેરી, સંતો, વધસ્તંભનો પ્રસંગ, ક્રોટનો દેખાવ, ખ્રિસ્તનું છેલ્લું ભોજન, જૉર્ડન નદીમાં દીક્ષાનો પ્રસંગ, ગિરિપ્રવચન, ગેથીસ મેઈનમાં ઇશુને મળેલો પ્રકાશ વગેરે ચિત્રો જોતાં હૃદય હલી ઊઠતું. એના રંગ, ભાવ, છાયા, પ્રકાશ બધું તાદૃશ હતું.

એ 'બિબીઝ ઍન્યુઅલ'માંનાં 'ઓરફિયસ અને એની વાંસળી'નાં ચિત્રો તો હજી મને યાદ છે. દરેક ચિત્રનું વિવેચન પણ મિ. જૉસેફ બિબી બહુ માર્મિક રીતે આપતા. ઓરફિયસ વાંસળી વગાડતો નથી ત્યારે એની સખીઓ એના પર ગુસ્સે થઇને એને મારીને ખાડામાં નાખી દે છે. ટીકાકાર લખે છે કે પછી એ મધુર સૂર સદાને માટે બંધ થઈ ગયા. કોઈપણ સારી વસ્તુનો નાશ કરવો તો સહેલો છે, પણ એકવાર ગઈ એ ચીજ પછી પાછી કદિ મળતી નથી.

એમા એક 'કાંટા વાવનારા' નામનું ચિત્ર હતું ખેડૂતો બીચારા અતિશય મહેનતથી વિશાળ ખેતરોને સાફ કરી ખેડીને રાત્રે ઘેર ગયા છે. બીજે દહાડે બીજ રોપવાની બધી તૈયારી પૂરેપૂરી દૃષ્ટિગોચર થાય છે. એટલામાં રાતના એકાંત ને અંધારાનો લાગ જોઈ એક દુષ્ટ માણસ હાથમાં ટોપલી લઇને બીજે હાથે મૂઠીએ મૂઠીએ આખા ખેતરમાં કાંટા ને ઝાંખરાંનાં બીજ નાખતો જાય છે. દુનિયામાં કંઈ સારૂં ન રોપાય તો હરકત નહિ, પણ આવું ઝાંખરાં વાવવાનું કામ તો કદાપિ આપણે ન જ કરવું એવો ઊંડો બોધ મેં એ ચિત્ર પરથી એવો તો સચોટ લીધો છે કે હજી એ પ્રસંગ મારી આંખ આગળ આવે છે ત્યારે હું જાણે ધ્રુજી જતો હોઉં એવું થાય છે.

એ ચિત્ર મારી પાસે છે, પણ હું એને જોઈ શકતો નથી. એને તો મેં એક છબિમાં ઊંધું મઢી દીધું છે અને એની પાછલી બાજુ ગૅટેના ફાઉસ્ટની નિર્મળ માર્ગેરેટ, તકલીથી રૂ કાંતતી ઊભી છે એ વારંવાર જોવાય માટે રાખી છે. એ તો કમળના પુષ્પ જેવી સર્વાંગસુંદર કાવ્યમૂર્તિ છે. એની ભૂરી આંખમાં નિર્દોષતા અને પવિત્રતા ભર્યાં છે. દેવોના દર્શન જેવું એ માર્ગેરેટનું કરુણરસિક દર્શન હું ઘણીવાર કરૂં છું અને શેતાનથી ડરતો રહું છું.

પૂજાને માટે તો મૂર્તિઓ મેં ક્યારની યે છોડી દીધી હતી, પણ રસદૃષ્ટિએ હવે મૂર્તિઓ જોવાની પકડ મને મળી ગઈ, ને વધારે દૃઢતાપૂર્વક મેં પહેલાંની કલાયાત્રાઓ વિચારી જોઈ અને નવી હાથમાં લીધી.

અમદાવાદના હઠીસીંગનાં મંદિરમાં ચોમેર સંખ્યાબંધ નર્તકીઓની મૂર્તિઓ છે એ નર્તકીઓ કાંઈ સામાન્ય ગણિકાઓ જેવી નહોતી. એમના નૃત્યમાં આનંદસમાધિ (એક્સટસી) હતી. એ ઉપરથી દરેક મોટા હિંદુ તથા જૈન મંદિરમાં જ્યાંજ્યાં હું ફર્યો ત્યાંત્યાં બધે મંદિરની બહારના ભાગો તથા મંડપોમાંની મૂર્તિઓ હું જોતો રહ્યો છું. એ બધાં નૃત્યો પૂજા અને યોગ માટે જ લાગ્યાં છે. વીરમગામના મુનસર તળાવની દેરીઓ ઉપર, ધોળકાના મલાવ તળાવના પથ્થરોમાં, મોઢેરા અને દેલવાડા, પાટણ, ઈડર ને સિદ્ધપુર બધે જૂનાં મંદિરોમાં જુદાંજુદાં અંગમરોડ અને અભિનયોમાં મેં જે આધ્યાત્મિકતા જોઇ છે તેવી યુરોપી કલામાં નથી જોઈ. અજંતાનાં ચિત્રોમાં જેવી પ્રવાહી ને લાવણ્યવાળી રેખાઓ છે તેવી જ રેખાઓ આ બધી પૂતળીઓમા આખા હિંદુસ્તાનમાં એકસરખી કવિતાપૂર્ણ મને લાગી છે.

જબલપુરમાં ભેડાઘાટ પાસે ચોસઠ જોગણીઓનું એક મંદિર છે. એમાં વચ્ચે નદી પર બેઠેલાં ગૌરી અને શંકર છે અને વિશાળ ચોકના વર્તુલમાં ચોસઠ દેવીઓ છે. આ બધી મુસલમાન સમયમાં ખંડિત કરવામાં આવી છે, છતાં એમનાં રૂપ ને લાવણ્યનો પાર નથી.


દેવીઓ, એ પરમાત્માની નાના પ્રકારની શક્તિઓનાં રૂપો છે, ને દેવીભાગવતમાં તેનાં જે જે વર્ણનો કર્યાં છે તેને બંધબેસતાં એ સ્વરૂપો છે. વાહનો, અલંકારો, શસ્ત્રો, અસ્ત્રો, વેગવાન ગતિ, ચપળતા, ચારુતા, મોહકતા, સૌન્દર્ય, વીરતા, ભયાનકતા ઈત્યાદિ અવ્યક્ત ગુણોને એ પ્રાચીન મહાન શક્તિશાળી શિલ્પીઓએ વ્યક્ત અને ચક્ષુગોચર કરી આપ્યાં છે.

પણ આ દેવીઓનાં આજ સુધી મેં જે રૂપો જોયાં છે તેમાં સૌથી સરસ રૂપ તો ભુવનેશ્વરનાં પાર્વતીનું અમે જોયું. હિંદી સરકારના મુખ્ય પુરાતત્ત્વખાતાના અમલદાર ને મોહેં-જો ડેરોના એક શોધક સ્વ. રાખાલદાસ બૅનરજીએ અમને દાર્જિલિંગમાં કહેલું કે 'ઘેર જતાં ભુવનેશ્વર જોઇને જજો. ત્યાં મંદિરો તો ભવ્ય છે જ, પણ માટી તળે દટાઈ ગએલી પાર્વતીજીની એક મૂર્તિ મેં છએક મહિના ઘસીઘસીને સાફ કરાવીને મૂકી છે તે ખાસ જોજો.'

ભુવનેશ્વરમાં પણ બીજી મંદિર બહારની મૂર્તિઓ તો બહુ જ સરસ છે, પણ રાખાલદાસનાં પાર્વતીજી અમને કેમે કર્યાં જડે નહિ. છેવટે જળાધારીનું પાણી નીકળવાના ગોમુખ પાસે ઊભી કરેલી એ મૂર્તિ અમે જોઈ અને દિઙ્મૂઢ થઈ ગયા.

માત્ર મુખ નહિ પણ એના અંગેઅંગે અને અવયવે અવયવે લાવણ્ય નીતરતું હતું. મુખ પર ગંભીર શાન્તિ હતી અને ભીલડી સ્વરૂપે શિવને લોભાવવા જે વેશ પાર્વતીએ સજ્યો હતો તેની સજાવટ હતી. કટિમેખલા રૂપાની ઘંટડીઓની હતી. પગની આંગળીથી માથા સુધી અલંકારો સજ્યા હતા અને જે ઝીણી પટ્ટણી એમણે ઓઢી હતી તે ભાતીગળ અને અંગ જોઈ શકાય એવી બારીક હતી. એ મૂર્તિ પવિત્ર ને ગંભીર, નૃત્ય ને અભિનયકળામાં પ્રવીણ, મોહક અને પ્રેરક હતી. કુદરતમાં જે કંઇ સૌન્દર્ય છે તે બધું જાણે એના વિશ્વકર્માએ એ મૂર્તિમાં ઉતાર્યું હતું.

દૈવી તેજથી અને રૂપથી એ જોગમાયા ખુદ શિવને આકર્ષવાની તૈયારી કરતાં હતાં. કુદરતનું સૌન્દર્ય ને સંસારનું જાદુ બંને એમાં ભર્યાં હતાં. એના અભિનય, ભાવ, ત્રિભંગી અને મુદ્રાઓ એટલાં બધાં સૂચક અને અર્થપૂર્ણ હતાં કે એનું ઝડપી રેખાલેખન ઉતારી લેતાં રવિભાઇને એક કલાક થયો અને તોપણ સંતોષકારક કામ થયું નહિ. છેવટે એ મૂર્તિને સાષ્ટાંગ નમસ્કાર કરીને રવિભાઈ ઊઠ્યા અને અમે બધાએ પણ કચવાતે મને ત્યાંથી રજા લીધી. (ચાલુ)



શકુનનું સબરસ લ્યો, હાં રે કોઈ સબરસ લ્યો !
'દિન પલટ્યો પલટી ઘડી, પલટી હત્થ કમાન,'
કલિ-રજની-સંધ્યા તણા વિષાદનું એ ગાન,
પરંતુ આ તો ઉગતો ભાણ. શકુનનું૦
તિમિર તણાં પડ ઊપડે, ફોરે અનિલ ઉમંગ,
ગગન દિસે વિકસે સ્વર્ગે આશા ઝળકિત અંગ,
ભાવનાભર્યાં વિવિધ નવરંગ. શકુનનું૦
—બ. ક ઠાકોર

- મીઠા વાણ, યશની ખાણ.
- કષ્ટ નહિ સહો તો નષ્ટ થશો.
- બુદ્ધિ બિના સિદ્ધિ દૂર રહેશે.
- કામ ફતેહ કરવું હોય તો 'વાત' છોડી 'હાથ' ચલાવો.
- તન અને મન વાપરશો તો ધન અને જન મળી રહેશે.

–કિશોરિકર

રાજા મહેન્દ્રપ્રતાપ

પ્રેમ, સેવા, ત્યાગ તથા ન્યાયભાવના પર આજના જગતનું નવનિર્માણ કરવાના મનોરથવાળા હિંદના આ રાજવંશી રાષ્ટ્રભક્ત આજે 'યુદ્ધ-ગુનેગાર' તરીકે અમેરિકનોના હાથમાં કેદ છે. એમનો અપરાધ એ કે ઉત્કટ દેશપ્રેમના દોર્યા એમણે દેશની મુક્તિને માટે પોતાને સૂઝ્યો તે માર્ગ લીધો. એમ કરવામાં વીતેલું એમનું આખું જીવન ત્યાગ, બલિદાન, રઝળપાટ ને મુશ્કેલીઓથી ભરેલું છે; અને એ કારણે જ એમણે હિંદથી નિર્વાસિત બની જાપાનમાં વાસ કરેલો. એ કવિ, તત્ત્વચિંતક તથા ભારતીય મુક્તિના એક વારના અપ્રતિહત યોદ્ધાએ એ મનોરથ પાર પાડવા જે ઉદ્યમ આરંભેલો, તથા છેલ્લાં વરસોમાં જગતને ને ખાસ કરીને પોતાના દેશને દુઃખ, સંતાપ ને શોષણથી મુક્ત કરવાના જે યત્નો એમણે કરેલા તેની પાછળ ઘણાને એક પ્રકારનું ધૂનીપણું કે સ્વપ્નિલતા લાગે; પરંતુ વસ્તુતઃ એ બધાંની પાછળ એમનો ઉન્નત આત્મા જ છુપાએલો પડ્યો છે.

યુક્ત પ્રાંતના અલીગઢ જિલ્લામાં આવેલા મુરસાનના રાજા ઘનશ્યામસિંહજીના એ ત્રીજા પુત્ર. ઈ. સ. ૧૮૮૬ની પહેલી ડિસેમ્બરે એમનો જન્મ થએલો. એમની નવ વર્ષની વયે પિતા અવસાન પામ્યા. હાથરસના રાજા હરમાનસિંહજીએ એમને દત્તક લેતાં તે એમના જ પ્રબંધથી શિક્ષણ પામ્યા. બચપણથી જ વીર પુરુષોનાં જીવનકથાનકો તરફ એમનું આકર્ષણ હતું. હાઇસ્કૂલ-શિક્ષણ પૂરું કરી અલીગઢ કૉલેજમાં એ દાખલ થયા, પરંતુ ત્યાં બી.એ.માં હતા તે વેળા અંગ્રેજ પ્રિન્સિપાલને હાથે કાંઈ અન્યાય થતાં તેના વિરોધમાં હડતાલ પડાવવાને પરિણામે એમને ગ્રૅજ્યુએટ થયા વિના જ કૉલેજ છોડવી પડી.

ઝિંદના મહારાજા રણવીરસિંહજીની બહેન સાથે એમનાં લગ્ન થએલાં. ઈ. સ. ૧૯૦૪માં ૧૮ વર્ષની વયે પોતાથી પત્ની સાથે એ જગતના જુદાજુદા દેશોના પ્રવાસે ઊપડ્યા. આ પ્રવાસ દરમિયાન શિક્ષણના મહિમાની એમના મન પર એવી દૃઢ છાપ પડી કે પોતાના તથા પોતાના કુટુંબના નિર્વાહ જોગી અમુક સગવડ રાખીને બાકીની બધી મિલકત શિક્ષણ પાછળ સમર્પિત કરી દેવાનો એમણે સંકલ્પ કર્યો. કાયદાની ગૂંચ એમાં આડે આવતી હતી, તેથી પોતાની અરધી મિલકત એ માટે કાઢી, તેમાંથી ઈ. ૧૯૦૯ના મે માસમાં એક નમૂનેદાર વિદ્યાલયની સ્થાપના કરી, પોતાની દસ લાખની સંપત્તિ અને રાજમહેલ સુદ્ધાં એને સોંપી દીધો અને પોતે સાદાઇથી એના સંચાલક બનીને રહ્યા. એ વિદ્યાલય તે વૃંદાવનમાં આવેલું 'પ્રેમ' મહાવિદ્યાલય. આચાર્ય ગિદવાણીજી તેના આચાર્ય હતા.

એ વિદ્યાલયને એક આદર્શ વિદ્યાલય બનાવવાને ઇ. ૧૯૧૨માં વિવિધ દેશોની શિક્ષણસંસ્થાઓ તથા શિક્ષણપદ્ધતિઓનો અભ્યાસ કરવા એ ફરી યુરોપ ઊપડ્યા. એ અરસામાં જ બાલ્કન યુદ્ધ ફાટી નીકળ્યું ને તુર્કીનો પક્ષ એ યુદ્ધમાં સાચો હોઇને એમણે તુર્કીને સ્વેચ્છાપૂર્વક પોતાની સેવા આપી અને યુદ્ધને અંતે હિંદ પાછા ફર્યા.

એ પછી ઇ. ૧૯૧૪ સુધી પ્રેમ મહાવિદ્યાલય ઉપરાંત જુદાંજુદાં સામાજિક તથા શૈક્ષણિક ક્ષેત્રોમાં એ કામ કરવા લાગ્યા તથા 'પ્રેમ' નામે એક હિંદી અને એક ઉર્દૂ એમ બે પત્રો શરૂ કર્યાં. ઈ.૧૯૧૪માં જર્મન કૈસરે રશિયાના ઝાર જોગ લખેલી અપીલ તેમણે વાંચી અને નજીક આવી રહેલી ક્રાન્તિનાં લક્ષણો તેમને ભાસવા માંડ્યાં. તેમણે 'નિર્બળ સેવકોની સંસ્થા'ની સ્થાપના કરી અને પાસપોર્ટ લીધા વિના જ, ઈ.૧૯૧૫ના જાન્યુઆરી પહેલાં જ યુરોપ ઊપડ્યા. આ વખતે એમના રહસ્યમંત્રી તરીકે સ્વ. સ્વામી શ્રદ્ધાનંદ (એ વખતના મુન્શીરામ)ના જ્યેષ્ઠ પુત્ર શ્રી હરિશ્ચન્દ્ર એમની સાથે હતા.

યુરોપ જઇને એમણે કૈસરની મુલાકાત લીધી. એની તરફથી મિશન લઇને કેવી રીતે એ અફઘાનિસ્તાન ગયા, તે પછી ત્યાંથી જુદાંજુદાં મિશનો લઇને તિબેટ, ચીન, રશિયા, યુરોપ, જાપાન વગેરે દેશોમાં એ કેટલું કેટલું ફર્યા તથા એમને એ એકત્રીસ વરસનો લાંબો દેશવટો કેમ ભોગવવો પડ્યો અને એ રખડપાટને અંતે વિશ્વબંધુત્વની એમની ભાવના કેવી રીતે દૃઢતર થતી ગઈ વગેરેનું બયાન એમના પોતાના જ શબ્દોમાં આત્મકથન રૂપે આ અંકમાં બીજે આપ્યું છે.

૧૯૨૭માં ફરી અફઘાનિસ્તાન જવાનો એમનો ઇરાદો હતો, પણ ત્યાં બળવો ફાટી નીકળતાં એ તેહરાન ચાલ્યા ગયા અને ત્યાર પછી ૧૯૨૯ના કેટલાક માસ સોવિયેટ પાટનગરમાં ગાળી એ જ સાલના સપ્ટેમ્બરમાં એ બર્લિન પહોંચ્યા. ત્યાંથી 'વર્લ્ડ ફેડરેશન' (જગત-સમવાય) નામનું એક પત્ર કાઢી વિશ્વબંધુત્વના પોતાના આદર્શનો પ્રચાર એમણે શરૂ કર્યો. હિંદનાં પણ ઘણાં અંગ્રેજી પત્રોમાં એ લેખો લખતા. ૧૯૩૦માં એ જાપાન પાછા ફર્યા અને રાજકીય જીવનમાંથી નિવૃત્તિ લઈને પ્રેમ, ન્યાય, સેવા ને સમર્પણના પાયા ઉપર પ્રેમ-ધર્મનો પ્રચાર કરવા લાગ્યા.

એવામાં બીજું મહાયુદ્ધ સળગ્યું. એ વેળા જાપાનમાં એક

'આર્યન સેના'નું સંઘટન થયું, એ સેનાના તે નેતા થયા. આ જ એમના યુદ્ધ-અપરાધનું કારણ. જનરલ મૅકઆર્થરે કરેલી યુદ્ધ-કેદીઓની યાદીમાં આ કારણે તેમનું નામ પણ સામેલ કરવામાં આવેલું અને પરિણામે જપાને તેમને અમેરિકનોને હવાલે કરી દીધા. આજે એ ભલે 'યુદ્ધ-ગુનેગાર' હોય, પણ એમણે જે કાંઇ કરેલું તે પોતાના દેશના ઉદ્ધારને માટે કર્યું હતું.

ટોકિયોના પરાના એક નાનાસરખા મકાનમાં પોતાની મુલાકાતે આવનાર હિંદીજનોને હાથે ચા બનાવીને પાનાર, સાઠ વર્ષની ઉંમરે પણ અદમ્ય ઉત્સાહ, અદ્ભુત કાર્યક્ષમતા ને ઉત્કટ દેશપ્રેમ ધરાવનાર એક વખતના આ રાજવંશી નગીરાની ભારતભક્તિ ખરે જ હૃદયસ્પર્શી છે. ('સંસાર', 'ભારતી' વગેરે પત્રો ઉપરથી)



આ. જે હું માનવતાની રાહમાં પ્રેમનાં ગીત ગાનારો એક અદના ફકીર છું. મારા જીવનનો ઉદ્દેશ માનવમાત્રની સેવા છે. મારી દૃષ્ટિએ દુનિયા એક મહત્ કુટુંબ છે. વિવિધ દેશો એ કુટુંબના સભ્યો છે. એ કુટુંબ શું સંમિલિત ન થઈ શકે? આકાશવાણી ઉપર એ કુટુંબનાં મુખ મળ્યાં ન થઈ શકે? શું પ્રેમનાં [illegible] અને શાન્તિની સેના આપણાં હૃદયને નહિ જીતી શકે? રાજનીતિજ્ઞો અને દીવાનો સમર્થ છે: પણ દેશો અને મહાદ્વીપોની સીમાઓ પાર કરીને હું જ્યારે વિવિધ દેશોની જનતા આગળ મારી આ વાત કહું છું ત્યારે તેમની સ્મિત આંખો મને આશ્વાસન આપે છે કે 'મહેન્દ્રપ્રતાપ! તારો માર્ગ જ બરાબર છે. [illegible]

મન્વંતર દુકાળ

પ્લાસીના યુદ્ધ પછી બાર તેર વર્ષે બંગાળમાં મોટો દુકાળ પડયો હતો. તેનું સ્મરણ લોકોને દોઢ સદી સુધી રહ્યું છે. લોકભાષામાં તેને 'છિયત્તારેર મન્વંતર' અથવા સિત્તેરનો દુકાળ કહેવામાં આવતો હતો. પરંતુ 'મન્વંતર' શબ્દમાં દુકાળ ઉપરાંત ઘણું આવી જાય છે તેમાં રાજ્યપલટો, સામાજિક તથા રાજકીય ફેરફાર તેમજ મોટા પ્રમાણમાં મૃત્યુ-ધ્વંસ અને નૂતન સર્જનનો સમાવેશ થાય છે. બંગાળીઓના તાજા બંગાળના અનુભવને 'મન્વંતર' કહેવામાં આવે છે. કેટલાક તેને 'મહામન્વંતર' કહે છે, કારણ કે તે મહાયુદ્ધના અંગે આવેલો છે. બંગાળા પણ યુદ્ધનું કેન્દ્ર હતું. પોતાની સરહદ પર યુદ્ધ ને વિજય, તથા ઘરઆંગણે દુકાળ પડવાથી તે ભય, ભૂખમરો અને રોગચાળાનો નિઃસહાય ભોગ થઇ પડયું. આ વસ્તુમાંથી મહાસાહિત્યનું સર્જન થઈ શકે અને કોઇ દિવસ તેનું સર્જન થશે પણ ખરૂં. ૧૭૭૦ પછી સો વર્ષ વીત્યા બાદ તે દુકાળનું વર્ણન બંકિમચંદ્ર ચેટરજીના 'આનંદમઠ'માં મૂર્ત સ્વરૂપ પામ્યું છે. (પુસ્તકાલય)

'બૉન મત્સુરી'

જે શહેર તાજેતરમાં જ મહાવિનાશકારી પ્રલયકણનો ભોગ બન્યું છે અને જેના ત્રીજા ભાગનું અસ્તિત્વ ભુંસાઈ ગયું છે તે નાગાસાકી જપાનનો દક્ષિણ દરવાજો કહેવાય છે. ક્યુશુ ટાપુની પશ્ચિમે ઊભેલું જપાનના સામ્રાજ્યનું એ શ્રેષ્ઠ કુદરતી બંદર છે. લગભગ ૩૦૦ વર્ષથી આ એક જ બંદરે યુરોપિયનો વેપાર કરી શકતા. ૧૯૩૧માં તેની વસ્તી બે લાખની હતી, પણ ત્યાર બાદ તો તે ખૂબ વધી હતી.

આ શહેર ફરતી કોલસાની ઘણી ખાણો આવેલી છે વળી શહેરની આજુબાજુ ડુંગરાઓની હારમાળાઓ અને વૃક્ષોનાં સઘન જંગલો છે. શહેરનું સૃષ્ટિસૌન્દર્ય અને આબોહવા ઘડીભર તો માણસને નંદનવનનો ભાસ કરાવે તેવાં છે. તેનાં ફર્ન વૃક્ષો, લાકડાનાં મકાનો, પૂલો, બધું યે તેને શ્રીનગર અને વેનીસની ઉપમાને યોગ્ય ઠરાવે તેવાં છે. એ જપાનનું શ્રીનગર ને એશિયાનું વેનીસ ગણાય છે.

જે ડુંગરાઓની વચ્ચેની ખાળીમાં આ શહેર વસેલું છે તે ડુંગરોની બંને બાજુએ આ ભવ્ય શહેરનું કબ્રસ્તાન આવેલું છે. એ કબ્રસ્તાનમાં દર વરસે ઑગસ્ટ માસની ૧૩મીથી ૧૬મી સુધી ચાર દિવસનો એક મોટો મેળો ભરાય છે, જેને જપાની લોકો 'બૉન મત્સુરી'નો ઉત્સવ કહે છે. નાગાસાકીવાસીઓ આ દિવસને અવસાન પામેલાં કુટુંબીઓની યાદમાં શ્રાદ્ધના તહેવાર તરીકે પાળે છે.

૧૩મીની પહેલી રાતે તેઓ ચાલુ વર્ષમાં અવસાન પામેલાં કુટુંબીઓની કબરો ઉપર રંગબેરંગી પાતળા કાગળોનાં ફાનસો વગેરેથી રોશની કરે છે અને સુગંધી ધૂપ કરે છે. બીજી અને ત્રીજી રાતે આ અને આ પહેલાં અવસાન પામેલાંઓની તમામે તમામ કબરો ઉપર આવી જ રીતે રોશની અને ધૂપદીપ કરે છે.

તેઓ આ તહેવારોને શોકદિન નથી માનતા, પણ મૃતાત્માઓની યાદમાં ખાઇપીઇને આનંદમગ્ન બને છે. ત્યાં નાચ, ગાન અને ખાણાંપીણાંની મેહફિલો ઊડે છે અને આતશબાજી ફૂટે છે. તેઓનો આ ઉત્સવ આપણા જન્માષ્ટમી કે ઉરસના મેળા કરતાં ચડી જાય તેવો હોય છે. હિંદુ લોકો જેમ પિતૃઓને પાણી રેડે છે અને પિંડ આપે છે એવી આની પાછળ તેઓની માન્યતા રહેલી છે.

છેલ્લી તા. ૧૬મીની રાતે બારથી બે વાગ્યા સુધી આમ આનંદની છોળો ઉડાવી તેઓ કબરો ઉપરથી પેલાં ફાનસો ઉઠાવી સરઘસના આકારમાં કબ્રસ્તાનથી નીચે ઊતરે છે. તેઓ એમ માને છે કે તા. ૧૩થી ૧૫ની ત્રણ રાત સુધી તેમનાં મૃત્યુ પામેલાં કુટુંબીઓનાં પ્રેતો આ દુનિયામાં આવે છે અને તા. ૧૬ની રાત્રે પ્રભાત થતાં પહેલાં પોતપોતાને સ્થાને પાછાં ફરે છે. નીચે ઊતરીને તેઓ સમુદ્રકાંઠે આવે છે અને ઘાસનાં બનાવેલાં નાનાંનાનાં વહાણોને પેલાં ફાનસો ટાંગી દઈ સમુદ્રમાં તરતાં મૂકે છે અને તેમાં થોડાં ફળો તથા નાણું મૂકે છે. તેઓ માને છે કે પ્રેતો આ ફળ ખાતાંખાતાં અને મૂકેલા પૈસા વાપરતાં વાપરતાં પાછા પોતાને મુકામે જાય છે.

આ ઘાસનાં વહાણોને નાના સઢ પણ હોય છે, એટલે તેઓ થોડે સુધી દરિયામાં તણાતાં જાય છે, પણ પછી પવનથી ફાનસો અને ઘાસનાં વહાણો સળગી ઊઠે છે. સમુદ્રમાં આ દેખાવ ખૂબ જ જોવાલાયક બને છે. નાગાસાકીમાં રહેતા પરદેશીઓ તો આ મોજ જોવા હોડીમાં બેસી સમુદ્રમાં ફરવા નીકળે છે.

પશ્ચિમની ઢબ ઉપર અદ્યતન તાલીમ પામેલી જપાની પ્રજા પણ આ 'બૉન મત્સુરી'ના તહેવારની માન્યતા ઉપરથી હિંદીઓની કેટલીક શ્રદ્ધાળુ માન્યતાઓ સાથે સામ્ય ધરાવતી નથી લાગતી?

—સૌ. વી. બેનાણી

લેટફાયા

પેગુમાં બુદ્ધ ભગવાનની સિંહશય્યા ખાસ જોવાલાયક છે. શહેર બહાર ખંડેરો વચ્ચે આ ભવ્ય-મનોહર મૂર્તિ સૂતેલી છે. યોગી જમણા પડખા પર પગ તાણીને સૂઈ જાય અને કોણી જમીન પર રાખી જમણી હથેળી પર માથાનો ભાર રાખે ને ડાબો હાથ ડાબા પડખા અને સાથળ પર છોડેલો હોય ત્યારે એ આસનને સિંહશય્યા કહે છે. આને જ લેટફાયા કહે છે. લગભગ સાડા ત્રણસો ફૂટ લાંબા અને આડેક ફૂટ પહોળા ઓટલા પર એટલી લાંબી બુદ્ધ ભગવાનની મૂર્તિ વિરાજેલી છે. આજની સરકારે એના પર લોખંડી પતરાંનું એક છાપરું જડાવ્યું છે. આવડી મોટી મૂર્તિ દુનિયામાં બીજી હશે કે નહિ તે આપણે જાણતા નથી, પણ એની વિશાળતા એ જ એની વિશેષતા નથી. પ્રચંડ મૂર્તિઓ ઘણીવાર કઢંગી હોય છે. આ મૂર્તિમાં તો એનું અંગસૌષ્ઠવ અને મુખમુદ્રા પરનું માર્દવયુક્ત સ્મિત એ જ વિશેષ ધ્યાન ખેંચે છે. મૂર્તિના પગનાં તળિયાં નાના બાળકના પગ જેવા પાટલ રંગનાં છે.

દૂરથી જ મૂર્તિએ પોતાની મોહિની અમારા પર ફેંકી. અમારા પગ થંભી ગયા. અતિ આનંદ થાય એટલે એમાં ભાગ પડાવનાર કોઇ છે કે નહિ એ જોવાની ઇંતેજારી સહેજે જન્મે છે. મેં મૂર્તિ પરથી દૃષ્ટિ કાઢી મારા સાથીઓની મુદ્રા તરફ વાળી. મેં જોયું કે એમના મોઢા પર પણ પેલી મૂર્તિ જેવું જ પ્રસન્ન સ્મિત ફેલાએલું છે. આજે તો એ મૂર્તિ માત્ર કુતૂહલનો જ વિષય થઈ પડી છે, પણ જે વખતે આ પ્રદેશમાં બૌદ્ધ ધર્મ પ્રજ્વલિત હતો તે વખતે કોણ જાણે કેટલાયે સાધકોએ આ મૂર્તિ પર ધ્યાન ધરી સમાધિનો લાભ મેળવ્યો હશે. યોગશાસ્ત્ર કહે છે કે સિંહશય્યા વીર્યરક્ષણ ને અલ્પનિદ્રાને માટે વિશેષ અનુકૂળ છે. અર્ધી રાત એક પડખું અને બાકીના રાત બીજું પડખું. માત્ર ડોક પરની તાણ સહન કરવાની તાકાત હોવી જોઈએ.

મુસાફર કોકકોકવાર કવિતામાં વ્યાકરણ શોધવા જેટલો જ અરસિક થાય છે. મૂર્તિ કેટલી લાંબીપહોળી હશે એનો અંદાજ કર્યા પછી અમે વિચાર કરવા લાગ્યા કે એ શાની બનાવેલી હશે? પથ્થરની કે માટીની? થોડીક ચર્ચા પછી અમે નિર્ણય કર્યો કે આખી મૂર્તિ ઈંટોની બનાવેલી છે અને એના પર ધોળા સિમેન્ટની છો કરેલી છે. આથી તો એના શિલ્પીની સર્જનશક્તિ વિષે વધારે માન ઊપજ્યું. અવયવોનાં પ્રમાણ, એનો ઘાટ અને મુખમુદ્રા એ બધું એણે કઈ રીતે સાધ્યું હશે એની કલ્પનામાં અમે ગરકાવ થઈ ગયા. અમેરિકામાં સ્વતંત્રતાદેવીની ઊંચી મૂર્તિ કાંસાની બનાવેલી છે, તેના અવયવો પણ પ્રમાણબદ્ધ હોવાની ખ્યાતિ છે. એના શિલ્પીએ પ્રથમ એક નાની મૂર્તિ બનાવી, અને પછી એના અવયવોનાં પ્રમાણ ત્રિરાશિથી વધારી મોટી મૂર્તિ તૈયાર કરી એમ કહેવાય છે. લેટફાયાના શિલ્પીએ કેવું ગણિત કર્યું હશે?

અમારું નીરસ ગણિત ઝાઝું ચાલ્યું નહિ. મૂર્તિની શાંતિ જ ફરી હૃદયમાં વ્યાપી ગઈ. પાછા જતાં પણ અનેકવાર પાછા વળીવળીને એ શાંતિરાજનું દર્શન કરવાનું મન થયું. —દ. બા. કાલેલકર

અણુ-બૉંબ વિષે વધુ

પ્રિન્સ્ટન (અમેરિકા)ના ડૉ. એચ. ડી. સ્માઈથની અણુ બૉંબ બનાવવામાં સલાહ લેવામાં આવતી હતી, અને એમણે યુદ્ધખાતા તરફથી હવે નીચેની વિગતો બહાર પાડી છે.

બૉંબમાં જે વસ્તુના અણુઓ ભેદાય છે તે ભૂકાના રૂપમાં હોય છે, અને અણુ ભેદવા સારૂ જે ન્યૂટ્રોનની જરૂર પડે છે તે તણખાના રૂપમાં હોય છે. ૬૦૦ અબજ ન્યૂટ્રોનનું વજન બે આના-સીક્કાના વજનનો પાંચમો ભાગ હોય છે. જ્યારેજ્યારે કૉસ્મિક કિરણો પૃથ્વી કે વાયુના અણુઓ સાથે અથડાય છે ત્યારેત્યારે ન્યૂટ્રોન કુદરતીરીતે છૂટા પડે છે. ન્યૂટ્રોન અણુનું કેન્દ્ર ભેદે છે તે સાથે જ બીજા વધારે ન્યૂટ્રોન છૂટાં પડે છે અને તે સેંકડો ફીટ દૂર સુધી બંદૂકની ગોળીની માફક બહાર ફેંકાય છે. આને કોઈ રોકી શકતું નથી. એ હવા, માણસ, દીવાલ અને પોલાદમાંથી પણ પસાર થાય છે. વિજ્ઞાન અત્યારે એનાથી વધારે ભેદક વસ્તુ જાણતું નથી.

બૉંબમાં જો યુ-૨૩૫ અથવા પ્લ્યુટોનિયમ પૂરતા પ્રમાણમાં હોય તો કુદરત ન્યૂટ્રોન પૂરા પાડશે. અને બૉંબ સેકન્ડના હજારમા ભાગમાં ફાટશે. આ સારૂ બેમાંથી કોઇ પણ એક ધાતુનું વજન ૨ થી ૪૦૦ રતલ વચ્ચે હોવું જોઇએ. આ બધો જથ્થો બૉંબમાં પહેલેથી જ એકસાથે રાખવામાં આવતો નથી. એ જથ્થો અમુક હદથી વધારે હોય તો બૉંબની ક્રિયા આપમેળે શરૂ થાય છે. આથી મૂળ જથ્થાના નાનાનાના ભાગ કરવામાં આવે છે ને જ્યારે બૉંબ ફોડવાનો હોય ત્યારે એક જાતની બંદૂકની મદદથી આ બધા ભાગો એકઠા કરવામાં આવે છે. એ બંદૂક સાધારણ બંદૂકથી ખાસ જુદી નથી. જ્યારે બધા ભાગો એકઠા થાય છે ત્યારે આંખના પલકારામાં બૉંબ ફાટે છે.

ઉપરના સિદ્ધાંતો વિજ્ઞાનીઓને જાણીતા છે. આ અણુઓના જથ્થા જ્યારે ભેગા કરવામાં આવે ત્યારે એક પળમાં સજ્જડ રીતે ભેગા થવા જોઇએ અને અહીં જ ગજબ મુશ્કેલી રહેલી છે.

પ્લ્યુટોનિયમ, જે બૉંબમાં મૂકવામાં આવે છે, એ એક નવી જ ધાતુ છે. લડાઈ પહેલાં આ પૃથ્વી પર કે તારાઓમાં સુદ્ધાં એની હયાતી જાણવામાં આવી નથી. લડાઇ દરમ્યાન જ એ ધાતુ રાસાયનિક (Alchemy) રીતે બનાવવામાં આવી છે. આના સારૂ ગ્રેફાઇટની ઈંટોની ભઠ્ઠી તૈયાર કરવામાં આવે છે. એમાં આડી સાંકડી નાળો (Tunnels) કરવામાં આવે છે, જેમાં સાદું યુરેનિયમ (યુ-૨૩૮) ભરવામાં આવે છે. અહીં અણુ-અગ્નિનો ઉપયોગ કરવામાં આવે છે. એમાંથી ભડકા કે ધુમાડા નીકળતા નથી પણ અત્યંત ગરમી અને પાંચ જાતનાં કિરણો ઉત્પન્ન થાય છે. કેન્દ્ર-પરિવર્તનો એ આ અણુ-અગ્નિનું મૂળ છે. કેન્દ્ર પરિવર્તનો અને અણુઅગ્નિથી યુરેનિયમ ૨૩૮ પ્લ્યુટોનિયમમાં ફેરવાય છે. એ કેન્દ્ર-પરિવર્તનો આપમેળે થાય છે. માણસ તો પાસે પણ જતો નથી, કારણકે એ કિરણો નુકસાનકર્તા હોય છે. વૉશિંગ્ટન સ્ટેટમાં આવેલા હેનફોર્ડમાં આ ભઠ્ઠીઓ બાંધવામાં આવેલી. દરેક ભઠ્ઠી વચ્ચે થોડા માઇલોનું અંતર હોય છે. પહેલાં આ ભઠ્ઠીઓ ફાટવાનો ભય હતો પણ હવે એ સહીસલામત ગણાય છે. આ ક્રિયાઓ સારૂ પાણી પણ એકદમ ચોકખું હોવું જોઇએ, નહિ તો પાણીમાંનો કચરો પણ રેડિયો-ઍક્ટિવ થાય અને બીજાઓને નુકસાન કરે. આના સારૂ કોલંબિયા નદીનું પાણી વાપરવામાં આવે છે. આ ક્રિયાઓમાં એટલી બધી ગરમી ઉત્પન્ન થાય છે કે જો વપરાએલું પાણી ઠંડું પાડ્યા પહેલાં નદીમાં પાછું વાળવામાં આવે તો આખી નદીના પાણીમાં ગરમાવો આવે!

યુ-૨૩૫ની મદદથી અણુઅગ્નિ પેદા કરવામાં આવે છે અને જો યુ-૨૩૫ ન હોય તો પ્લ્યુટોનિયમ બનાવી શકાય નહિ. એમ કહેવાય છે કે આ પ્લ્યુટોનિયમની મદદથી યુરેનિયમમાંથી મળતી શક્તિમાં ૧૦૦ ગણો વધારો થયો છે. —ચંપકલાલ હરિલાલ મહેતા

મારા દાંત કેમ જાળવું છું

દાંત આપણા શરીર રૂપી મહાન મંદિરના ચોકીદારો છે. ઘણાખરા રોગોનું મૂળ પેટ છે, અને દાંત સ્વચ્છ રહે તો પેટનો રોગ ન થાય.

મને ૬૪મું વરસ બેઠું છે છતાં માત્ર બે સિવાયના મારા ત્રીસે દાંત સારી હાલતમાં કામ આપે છે. શરૂઆતથી જ દાંતની રોજ બરોબર સંભાળ રાખેલી હોવાથી દાઢોનો દુખાવો, પેઢાંની પીડા, દાંતમાં રસી અને દાંતો ઢીલા પડી જવાની તથા હલવાની ફરિયાદો આટલી ઉમરે પણ નથી. હું દાંતની નીચે મુજબ સંભાળ લઉં છું.

(૧) સવારમાં વહેલા ઊઠીને પાણીમાં પલાળી રાખેલા બાવળના ટચલી આંગળીથી સહેજ પાતળા અને લાંબા દાતણને ધીમેથી ચાવી એકદમ કોમળ કૂચો બનાવું છું. પછી દંતમંજન લઈને ધીમે હાથે પેઢાં, દાંતનો બહારનો ભાગ, અંદરનો ભાગ, ખૂણા, સર્વે દસ મિનિટ સુધી ઘસીને દાતણની ચીરો કરી ઊળ ઉતારી આંગળાં ગળામાં નાખી ચીકણો પદાર્થ કાઢી નાખું છું.

(૨) દંતમંજન હું ઘેર બનાવું છું. ૧ તોલો માયાં, ૨૦ તોલા બદામનાં બાળેલાં છોડાં, ૦॥ તોલો કપુર, ૧ તોલો શંખજીરૂં અને ૫ તોલા સિંધવ મીઠું, એ સર્વેનું ચૂર્ણ કરી હું દાંતે ઘસું છું. બદામના બાળેલાં છોતરાં કરતાં પણ ચોખાની શાળ ઉપરના ફોતરાં બાળીને બનાવેલું દંતમંજન વધારે સારૂં છે.

(૩) આંગળીઓથી પેઢાંઓને થોડો સમય ધીમેથી ઘસું છું. પછી સાદા પાણીના થોડા કોગળા કરીને મીઠાના ગરમ પાણીના કોગળા ઠેઠ ગળા લગી ગડગડાવીને કરૂં છું. આથી મોઢું બરાબર સાફ રહે છે. ગળાના કાકડા સૂઝવા, ગળામાં પાક થવો વગેરે રોગો આ કોગળાથી થતા નથી.

(૪) દાંતને કસરત આપવા બાજરીનો રોટલો, સકરજન, શેરડી વગેરે ધીમેધીમે ચાવીને ખાઉં છું. દાંતને બહુ તસ્દી આપે એવાં સોપારી કે પબડી જેવા કઠણ પદાર્થો દાંતથી ભાંગતો નથી. જમવામાં દરેક કોળિયો ધીમેધીમે ચાવું છું. પાચનક્રિયામાં આ ઝીણું સર્વાંગ અગત્યનો ફાળો આપે છે.

(૫) જેટલી વખત ખોરાક અથવા દૂધ વગેરે મોઢામાં નાખું છું તેટલી વખત પુષ્કળ પાણીના કોગળા કરી મોઢું અને દાંત ખૂબ સાફ રાખું છું. આથી દાંત ઉપર છારી ન જામતાં સફેદ રહે છે.

(૬) સૂતાં પહેલાં મીઠાવાળા ગરમ પાણીના કોગળા કરૂં છું. જેટલી વખત જમું છું તેટલી વખત જમ્યા પછી પેઢાંને આંગળીથી ઘસું છું. આથી ઘણુંખરાં આધેડો અને વૃદ્ધોને થતી દાંતની કળતર મને થતી નથી.

(૭) મહિનામાં પાંચેક દિવસ લીમડાનું દાતણ કરૂં છું. દાંત માટે તે જંતુનાશક છે. ક્યારેક વડની વડવાઈનું દાતણ પણ કરૂં છું. વડવાઇના દાતણમાં હાલતા દાંતને મજબૂત કરવાનો ગુણ છે.

(૮) મારા દાંત વચ્ચે ત્રણ ઠેકાણે ખોરાકના કણો ભરાઇ રહેવાની જગ્યાઓ છે. એ રેખોના સ્થળે જમા થએલી અનાજની ઝીણી કરચો કોગળાઓથી નીકળતી નથી. તેથી પાતળા કાગળની ઘડી કરી તેના અણિયાળા ભાગથી એ કણો કાઢી નાખું છું; નહિતો અંદર સડો થાય જ. પોલાણ અગાઉ દંતવૈદ્યની પાસે રૂપાના મિશ્રણથી પુરાવ્યું હતું. પરંતુ બેત્રણ વરસ પછી એ નીકળી જાય છે. એથી હવે એવી નરમ વસ્તુથી એ સાફ કરૂં છું.

(૯) ત્રણ ત્રણ વરસે દંતવૈદ્ય પાસે બે વખત દાંત સાફ કરાવ્યા પરંતુ મને એ ક્રિયા અનુકૂળ પડી નહિ. દાંતોને ઠોકઠોક કરવાથી તે નબળા બનવાનો સંભવ છે.

(૧૦) ખરાબ દાંત હમેશાં અપચો કરે છે. ગરમ પાણી અને મીઠાના કોગળા દાંતને સાફ રાખે છે તાજાં શાકભાજી અને ફળનો ખોરાક વધારે પ્રમાણમાં લેવાથી અને ભોજન વચ્ચે વારંવાર બીજું કશું નહિ ખાવાના દૃઢ નિશ્ચયથી દાંત મજબૂત રહે છે.

આ ઉપરાંત નીચેના નિષેધો પણ યોગ્ય રીતે પાળું છું.

(૧) અતિશય ઠંડાં -એટલે કે બરફ, કુલ્ફી, આઇસક્રીમ વગેરે–તથા અતિ ગરમ પીણાં કે ખોરાકનો ઉપયોગ કરતો નથી. (૨) ઈંટનો ભૂકો, રેતી કે માટીથી કદી દાંત સાફ કરતો નથી. એમાંની ઝીણી સખત બારીક કાંકરીઓથી દાંતના ઉપરના સફેદ મીનાને નુકશાન થાય છે. એ મીનાનું પડ ઘસાય એટલે દાંતને ભાંગતાં વખત લાગતો નથી. (૩) મોઢેથી શ્વાસ ન લેતાં નાકથી જ શ્વાસ લઉં છું. દાંતના રક્ષણ માટે એ જરૂરી ક્રિયા છે. (૪) લાકડાની સખ્ત સળી, ટાંકણી કે ધાતુની અણીવાળી કોઇ વસ્તુ વડે દાંત ખોતરતો નથી. (૫) પાનસોપારી કે ચૂનોતમાકુ હું બીલકુલ વાપરતો નથી. બીડી સીગરેટ પીતો નથી. (૬) ગળપણ દાંતનું દુશ્મન છે. એનો જેમ બને તેમ ઓછો ઉપયોગ કરૂં છું. અને ખાધા પછી ખૂબ કાળજીથી દાંતને સાફ કરૂં છું (૭) અસ્વચ્છ આંગળી, પેન્સિલ કે બીજી કોઈ વસ્તુ મોઢામાં નાખી અથવા નખ કાતરીને દાંતોને અભડાવતો નથી. —ડુંગરશી ધરમશી સંપટ

ઍલ્યુમીનિયમ વિષે વધુ

આપણામાંનો મોટો ભાગ એવો જ ખ્યાલ ધરાવતો હોય છે કે ઍલ્યુમીનિયમનાં માત્ર વાસણો જ બને છે. વિમાનોની બનાવટમાં એ કામ લાગે છે એ પણ કદાચ થોડાઘણા જાણતા હશે. પરંતુ હવે તો મોટરબસનાં ખોખાંથી માંડીને ઘરનું સઘળું રાચરચીલું જ નહિ પણ કાગળ અને કાપડ સુદ્ધાં ઍલ્યુમીનિયમનાં બનવા માંડયાં છે. અને અમેરિકામાં તો 'સ્ટ્રીમલાઇન્ડ' ટ્રેનો સુદ્ધાં ઍલ્યુમીનિયની જ બનાવેલી દોડાવવામાં આવે છે.

મકાનોના બાંધકામમાં ઍલ્યુમીનિયમને વધુ ને વધુ પસંદગી મળતી જાય છે અને તેનું કારણ, વજન ઝીલવાના તેના સામર્થ્યના સાથેસાથ તેને ચાહે તેવો 'ફિનિશ' આપી શકાય છે, એટલું જ નહિ પણ તેનામાં સૌન્દર્યક્ષમતા છે અને ગમે તેવા હવામાનનો પણ તે સારી પેઠે પ્રતિકાર કરી શકે છે તે છે. ઍલ્યુમીનિયમનું બાંધેલું મકાન ઓપદાર બનવા સાથે ખૂબ હળવું પણ હોઇને તરત ગમી ગયા વિના નથી રહેતું. તાજેતરમાં જેને વિમાની અકસ્માત નડેલો એ જગતની ઊંચામાં ઊંચી ઇમારત એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગનો ઉપલો બુરજ ઍલ્યુમીનિયમનો જ બનેલો છે દિવસે સૂર્યની અને રાત્રે કૃત્રિમ રોશનીમાં તેનો ઝગમગાટ નયનમનોહર બની રહે છે. બીજી કોઈ પણ ધાતુ કરતાં ઍલ્યુમીનિયમ વધારે ટકાઉ જણાયું છે એટલું જ નહિ પણ તેની સાફસૂફી પણ પ્રમાણમાં તદ્દન સહેલી છે.

બ્રિટન પરના બૉમ્બમારામાં ત્યાંનાં અસંખ્ય રહેઠાણોનો નાશ થયો હોઈને લોકોને ક્યાં વસાવવાં એ પ્રશ્ન ઊભો થયો છે. આ માટે અખતરા તરીકે ઍલ્યુમીનિયમનું જ બનાવેલું આખું મકાન ઊભું કરવામાં આવેલું. દીવાલો, છાપરૂં તથા ફરસબંદી ઍલ્યુમીનિયમની મિશ્ર ધાતુનાં તથા બાકીનો ભાગ શુદ્ધ ઍલ્યુમીનિયમનો ધરાવતાં આવાં મકાનો થોડા જ કલાકમાં ઊભાં થઈ શકે છે એ એની મોટી સગવડ છે, અને બ્રિટનની સરકારે સઘળી કસોટીઓમાંથી પાર ઊતર્યા પછી એવાં ૫૦,૦૦૦ ધાતુઘરોનો ઑર્ડર આપી દીધો છે.

ઝાંખા રૂપેરી રંગની એ ધાતુને ચાંદી જેવો ચળકાટ આપી શકાય છે. એથી પણ વિશેષ તો એ છે કે એને 'એનોડાઈઝ્ડ' કરીને તેના પર નવું પડ ચડાવી શકાય છે. એક ઇંચના પણ હજારમા ભાગ જેટલું પાતળા છતાં કાયમી. આ પડને ગમે તે રંગની ઝાંખી કે ઘેરી છાયા આપી શકાય છે. આ પડ એ ધાતુને ઘસારાથી બચાવતું હોઇને સુશોભનાત્મકની સાથે સાથે સંરક્ષણાત્મક પણ બની રહે છે.

કુદરતી અથવા તો એનોડાઇઝ્ડ રંગમાં ઍલ્યુમીનિયમનું તરેહ-વાર રાચરચીલું હવે બનવા માંડ્યું છે. એના વજનના પ્રમાણમાં ગમે તેવું મોટા કદનું રાચરચીલું પણ ઉપાડવામાં તદ્દન હલકું રહે છે. જુદાજુદા ફુમાશદાર રંગોની છાયા તેને આપી શકાય છે. વળી લોખંડ કરતાં તેની ઉષ્માવાહકતા ત્રણ ગણી વધારે હોઈને ઍલ્યુમીનિયમનાં વાસણોમાં રાંધવાથી બળતણનો પણ એટલો બચાવ થાય છે. દીવાબત્તીનાં સાધનોમાં પણ એકલી અથવા કાચમિશ્રિત ઍલ્યુમીનિયમ ધાતુનો ઉપયોગ થવા માંડ્યો છે. ચૉકલેટથી વગેરે રૂપેરી વરખ જેવો જે કાગળ આવે છે તે પણ ઍલ્યુમીનિયમમાંથી જ બનાવેલો હોય છે એનો ઘણાને ખ્યાલ નહિ હોય.

પરંતુ આ ધાતુનો સૌથી આશ્ચર્યકારક ઉપયોગ તો તેમાંથી બનાવવામાં આવતા કાપડનો છે. એના આખા પતરામાંથી પાતળી પટ્ટીઓ કાપી કાઢવામાં આવે છે અને એ પટ્ટીઓમાંથી સૂતર જેવા બારીક તાર ખેંચવામાં આવે છે. આવા તાર બે પ્રકારના બનાવવામાં આવે છે–વણાટકામ માટેના તથા ગૂંથણકામ માટેના. ગમે તે રંગના એ તાર બનાવી શકાય છે અને તે નથી ઢીલા પડી જતા કે નથી તેમનો રંગ ઊડી જતો; અને એમાંથી બનેલા કાપડનું ડ્રાઈ-ક્લીનિંગ થઇ શકે છે તેમ હાથે પણ તદ્દન સહેલાઇથી ધોઇ શકાય છે.

ઍલ્યુમીનિયમમાંથી આ રીતે બનેલું કાપડ ખૂબ જ ફુમાશ-દાર અને ઓપી નીકળે તેવું હોય છે. ઊન, શણ, રેશમ, રૂ કે રેયૉનની સાથે મિશ્ર કરીને પણ તેનું કાપડ બનાવી શકાય છે. આવું મિશ્ર કાપડ બીજા કોઇ પણ કાપડ કરતાં વધુ ટકાઉ માલૂમ પડ્યું છે.

માત્ર ગઈ સદીમાં જ શોધાએલી આ ધાતુનો ઉપયોગ અત્યારે તો આટલાં ક્ષેત્રોમાં વ્યાપ્યો છે. પણ નજીકના ભવિષ્યમાં બીજાં અનેક ક્ષેત્રો એ સર નહિ કરે તેની શી ખાત્રી ? (ભારતી)

સ્કાઉટ-જમ્બોરી (બાલવીરોનો વિશ્વમેળો) ફરી મળે છે

'જમ્બોરી' નામે ઓળખાતો દુનિયાભરના સ્કાઉટોનો વિશ્વ-મેળો યુદ્ધ પહેલાં દર ચાર વરસે ભરાતો. છેલ્લામાં છેલ્લો ૧૯૩૭માં હૉલૅન્ડમાં ભરાએલો. યુદ્ધ પૂરૂં થયું છે, એટલે હવેની પહેલી સ્કાઉટ જમ્બોરી ૧૯૪૬માં ફ્રાન્સમાં ભરવાનું ઠર્યું છે. દુનિયાના જે જે દેશોમાં આજે સ્કાઉટની પ્રથા ચાલુ છે તેવા દરેક નોંધાએલા દેશને તેમાં ભાગ લેવા આમંત્રણ અપાશે. સંયુક્ત રાષ્ટ્રોના ઇટાલી અને રૂમાનિયા સિવાયના દરેક દેશમાં સ્કાઉટની ચળવળ ચાલુ છે

જે સ્કાઉટોને તેમના દેશો પસંદ કરશે તેમને આર્થિક મદદ આપવામાં નહિ આવે. એ લોકોએ મુસાફરીનું ખરચ મેળવવા માટે મહીનાઓ સુધી કામ કરવું પડશે.

જર્મનોએ બેલ્જિયમમાં આ ચળવળ દાબી દીધી હતી. પાછળથી જુદીજુદી જાતનાં બંધનો તેના પર મૂકવામાં આવ્યાં હતાં. હૉલૅન્ડ, અને ફ્રાંસની સ્કાઉટ સંસ્થાઓ પણ બંધ પડી ગઈ હતી. તેમણે ફરી પોતાની પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી છે.

યુદ્ધકાળમાં લકસમબર્ગમાં સ્કાઉટોએ છૂપી હીલચાલો પણ ચાલુ રાખી હતી અને ઘણા દેશને માટે શહીદ થયા હતા. પોલાન્ડના સ્કાઉટનો ઉપ-વડો સ્કાઉટ યુદ્ધમાં ખપી ગયો હતો. બ્રિટનમાં યુદ્ધને લગતી ઘણી પ્રવૃત્તિઓ સ્કાઉટોએ કરી હતી. દુશ્મનોને કબજે પડેલા નૉર્વેના સ્કાઉટોએ યુદ્ધકાળ દરમ્યાન પોતાની પ્રવૃત્તિઓ બ્રિટનમાં ચાલુ રાખી હતી.

આવતા વિશ્વમેળામાં ફરી પાછા દેશેદેશના બાલવીરો એકઠા મળશે. તેઓ જગતના નવનિર્માણમાં માનવબંધુભાવનો વિશ્વવ્યાપી સિદ્ધાંત સ્થાપવાનો અમેરિકાનો મુદ્રાલેખ સફળ કરો એમ ઇચ્છીએ.

આ માસ (નવેમ્બર) ઈતિહાસમાં

તા. ૨ હિંદના સમર્થવિજ્ઞાની મહેન્દ્રલાલ સરકારનો જન્મ, ૧૮૩૩.
તા. ૬ બ્રિટિશ લશ્કરે અમદાવાદ શહેર જીત્યું, ૧૮૧૭.
તા. ૮ રશિયાનો પહેલો બોલ્શેવિક બળવો શરૂ થયો, ૧૯૧૭.
તા. ૧૧ કથકલી નૃત્યના પુનરુદ્ધારક કેરલકોકિલ કવિ વલ્લાથોલ નારાયણ મેનનનો જન્મ, ૧૮૭૮.
તા. ૧૪ લંડનની વિખ્યાત વાયુસંદેશ સંસ્થા B. B. C. (બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કંપની)નો પહેલો દૈનિક કાર્યક્રમ શરૂ થયો, ૧૯૨૨.
તા. ૧૯ ઝાંસીની વીરાંગના રાણી લક્ષ્મીબાઇનો જન્મ, ૧૮૩૫.
તા. ૧૭ સુએઝની નહેર ખુલ્લી મુકાઈ, ૧૮૬૯.
તા. ૨૨ જ્યૉર્જ ઇલિયટના નામથી પ્રતિભાયુક્ત નવલો લખનાર અંગ્રેજ વિદુષી મૅરિઆન ઈવાન્સનો જન્મ, ૧૮૧૯.
તા. ૨૫ ચિન્સુરાની લડાઈમાં અંગ્રેજ સેનાપતિ ફોર્ડે વલંદાઓ (ડચ)ને છેલ્લી હાર આપી હિંદમાંથી તેમનો પગ ઉખેડી નાખ્યો, ૧૭૫૯.
તા. ૨૮ બ્રાહ્મી વિગ્રહમાં બ્રિટિશ લશ્કરે માંડલે જીત્યું, ૧૮૮૫.
તા. ૩૦ બીજા વિશ્વયુદ્ધની ખતરનાક આફતમાંથી ઇંગ્લંડને તારી લેનાર બ્રિટિશ મુત્સદ્દી વિન્સ્ટન ચર્ચિલનો જન્મ, ૧૮૭૪.

આ માસની વ્યક્તિવિશેષ

સમ્રાટ અકબર



હિંદનાં ઇતિહાસપૃષ્ઠો પર પોતાની મહત્તાની ઉજ્જ્વલ છાપ મૂકી જનાર ચક્રવર્તી રાજવીઓની યાદ ફરી તાજી કરાવી જનાર અને હિંદમાં પરાયા રહેલા ઈસ્લામને હિંદની ધરતીમાં રોપી સમભાવ-નીતિથી મુઘલ મહારાજ્યના ઊંડા પાયા નાખનાર જલાલુદ્દીન મુહમ્મદ અકબરનો જન્મ, ભટકતા ફરતા હુમાયૂની બેગમ હમીદાની કૂખે ઉમરકોટ (સિંધ)માં ઈ. ૧૫૪૨ની ૨૩મી નવેમ્બરે થયો હતો. ઇ. ૧૫૫૬માં ચૌદમે વર્ષે એ ગાદીએ આવ્યો ત્યારે રાજ્ય છિન્નભિન્ન હતું અને તેને પોતાના વાલી, તુર્કમાન અમીર બહેરામખાંના અંગૂઠા નીચે દબાએલા રહેવું પડતું. એ સ્થિતિને ચાર વર્ષમાં ફગાવી દઇ ૧૫૬૦માં તેણે સર્વ સત્તા પોતાને હાથ લીધી. પહેલાં સાત વર્ષ સતત યુદ્ધોમાં ગાળીને તેણે પંજાબ, દિલ્હી ને આગ્રામાં રાજ્યસત્તાના પાયા પાકા કરી દીધા. પછી ૧૫૬૭માં અજમેર, બીજાં ૩ વરસમાં આઉધ તથા ગ્વાલિયર અને ૧૫૭૨માં ગુજરાત જીત્યાં દરમ્યાન એના સરદારોએ બંગાળ અને ઓરિસ્સા જીતી લીધાં અને ૧૫૯૪માં કાબુલ, કંદહાર, કાશ્મીર ને સિંધ સર કરી, અગાઉ કોઇએ કદિ નહિ જીતેલા એટલા વિશાળ ઉત્તર હિંદનો એ સ્વામી થયો.

એનાં સાહસ ધૈર્ય અને તાકાત અજોડ હતાં, અને પોતે નિરક્ષર છતાં 'અભણ વિદ્વાન' તરીકે પંકાતો એવી તેજસ્વી એની બુદ્ધિ હતી. જેવો મહાન એ વિજેતા હતો તેવી જ અદ્ભુત એની વહીવટી શક્તિ હતી. નવરત્નોને નામે જાણીતા એના પ્રધાનોમાં બુદ્ધિધન બિરબલ, તેના રાજ્યકાળની તવારીખ લખનાર પંડિત અબુફઝલ, અને સુંદર મહેસુલી પદ્ધતિના સ્થાપક રાજા ટોડરમલ્લ ખ્યાત છે.

ઉદાર શાસન, પ્રજાવત્સલતા, સાહિત્યકલાનું પોષણ, સર્વધર્મ-સમભાવ આદિ ગુણોથી હિંદના પ્રાચીન રાજવીઓનો સમકક્ષ બની રહેનાર આ સમ્રાટ ઈ. ૧૬૦૫ની ૨૭મી ઑક્ટોબરે મરણ પામ્યો.

શિખરિણી

વિરામી ઝંખે શું યુગપથિક કો દી' ઘરદીવા ?
ચહે આપત્તિમાં કુશળ નિજનું શું મરજીવા ?

પ્રેમશંકર ભટ્ટ

ન્યાયમૂર્તિ રાનડે રામશાસ્ત્રી રાજ્ય તરફથી દક્ષિણા વહેંચતા. એક વખત બીજા બ્રાહ્મણો સાથે રામશાસ્ત્રીના મોટા ભાઈ દક્ષિણા લેવા આવેલા. તેમને જોઇ, પાસે બેઠેલા નાના ફડનવિસે કહ્યું, 'શાસ્ત્રીજી, આપના આ મોટા ભાઇને વીસ રૂપિયા આપજો.' રામશાસ્ત્રીએ તરત જવાબ આપ્યો: 'એ કાંઈ ખાસ વિદ્વાન નથી કે તેમને વધારે આપું. ભાઇ તરીકે મારે કાંઈ આપવાની જરૂર જણાશે તો ખાનગી રીતે મારા હિસાબમાંથી આપીશ. પણ અહીં તો પક્ષપાત ન જ થવો જોઇએ.'

કહેવતોના અર્થ: 'મૂળમાં ગાદી નહિ ને સાસરે સંદેશો.' કોઈ વાતનું પગરણ સરખું યે ન હોવા છતાં કેવળ કલ્પનાથી ફુલાઇ જઇને ખોટા ખ્યાલો બાંધવાની અને તેને માટે ધમાધમ કરી મૂકવાની મૂર્ખાઇ કરનારાઓ માટે વપરાતી આ કહેવતને મળતી એક કહેવત તો બહુ જાણીતી છે: 'ભેંશ ભાગોળે, છાશ છાગોળે ને ઘેર ધમાધમ.' (અંક ૨૨૭). એવી જ બીજી કહેવતો: પરણ્યા પહેલાં અ-ધરણી; ગામમાં પેસવાનાં સાંસાં ને પટેલને ઘેર ઊનાં પાણી; ઘઉં ખેતમેં, બચ્ચા પેટમેં ને વસંતપંચમીનાં લગન લીધાં; વગેરે.

ગણિતગમ્મત: $૩\frac{૧}{૩}$, $૧\frac{૩}{૭}$, $૧\frac{૨૧}{૭૯}$ અને $૧\frac{૧૬૫૯}{૮૩૪૧}$ એ ચાર સંખ્યાઓ એવી છે કે પહેલી બેનો સરવાળો ને ગુણાકાર સરખા થશે, પહેલી ત્રણનો સરવાળો ને ગુણાકાર સરખા થશે, અને એ ચારેયનો સરવાળો ને ગુણાકાર પણ સરખા થશે. એટલું જ નહિ, પણ એ છેલ્લે આવતી $૭\frac{૩૧૩૫૯૬૭}{૧૩૮૩૭૭૧૯}$ રકમના પરિણામમાં $૧૦^{૮}$ આવશે. જુઓ. $૧૩૮૩૭૭૧૯ \times ૭ + ૩૧૩૫૯૬૭ = ૧૦૦૦૦૦૦૦૦$. (મ ના. ખત્રી)

અનેકાર્થી શબ્દ: **ચોકી**=રખેવાળી, પહેરો; તપાસ કે સંભાળ; રખેવાળનું સ્થાન-'ગેટ'; જકાત વગેરે માટેનું નાકું; એક જાતનું ઘરેણું; નાનો બાજઠ. મિઠાઈ બનાવવાનું મોટું સાધન

હૉટેલવાળો (ગ્રાહકને હૉટેલના ચમચા ગજવામાં કાઢ્યાલ કરતો જોઇ): અઈ ! એ શું કરો છો ?

ગ્રાહક: ભાઇ, એ તો ભૂલ થઇ ગઈ !

હૉટેલવાળો: શું ભૂલ થઈ ગઈ ?

ગ્રાહક: મેં ચમચાને નિકલના નહિ, પણ ચાંદીના ધારેલા !




પ્રતાપી ગુપ્ત સમ્રાટ્ સમુદ્રગુપ્તે (જુઓ ગયો અંક) અનેકવિધ પ્રકારના સિક્કાઓ કાઢેલા. તેમાં તેની પોતાની વીણાધારી છાપના સિક્કા આલેખનકળા ને કારીગરીમાં શ્રેષ્ઠ ગણાય છે તેમાં એક બાજુએ, ઊંચી પીઠવાળી બેઠક પર આસન જમાવી રાજા વીણા વગાડતો બેઠેલો છે. તેના પગ આગળ પડેલા બાજઠ ઉપર 'સી' અને આજુબાજુ 'મહારાજાધિરાજ શ્રી સમુદ્રગુપ્ત:' એવું લખેલું છે; અને બીજી બાજુ પાટી ભરેલી માચી ઉપર લક્ષ્મી, જમણા હાથમાં પાશ અને ડાબા હાથમાં અક્ષયપાત્ર ધરી બેઠાં છે, ને પીઠ પાછળ 'સમુદ્રગુપ્ત:' એમ લખેલું છે.

હિંદમાં નાણાંનો દુકાળ કદિ નથી પડેલો. અંગ્રેજોના આગમન વખતે અહીં ૧૩૯ પ્રકારની 'સોનામહોરો', ૬૧ પ્રકારના સોનાના 'હોન' (જે દક્ષિણ ભારતમાં વપરાતા, અને 'પેગોડા' નામથી પણ ઓળખાતા), ૫૮૦ પ્રકારના ચાંદીના રૂપિયા અને ૨૧૪ પ્રકારના પરદેશી સિક્કા પ્રચલિત હતા.

પશ્ચિમમાં યુદ્ધવીરોની સ્મારક પ્રતિમાઓ રચવામાં અત્યાર સુધી એવી પ્રણાલિકા ચાલી આવેલી છે કે જો તે વીરનું મૃત્યુ 'સામાન્ય રીતે' થયું હોય તો તેના સ્મારકના વાહન અશ્વના ચારે પગ સરખા રખાય, જો તે યુદ્ધ દરમ્યાન મૃત્યુ પામે તો તેના અશ્વનો એક પગ અદ્ધર રખાય અને જો તે યુદ્ધ દરમ્યાન ઝપાઝપીમાં ખપી ગયો હોય તો તેના અશ્વના બે પગ અદ્ધર રખાય.

પરંતુ હવે તો યુદ્ધમાં અશ્વનું સ્થાન મોટર કે ટૅંકે લીધેલું હોઈ હવે પછીના યુદ્ધવીરના સ્મારકોની પ્રતિમાઓમાં શું થશે ?

આપણા દેશમાં દર એકરે ૮૦ રતલ કપાસ થાય છે, જ્યારે મિસરમાં એથી અઢીગણો. આપણા દેશમાં દર એકરે ૧ ટન ગોળ પેદા થાય છે, જ્યારે જાવામાં એથી પાંચગણી ખાંડ; આપણે ત્યાં એકર દીઠ ૮ હંડ્રેવેટ ચોખા થાય છે જ્યારે સ્પેનમાં ૩૩ હંડ્રેવેટ.



કૅમેરાની ધમણમાં પડેલાં બારીક છિદ્રો શોધી કાઢવા માટે લેન્સ કાઢી નાખી, શટરને 'ટાઈમ' પર મૂકી, તેમાં સીગારેટનો પુષ્કળ ધુમાડો ફૂંકો, ને પછી શટરને આંગળીથી બંધ કરી ધમણને દબાવો, એટલે જ્યાં ક્યાંય છિદ્ર હશે ત્યાંથી ધુમાડો બહાર નીકળશે.

યુદ્ધ પૂરૂં થયા પહેલાં જ અમેરિકામાં યુદ્ધોત્તર વેપારના વિકાસ માટે જે પ્રયત્નો થઇ રહ્યા છે તેનો એ પરથી ખ્યાલ આવશે, કે ૧૯૪૪ની ૩૦મી જૂને પૂરા થતા વર્ષ દરમ્યાન જુદાજુદા પેટન્ટોના નકશાની ૫૦ લાખ છાપેલી નકલો વેચાઇ હતી.

અમેરિકામાં પેટન્ટો નોંધવાની શરૂઆત ઈ. ૧૭૯૦થી થઈ, ત્યારથી આજ સુધીમાં ત્યાં બધાં મળીને ૨૩,૬૨,૯૬૩ નવી શોધોનાં પેટન્ટ નોંધાયાં છે

ઑટોગ્રાફ નામનું આપમેળે નકશા દોરનારૂં એક એવું નવું મશીન શોધાયું છે જે, મોટરમાં મૂકીને મોટર હંકારવી શરૂ થાય કે તરત પોતાનું કામ શરૂ કરે છે, અને મારતી મોટરે પણ એ રસ્તાનો આબેહૂબ નકશો દોરતું જાય છે.

દુનિયાનાં ઢોરની જાતના સૌથી મોટા કદનાં ને સૌથી નાના કદનાં ઢોર બંને હજી જંગલી દશામાં છે. ઈસ્ટ ઇન્ડીઝ ટાપુઓમાં થતા ૭ ફૂટ ઊંચાઈના 'ગૌર' અને સેલિબિસ ટાપુ (બોર્નિયો પાસે)માં થતાં માંડ ત્રણેક ફૂટ ઊંચાઇનાં 'આનોઆ' આનાં ઉદાહરણ છે.

પૃથ્વીની સૌથી ગરમ વસ્તુ જ્વાળામુખીનો લાવા ગણાય છે; જેનું ઉષ્ણતામાન ૩૦૦૦ અંશ હોય છે.




સાધુ હરિદાસ પોતાની જીભ લંબાવીને છેક પોતાને કપાળે અડાડી શકતો.







જેમનો પરિચય આ અંકમાં પૃ. ૨૫૯ ઉપર આપ્યો છે તે
કલાકાર શ્રી કે. કે. હેબ્બરનાં ત્રણ લાક્ષણિક ચિત્રો
ઉપર ડાબી બાજુ : ઉત્સવ સમયનું નૃત્ય; જમણી બાજુ: ગો-સેવા; નીચે–વિદાય (જેલમાં થએલા શ્રી કસ્તુરબા ગાંધીના અવસાન-પ્રસંગનું કલ્પનાચિત્ર)



ફુવારાની સેરો : ફોટો · મફતલાલ દુધિયા